એક્સપ્રેસ વર્ષ-15 । અંક-107 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ Ahmedabad RNI No.GUJGUJ/2011/40654



“ માનસિક સ્વાસ્થ્ય એ આપણા એકંદર કલ્યાણનો મૂળભૂત હિસ્સો છે. ચાલો આપણે સામૂહિક રીતે એવું વાતાવરણ બનાવવા માટે કામ કરીએ જ્યાં માનસિક સ્વાસ્થ્ય વિશેની વાતચીત વધુ મુખ્ય પ્રવાહમાં આવે . ”

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય પ્રધાનમંત્રી

स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
MINISTRY OF HEALTH AND FAMILY WELFARE

Tele MANAS 14416

# ટેલી માનસ

## ભારતનો રાષ્ટ્રીય ટેલી માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારની એક પહેલ

## શું તમે માનસિક સ્વાસ્થ્ય સંબંધી કોઈ સમસ્યાનો સામનો કરી રહ્યા છો?

**ટેલી માનસ દ્વારા ગમે ત્યારે, ગમે ત્યાં સહાય મેળવો.**
**સમગ્ર ભારતમાં 20+ ભાષાઓમાં, 24/7 ઉપલબ્ધ**

## આમાંની કોઈપણ ચિંતા માટે અમને ફોન કરો

- ઉદાસી, ચિંતા અથવા તણાવ અનુભવવો
- ઊંઘની સમસ્યાઓ
- પરીક્ષાનો તણાવ
- પારિવારિક સમસ્યાઓ
- આત્મહત્યાના વિચારો
- નશાને લગતી સમસ્યાઓ
- સંબંધોની સમસ્યાઓ
- યાદશક્તિની સમસ્યાઓ
- આર્થિક તણાવ અથવા અન્ય કોઈપણ માનસિક સ્વાસ્થ્યની ચિંતા/સમસ્યાઓ

“ છેલ્લા 3 વર્ષમાં, અમે 30 લાખથી વધુ કોલ્સ દ્વારા મદદ કરી છે ”

ટેલી માનસ એપ ડાઉનલોડ કરો અને સ્વ-સહાય સામગ્રી તેમજ વેલનેસ પ્રેક્ટિસ મોડ્યુલ્સનો લાભ લો



CBC 17193/13/0006/2526

## ટેલી માનસ પર કોલ કરો

24/7

# 14416

**ટોલ-ફ્રી નંબર**

- 10 પ્રાદેશિક ભાષાઓ + અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ
- દિવ્યાંગ વપરાશકર્તાઓ માટે એક્સેસિબિલિટી સુવિધાઓ
- અસ્મિને મળો - પ્રશ્નો, સંસાધનો અને જોડાણ માટે તમારી ચેટબોટ

અહીં સ્કેન કરો

ટેલી માનસ વિશે વધુ જાણવા અને એપ ડાઉનલોડ કરવા માટે

### આ પહેલાં શાહરુખના શરીરમાંથી 21 લાખનું સોનું મળ્યું હતું : આ અન્ડરવેર સોનાનું છે, નીકળ્યું 45 લાખનું સોનું

# અમદાવાદમાં શાહરુખ બાદ ફખરુદ્દીનના પેટમાંથી સોનું નીકળ્યું સિવિલમાં તબીબોએ ટોઈલેટ કરાવતાં 37 ગ્રામ વજનની ગોલ્ડની 3 કેપ્સ્યૂલ નીકળી


અમદાવાદ | અમદાવાદ એરપોર્ટ પરથી અવરજવર કરી રહેલા વધુ એક પેસેન્જરના પેટમાં છુપાવેલું સોનું મળ્યું છે. અબુધાબીથી અમદાવાદ એર અરેબિયાની ફ્લાઈટમાં આવેલા યુપીના એક મુસાફરની પૂછપરછ અને તલાશી લેતાં તેણે પોતાના પેટમાં સોનાની કેપ્સૂલ છુપાવી હોવાની કબૂલાત કરી હતી. ત્યાર બાદ કોર્ટના આદેશથી સિવિલ મોકલાયો હતો. જ્યાં મળમાંથી 5 લાખની કિંમતની 37 ગ્રામની ગોલ્ડની ત્રણ કેપ્સૂલ મળી હતી.

મહત્વનું છે કે અમદાવાદ એરપોર્ટ પર એક જ મોડસઓપરેન્ડીથી શરીરમાં સોનું છુપાવી લાવવાની અઠવાડિયામાં આ બીજી ઘટના છે. આ પહેલાં 19 ફેબ્રુઆરીએ એક પેસેન્જરના પેટમાંથી 21 લાખ રૂપિયાનું સોનું મળ્યું હતું. આ અગાઉ યુગાન્ડાની મહિલાના શરીરમાં છુપાવેલી હેરોઈન ભરેલી 79 કેપ્સ્યૂલ કબજે કરાઈ હતી. આ કેસમાં તાજેતરમાં જ કોર્ટ દ્વારા મહિલા આરોપીને વીસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ત્યાં વળી આવા બીજા બે કેસ કસ્ટમ વિભાગના અધિકારીઓએ પકડી પાડ્યા છે.

અમદાવાદ કસ્ટમ્સના AIU અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે ભારતીય પાસપોર્ટ ધરાવતા ફખરુદ્દીન નામના એક પુરુષ પેસેન્જરને 19.02.2026 ના રોજ એર અરેબિયા ફ્લાઈટમાં અબુ ધાબીથી અમદાવાદ આવી રહેલા પેસેન્જરને અટકાવ્યો હતો. તેની પૂછપરછમાં પેસેન્જરે કબૂલ્યું છે કે તેણે ગળીને તેના શરીરમાં ધાતુ/નિષેધાત્મક વસ્તુઓ છુપાવી હતી. ત્યાર બાદ 19 ફેબ્રુઆરીના રોજ અમદાવાદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, મુસાફરને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જેથી તેના શરીરમાં છુપાયેલા પદાર્થો શોધી શકાય. હોસ્પિટલમાં પેસેન્જર દ્વારા મળ પસાર કરતી વખતે સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ડૉક્ટરને પેક્સમાં 3 ત્રણ આકાર વગરના સોનાના બાર છુપાવેલા જોવા મળ્યા હતા. સિવિલ હોસ્પિટલ, અમદાવાદે ગઈકાલ 24મી ફેબ્રુઆરીના રોજ મેડિકલ રિપોર્ટ દ્વારા ઉપરોક્ત છુપાવેલા માલની માહિતી આપી અને પેસેન્જરને ડિસ્ચાર્જ કર્યો હતો.

ત્યાર બાદ કસ્ટમ્સ અધિકારીઓએ આ સોનાના બાર અંગે સરકારી મૂલ્યાંકનકાર પાસે મૂલ્ય કઢાવ્યું હતું, જેમાં સરકારી મૂલ્યાંકનકારે ઉપરોક્ત છુપાવેલા માલનું મૂલ્યાંકન કરીને ગઈકાલે 24મી ફેબ્રુઆરીના રોજ પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, જેમાં પ્રમાણિત કરવામાં આવ્યું હતું કે ત્રણ આકાર વગરના સોનાના બાર 37.180 ગ્રામ વજનનું સોનું છે, જે શુદ્ધતા 821.0/ 19.71 કેરેટનું છે, જેની બજાર કિંમત રૂ. 5,01,827 અને ટેરિફ મૂલ્ય રૂ. 4,55,569 થાય છે, તેથી કસ્ટમ્સ એક્ટ- 1962ની જોગવાઈઓ હેઠળ એને જપ્ત કરવામાં આવ્યું હતું અને તેની સામે કસ્ટમ્સને જાહેર કર્યા વિના શરીરમાં છુપાવીને ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા અંગેનો કેસ કરીને વધુ તપાસ ચલાવી રહી છે. આ અગાઉ અબુધાબીથી અમદાવાદ આવેલા શાહરુખ નામના પેસેન્જર પાસેથી પણ 21 લાખથી વધુ કિંમતની ત્રણ સોનાની કેપ્સૂલ ઉપરાંત ગોળાકાર કેપ્સૂલ ફેરસ ધાતુની બનેલી હોવાનું જાણવા મળ્યું હતું. એ પણ આ જ રીતે શરીરમાં છુપાવીને લાવ્યો હતો. તેને પણ સિવિલ હોસ્પિટલમાં જ દાખલ કરીને પેક્સ દ્વારા મળ પસાર કરાવીને માલમતા કબજે કરી હતી.

9 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે દુબઈથી આવેલા એક શખસ પાસેથી કુલ 96 લાખ રૂપિયાનું સોનું ઝડપ્યું હતું. આ શખસે દાણચોરી માટે ચાલાકીપૂર્વક તેના અન્ડરવેરમાં 45 લાખની કિંમતનું સોનું પેસ્ટ સ્વરૂપે છુપાવ્યું હતું, જે જોતાં પહેલી નજરે સામાન્ય કાપડ જેવું જ દેખાતું હતું,



**આ અન્ડરવેર સોનાનું છે, નીકળ્યું 45 લાખનું સોનું**

9 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે દુબઈથી આવેલા એક શખસ પાસેથી કુલ 96 લાખ રૂપિયાનું સોનું ઝડપ્યું હતું. આ શખસે દાણચોરી માટે ચાલાકીપૂર્વક તેના અન્ડરવેરમાં 45 લાખની કિંમતનું સોનું પેસ્ટ સ્વરૂપે છુપાવ્યું હતું. જે જોતાં પહેલી નજરે સામાન્ય કાપડ જેવું જ દેખાતું હતું, પરંતુ કસ્ટમ્સ વિભાગને એરપોર્ટ પર શખસની શંકાસ્પદ હિલચાલના આધારે તેની તપાસ કરતાં આ અનોખી મોડસઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો અને અધિકારીઓ પણ સોનાને છુપાવવાની આ પદ્ધતિ અને સંપૂર્ણ સોનાનું અંડરવેર જોઈને દંગ રહી ગયા હતા

## ડેડીયાપાડામાં આદિવાસી ગૌરવ અભિવાદન સમારોહ, 1000થી વધુ કાર્યકરો ભાજપામાં જોડાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ડેડીયાપાડા ખાતે આદિવાસી ગૌરવ અભિવાદન સમારોહ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ઉત્સાહભેર યોજાયો. સમારોહ પૂર્વે નીકળેલી ભવ્ય રેલીમાં આદિવાસી સમાજના નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા અને સમગ્ર વિસ્તાર કેસરિયા માહોલથી ગુંજી ઉઠ્યો. કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના 1000થી વધુ કાર્યકર્તાઓએ કેસરિયો ખેસ ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કર્યો. નાયબ મુખ્યમંત્રીશ્રીએ નવા જોડાયેલા આગેવાનોનું સ્વાગત કરતા જણાવ્યું કે, "આદિવાસી સમાજ અને ભાજપા એક સિક્કાની બે બાજુ સમાન છે."

## તાપીની ધરતીથી ગાંધીનગરના વસંતોત્સવ સુધી: સુશીલાબેન કોકણીની આત્મનિર્ભરતાની પ્રેરક ગાથા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરમાં આયોજિત "વસંતોત્સવ" માત્ર ઉત્સવ નહીં, પરંતુ ગ્રામિણ કસબીઓ અને મહિલા ઉદ્યોગસાહસિકોના સંકલ્પનો ઉત્સવ સાબિત થયો છે. ગુજરાતના તાપી જિલ્લાના ડોલવણ તાલુકાની વતની આદિવાસી મહિલા સુશીલાબેન કોકણી આજે પ્રાકૃતિક ખેતી અને મિલેટ આધારિત આહાર દ્વારા આત્મનિર્ભરતાનું સશક્ત મોડેલ ઉભું કરી પ્રેરણાસ્ત્રોત બની છે. "નાહારી સખી મંડળ" નામના ગૃહ ઉદ્યોગ હેઠળ બાર સખીઓ સાથે મળીને તેમણે સ્વદેશી અને ઝેરમુક્ત ઉત્પાદનોનું ઉત્પાદન શરૂ કર્યું છે.

## પચ્છેગામમાં શ્રી મુરલીધરજી મંદિર પ્રવેશોત્સવે ભક્તિનો મહાસંગમ, મુખ્યમંત્રી ઉપસ્થિત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વલ્લભીપુર તાલુકાના પચ્છેગામ ખાતે ભવ્યાતિભવ્ય નવનિર્મિત શ્રી મુરલીધરજી મંદિર, પચ્છેગામના 'નિજ મંદિર પ્રવેશોત્સવ' નિમિત્તે આયોજિત 'શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ' અને ૫૫૧ કુંડી મહાવિષ્ણુ યજ્ઞમાં ભક્તિનો અલૌકિક મહાસંગમ સર્જાયો. આ પાવન પ્રસંગે ભુપેન્દ્રભાઈ પટેલ અને જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શ્રી મુરલીધરજીના ચરણોમાં સૌની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી આશીર્વાદ મેળવ્યા. પ્રસંગ દરમિયાન પૂજ્ય લાલબાપુના દર્શન સાથે પરમ પૂજ્ય રમેશભાઈ ઓઝાના પાવન મુખેથી વહેતી કથામૃતની સરવાણીનો ભક્તોએ ભાવપૂર્વક આનંદ માણ્યો.

## 'સુજલામ સુફલામ'ના ૮ વર્ષ: જળસંચય જનભાગીદારી ૨.૦ બન્યું ગુજરાતની જળ ક્રાંતિનું માઈલસ્ટોન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

"જળ છે તો જીવન છે"ના સંકલ્પ સાથે શરૂ થયેલું સુજલામ સુફલામ જળ અભિયાન આજે ગુજરાતની જળ સંચય ક્રાંતિનું પ્રતિક બની ગયું છે. ૨૦૧૮માં ૧૮,૫૧૫ કામોથી ૧૩,૫૦૦ લાખ ઘનફૂટ જળસંગ્રહથી શરૂઆત કરનાર આ અભિયાનએ ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં કુલ ૧,૩૯,૯૫૯ લાખ ઘનફૂટ જળસંગ્રહની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. છેલ્લા આઠ વર્ષમાં ૩૯,૫૪૨ તળાવો ઊંડા કરાયા, ૮૨,૨૪૦ કિ.મી. નહેરોની સફાઈ થઈ અને ૨૬,૫૪૪ ચેકડેમ ડી-સિલ્ટિંગ કામો પૂર્ણ થયા. જળસ્તર ઊંચું લાવવા હજારો રિચાર્જ સ્ટ્રક્ચર ઉભા કરાયા.

## વીર સાવરકરની પુણ્યતિથિએ અમદાવાદમાં શ્રદ્ધાંજલિ, દેશભક્તિના સંદેશને નમન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહાન ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકરની પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. શહેરના મેયર પ્રતિભાબેન જૈનએ પુષ્પાંજલિ અર્પણ કરી વીર સાવરકરને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી. કાર્યક્રમમાં સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય અમિતભાઈ શાહ, ડેપ્યુટી મેયર જતિન પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા. ઉપસ્થિત મહાનુભાવોએ સાવરકરના રાષ્ટ્રપ્રેમ, ત્યાગ અને અડગ સંકલ્પને યાદ કરી નવી પેઢીને તેમના વિચારોમાંથી પ્રેરણા લેવાની અપીલ કરી.

## સખી વન સ્ટોપ સેન્ટરની સતર્કતાથી વિખૂટા પડેલા પરિવારનું સુરક્ષિત મિલન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે આશ્રય અને સહારો પૂરું પાડતી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની 'વન સ્ટોપ સેન્ટર' યોજના અંતર્ગત કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગરએ માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ની મધ્યરાત્રિએ 181 અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા એક ૨૫ વર્ષની માનસિક રીતે અસ્વસ્થ મહિલા અને તેના એક વર્ષના બાળકને સેન્ટર ખાતે લાવવામાં આવ્યા. મહિલા પોતાનું સરનામું જણાવવામાં અસમર્થ હતી, જેના કારણે પરિવાર સુધી પહોંચવું મોટો પડકાર બન્યો.

## "પરીક્ષા એક ઉત્સવ છે, ડર નહીં" – રિવાબા જાડેજાએ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસનો સંદેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યભરમાં આજથી શરૂ થયેલી બોર્ડ પરીક્ષાઓ વચ્ચે શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ સેક્ટર-૨૩, કડી કેમ્પસ સ્થિત એમ. બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શુભેચ્છાઓ પાઠવી હતી. "પરીક્ષા એક ઉત્સવ છે, તેને આનંદ અને આત્મવિશ્વાસ સાથે ઉજવો," એમ કહી મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને ચિંતામુક્ત થઈ પેપર લખવા પ્રેર્યા. મંત્રીશ્રીએ પરીક્ષા કેન્દ્ર પર પહોંચી દરેક પરીક્ષાર્થીનું વ્યક્તિગત અભિવાદન કર્યું અને પુષ્પ, પેન તથા રાઈટિંગ પેડ આપી પ્રોત્સાહિત કર્યા.

## મહિલા અને બાળ કલ્યાણમાં રૂ. ૭,૬૯૦ કરોડની ઐતિહાસિક ફાળવણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સુપોષિત ભારત' વિઝનને વેગ આપવા અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માટે રૂ. ૭,૬૯૦ કરોડની જોગવાઈ જાહેર કરી છે. ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં મંત્રી મનીષા વકીલએ વિગતવાર માહિતી આપી.રાજ્યમાં ૨,૦૦૦ નવા આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ. ૩૬૦ કરોડ ફાળવાયા છે. 'ચાઈલ્ડ ફ્રેન્ડલી' કન્સેપ્ટ હેઠળ મોડ્યુલર ફર્નિચર, RO મશીન, LED સ્ક્રીન અને રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.

## ઉનાળુ બાજરીમાં રોગ-જીવાત નિયંત્રણ માટે રાજ્યની માર્ગદર્શિકા જાહેર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ઉનાળુ બાજરીના પાકને રોગ અને જીવાતથી સુરક્ષિત રાખવા રાજ્ય સરકારે સંકલિત નિયંત્રણ અંગે વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરી છે. ખેતી નિયામકશ્રીની કચેરી દ્વારા બહાર પાડાયેલી સૂચનાઓમાં પાકના પ્રારંભિક તબક્કાથી જ વૈજ્ઞાનિક અને પ્રતિરોધાત્મક પગલાં લેવા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે. માર્ગદર્શિકા મુજબ તંદુરસ્ત અને રોગમુક્ત બિયારણની પસંદગી સાથે રોગપ્રતિકારક જાતોનું વાવેતર કરવું જરૂરી છે. બાજરી સાથે મગનું ૨:૧ પ્રમાણમાં આંતરપાક લેતા સાંઠાની માખી અને ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઘટે છે.

## મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના: ગ્રામ્ય સ્વચ્છતા અને આરોગ્ય માટે રૂ. ૬૫૦ કરોડનો વ્યાપક અભિયાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અને જાહેર આરોગ્યના સ્તરને ગુણાત્મક રીતે ઉંચું લાવવા રાજ્ય સરકારે "મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના" અંતર્ગત રૂ. ૬૫૦ કરોડની જોગવાઈ સાથે વ્યાપક અમલ શરૂ કર્યો છે. હાલ ૧૨ જિલ્લાનાં ૨૧ તાલુકાનાં ૬૬૭ ગામોમાં યોજના કાર્યરત છે, જે ગ્રામ વિકાસ તરફનું દ્રઢ પગલું માનવામાં આવે છે. યોજનાના ભાગરૂપે ગ્રામ પંચાયતો દ્વારા ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ અને જાહેર સ્થળોની નિયમિત સફાઈ માટે નિર્ધારિત એજન્સીઓની નિમણૂક કરવામાં આવે છે. એકત્રિત કચરાને નિશ્ચિત ડમ્પિંગ સાઈટ સુધી પહોંચાડવાની વ્યવસ્થા તાલુકા સ્તરે સુનિશ્ચિત કરવામાં આવી છે.

## 'અટલવાડી યોજના'થી ગ્રામ્ય વિકાસને નવી દિશા, રૂ. ૬૦ કરોડની જોગવાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગ્રામ્ય સમાજજીવનને સશક્ત બનાવવાના હેતુસર રાજ્ય સરકારે 'અટલવાડી યોજના' અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૬૦ કરોડની બજેટ જોગવાઈ સાથે આ યોજના ગામસ્તરે સામૂહિક માળખાકીય સશક્તિકરણ તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહી છે. યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય કક્ષાએ સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમો માટે સુવિધાસભર અને વ્યવસ્થિત સ્થળ ઉપલબ્ધ કરાવવાનો છે. 'અટલવાડી' તરીકે વિકસાવાતું આ સ્થળ ગામજનો માટે એકતા, સંવાદ અને સંસ્કૃતિનું કેન્દ્ર બનશે, જ્યાં વિવિધ સમૂહ પ્રવૃત્તિઓ, બેઠકઓ અને સામાજિક કાર્યક્રમો આયોજિત થઈ શકશે.

## સરહદી વિસ્તારોમાં વીજ સુરક્ષા મજબૂત કરવા રૂ. ૧૦૦ કરોડનો નિર્ણય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં વીજ પુરવઠાને વધુ સુરક્ષિત અને અવિરત બનાવવા માટે સરકાર દ્વારા રૂ. ૧૦૦ કરોડની મહત્ત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કરીને કચ્છની સરહદ પર કઠોર હવામાન, વાવાઝોડા અને ખારાશભરી પરિસ્થિતિઓને કારણે ઓવરહેડ વીજ લાઈનો અને થાંભલાઓને વારંવાર નુકસાન પહોંચે છે, જેના પરિણામે સરહદ પર તૈનાત જવાનોને વીજ વિક્ષેપનો સામનો કરવો પડે છે. રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ આ પરિસ્થિતિ ગંભીર માનતા, સંવેદનશીલ બોર્ડર આઉટ પોસ્ટ્સ (BOPs) પર પરંપરાગત ઓવરહેડ નેટવર્કને બદલે નવીન ટેક્નોલોજી આધારિત એલીવેટેડ કેબલ નેટવર્ક સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## પોખરણમાં 'વાયુ શક્તિ-2026'નો ધડાકેદાર શક્તિ પ્રદર્શન, ભારતની અદમ્ય હવાઈ અને ભૂસેનાની તાકાત દુનિયા સમક્ષ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર પોસ્ટ: રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં આવેલા પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ફરી એકવાર દેશની સૈન્ય શક્તિનું કેન્દ્ર બન્યું છે. ઈન્ડિયન એરફોર્સ દ્વારા દ્વિવાર્ષિક મહાઅભ્યાસ *'વાયુ શક્તિ-2026'*ની ભવ્ય ફુલ ડ્રેસ રિહર્સલ યોજાઈ, જેમાં આકાશમાં ગાજતા લડાકુ વિમાનોની ગર્જનાએ સ્પષ્ટ સંદેશ આપ્યો – દેશની હવાઈ સરહદો સંપૂર્ણ સુરક્ષિત છે. આ અભ્યાસનો થીમ "Accurate, Invincible and Precise" રાખવામાં આવ્યો છે, જે આધુનિક યુદ્ધ કૌશલ્ય અને સ્વદેશી ટેકનોલોજી પર વધતા વિશ્વાસનું પ્રતિબિંબ છે. લાંબા અંતરની પ્રિસિઝન સ્ટ્રાઈક, દિવસ-રાત ઓપરેશન અને મલ્ટી-ડોમેન ક્ષમતાનો જીવંત પ્રદર્શન કરવામાં આવ્યો.

## બાવળા તાલુકા પંચાયત કચેરીમાં ભંગારનો ઢગલો: તંત્રની ઉદાસીનતા સામે જનરોષ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

બાવળા તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં મહિનાઓથી આગમાં બળેલો ભંગાર યથાવત્ પડ્યો રહેતાં અરજદારો અને સ્થાનિકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. આઈસીડીએસ વિભાગમાં લાગેલી આગ બાદ બળી ગયેલા કમ્પ્યુટર્સ, તિજોરીઓ અને મહત્વના દસ્તાવેજોના અવશેષો આજે પણ કચેરીના પટાંગણમાં જ રઝળી રહ્યા છે. સરકારી કચેરીનું પ્રાંગણ સ્વચ્છતા અને સુવ્યવસ્થાનું પ્રતિક હોવું જોઈએ, પરંતુ અહીં સ્થિતિ ભંગારવાડા જેવી બની ગઈ છે. રોજિંદા કામ માટે આવતા નાગરિકોને ગંદકી અને અવ્યવસ્થાનો સામનો કરવો પડે છે, જેના કારણે તંત્ર પ્રત્યે નારાજગી વધી રહી છે. વહીવટી ઢીલાશ અને બેદરકારીને કારણે કચેરીની છબી ખરડાઈ રહી હોવાની ચર્ચા ગરમાઈ છે.

## ગુજરાતમાં વહીવટી તબક્કે મહત્વના ફેરફારો: મુખ્ય ચૂંટણી અધિકારી પદે સંદીપ સાગલેની નિમણૂક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્ય સરકાર દ્વારા વહીવટી સ્તરે મહત્વપૂર્ણ બદલી-નિમણૂકો જાહેર કરવામાં આવી છે. વર્ષ 1999 બેચના આઈએએસ અધિકારી હરીત શુક્લાને સામાન્ય વહીવટ વિભાગ (ART & NRI)ના મુખ્ય સચિવ તરીકે પૂર્ણ સમય માટે નિમણૂક આપવામાં આવી છે. તેઓ અગાઉ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા હતા. હરીત શુક્લા આગામી આદેશ સુધી બંદરો અને પરિવહન વિભાગના મુખ્ય સચિવ તથા SPIPA, અમદાવાદના ડિરેક્ટર જનરલ તરીકે વધારાની જવાબદારી પણ સંભાળશે. આ તરફ, ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાની સૂચના અનુસંધાને વર્ષ 2007 બેચના આઈએએસ અધિકારી સંદીપ જનાર્દનપંત સાગલેને ગુજરાતના નવા મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## "ગુજરાત વાયર ફ્રી સિટી મિશન" માટે રૂ. ૫૦૦ કરોડની નવી જોગવાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના શહેરી વિસ્તારોમાં સુરક્ષિત અને વિક્ષેપરહિત વીજ પુરવઠા માટે "ગુજરાત વાયર ફ્રી સિટી મિશન" અંતર્ગત રૂ. ૫૦૦ કરોડની નવી જોગવાઈ જાહેર કરવામાં આવી છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં હાલના ઓવરહેડ વીજ નેટવર્કને તબક્કાવાર ભૂમિગત કેબલ નેટવર્કમાં પરિવર્તિત કરવામાં આવશે. વધતી વીજ માંગ અને ઝડપી શહેરી વિકાસને ધ્યાનમાં રાખી, ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો સુનિશ્ચિત કરવાનો આ દ્રઢ નિર્ણય માનવામાં આવે છે. આ પહેલથી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, પાણી પુરવઠા, બસ સ્ટેશન અને પોલીસ સ્ટેશન જેવી આવશ્યક સેવાઓને વિશ્વસનીય અને અવિરત વીજ સપ્લાય મળશે.

## સાણંદ GIDCમાં પ્રીમિયમ હોટલ માટે 5 એકર પ્લોટની હરાજી પૂર્ણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સાણંદ GIDCની સાણંદ-2 ઔદ્યોગિક વસાહતમાં પ્રીમિયમ હોટલ નિર્માણ માટે અનામત રાખવામાં આવેલ અંદાજિત 20,168 ચોરસ મીટર (લગભગ 5 એકર) પ્લોટની ઈ-હરાજી સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. 22 ડિસેમ્બર 2025ના રોજ પૂર્ણ થયેલી હરાજીમાં ઉચ્ચતમ બીડ કરનાર ડેવલપરને નિયમો મુજબ પ્લોટ ફાળવાયો છે. નિર્માણકાર્ય શરૂ કરવા માટે ચાર વર્ષનો મોરિટોરિયમ સમય આપવામાં આવ્યો છે. 3 થી 5 સ્ટાર શ્રેણીની હોટલ ઊભી થવાથી ઔદ્યોગિક વિસ્તારમાં કાર્યરત નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓને ગુણવત્તાસભર રહેઠાણ અને આતિથ્ય સુવિધા મળશે. નજીકમાં એક ફાઈવ સ્ટાર હોટલનું નિર્માણ પણ પ્રગતિમાં છે.

## પ્રાકૃતિક ખેતીને વેગ: 35,829 ખેડૂતોને રૂ. 6.97 કરોડની સીધી સહાય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના વ્યાપને ગતિ આપવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 33 જિલ્લાનાં 35,829 ખેડૂતોને કુલ રૂ. 6.97 કરોડની પ્રોત્સાહક સહાય ડી.બી.ટી. મારફતે સીધી બેંક ખાતામાં જમા કરાવી. નેશનલ મિશન ઓફ નેચરલ ફાર્મિંગ અંતર્ગત ખરીફ અને રવી ઋતુ માટે એકર દીઠ રૂ. 2,000ની સહાય આપવામાં આવે છે. ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને રાજ્ય મંત્રી Ramesh Katara ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ "સિંગલ ક્લિક"થી સહાય વિતરણ કરી પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોને અભિનંદન પાઠવ્યા. રાજ્યમાં ત્રણ ગ્રામ પંચાયત દીઠ એક ક્લસ્ટર મુજબ 1015 ક્લસ્ટરમાં તાલીમ-માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

## રૂ. ૪,૦૮,૦૫૩ કરોડનું બજેટ 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭'નો દૃઢ પાયો : જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૬-૨૭ના ઐતિહાસિક રૂ. ૪,૦૮,૦૫૩ કરોડના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમિયાન રાજ્ય સરકારના પ્રવક્તા અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ બજેટને "વિકસિત ગુજરાત @ ૨૦૪૭"નું દ્રષ્ટિદસ્તાવેજ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આ બજેટ સાડા છ કરોડ ગુજરાતીઓના સપનાઓને સાકાર કરવાનું શક્તિશાળી માધ્યમ છે. વાઘાણીએ દાવો કર્યો કે, નીતિ આયોગના 'ફિસ્કલ હેલ્થ ઈન્ડેક્સ-૨૦૨૫' મુજબ ગુજરાત નાણાકીય વ્યવસ્થાપનમાં 'Achiever' શ્રેણીમાં સ્થાન પામ્યું છે, જ્યારે પંજાબ, કેરળ અને પશ્ચિમ બંગાળ જેવી રાજ્યો છેલ્લી 'એસ્પિરેશનલ' શ્રેણીમાં છે. રાજ્યનો Debt-to-GSDP રેશિયો માત્ર ૧૮.૨ ટકા છે.

## ગુજરાત-લક્ઝમબર્ગ નાણાંકિય સહયોગને નવી દિશા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે લક્ઝમબર્ગના ગ્રાન્ડ ડચીના નાણાં મંત્રી Gilles Roth ગાંધીનગર આવ્યા હતા. બેઠકમાં ગ્રીન એનર્જી, ગ્રીન ફાઈનાન્સિંગ અને લોંગટર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પરસ્પર સહયોગ અંગે વિસ્તૃત ચર્ચા થઈ. લક્ઝમબર્ગ 115 બેંકો સાથે 8 ટ્રિલિયન યુરોના એસેટ મેનેજમેન્ટ અને 80થી વધુ દેશોમાં નાણાકીય સેવાઓમાં સશક્ત હાજરી ધરાવે છે. ગુજરાત સાથે નાણાંકિય સંબંધો વિસ્તારવવા તેમની ઉત્સુકતા વ્યક્ત થઈ. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત પ્રુડન્ટ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ ધરાવતું રાજ્ય છે અને ગ્રીન ગ્રોથમાં આગેવાની લેવા સજ્જ છે. ગ્રીન બોન્ડ્સ અને મ્યુનિસિપલ ફાઈનાન્સિંગ ક્ષેત્રે લક્ઝમબર્ગની તજજ્ઞતા રાજ્ય માટે ઉપયોગી બની શકે તે દિશામાં પરામર્શ થયો.

# News Brief

## અમદાવાદના 615મા સ્થાપના દિવસ નિમિત્તે માણેકબુર્જથી માણેકચોક સુધી હેરિટેજ વોક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | વિશ્વ વારસાગત શહેર અમદાવાદના 615મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી 'અસ્તિત્વનો ઉત્સવ 2.0' અંતર્ગત માણેકબુર્જથી માણેકચોક સુધી ભવ્ય હેરિટેજ વોક યોજાઈ. 'ધ દૂરબીન' સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમને શહેરના મેયર પ્રતિભાબેન જૈનએ પ્રસ્થાન કરાવ્યું. મેયરશ્રીએ જણાવ્યું કે અમદાવાદનું અસ્તિત્વ માત્ર ઐતિહાસિક ઈમારતોમાં નહીં, પરંતુ તેની જીવંત સંસ્કૃતિ, પરંપરા અને જીવનમૂલ્યોમાં વસેલું છે.

## સ્થાપના દિવસે ગુરુ માણેકનાથજીની સમાધિએ આરતી-પૂજન, માણેકચોકમાં ભક્તિમય માહોલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | વિશ્વ વારસાગત શહેર અમદાવાદના સ્થાપના દિવસ નિમિત્તે માણેકચોક સ્થિત ગુરુ માણેકનાથજીની પવિત્ર સમાધિ પર પરંપરાગત આરતી અને પૂજા-અર્ચનાનો ભક્તિમય કાર્યક્રમ યોજાયો. શહેરના મેયર પ્રતિભાબેન જૈન, ડેપ્યુટી મેયર જતિન પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા. નગરચર્યા દરમિયાન મા ભદ્રકાળી માતાજીનો રથ માણેકચોક ખાતે પહોંચતા જ પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટ સહિતના મહાનુભાવો દ્વારા ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું, જેના કારણે સમગ્ર વિસ્તાર ભક્તિભાવથી ઓતપ્રોત બની ગયો. અમદાવાદની સ્થાપનાગાથામાં ગુરુ માણેકનાથજીનું વિશેષ સ્થાન છે.

## યાત્રાધામોને 'ગ્રીન' અને વીજ સલામત ઝોન બનાવવા રૂ. ૧૦૦ કરોડની મહાયોજના

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | રાજ્ય સરકાર દ્વારા અગ્રણી યાત્રાધામોના વિસ્તારોને ગ્રીન અને વીજ સલામત ઝોનમાં રૂપાંતરિત કરવા રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ સાથે મહત્ત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી છે. યાત્રાધામોમાં સતત, ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા સાથે વીજ સુરક્ષાનું સ્તર ઊંચું લાવવા અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહિત કરવાનો મુખ્ય હેતુ છે. આ યોજનામાં અંડરગ્રાઉન્ડ કેબલિંગ, સુવ્યવસ્થિત વિતરણ પ્રણાલી, ટ્રાન્સફોર્મર અપગ્રેડ અને આધુનિક મેન્ટેનન્સ વ્યવસ્થા દ્વારા વીજ માળખાનું આધુનિકરણ કરવામાં આવશે. સાથે જ સરકારી તથા સ્થાનિક સત્તાધિકારીઓની ઈમારતો પર મહત્તમ 500 કિલોવોટ ક્ષમતા સુધીના રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન માટે રાજ્ય સબસિડી સહાય આપવામાં આવશે.

## ગાંધીનગર મહાનગરપાલિકાનો કરદાતાઓને રાહતનો મોટો નિર્ણય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગાંધીનગર શહેરના કરદાતાઓ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મહત્ત્વપૂર્ણ રાહત યોજના જાહેર કરવામાં આવી છે. 1 માર્ચથી 31 માર્ચ, 2026 દરમિયાન બાકી રહેલો મિલકત કર એકમુષ્ટ ભરનાર મિલકતધારકોને વ્યાજમાં ખાસ છૂટ આપવામાં આવશે. રહેણાંક મિલકત માટે 100 ટકા વ્યાજ માફી જ્યારે બિન-રહેણાંક મિલકત માટે 50 ટકા વ્યાજ માફીનો લાભ મળશે. નોંધનીય છે કે આ રાહત નાણાકીય વર્ષ 2025-26ના વર્તમાન વેરા પર લાગુ નહીં પડે. મેયર મીરાબેન પટેલએ નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું કે વર્ષોથી બાકી રહેલા મિલકતકરના વ્યાજનો બોજ ઘટાડવા માટે મહાનગરપાલિકાએ આ વિશેષ તક આપી છે. નાગરિકો સમયમર્યાદામાં બાકી કર ચૂકવી આ લાભ મેળવે અને શહેરના વિકાસમાં સહભાગી બને, તેવી તેમણે અપીલ કરી.

## પર્યાવરણ સંરક્ષણ માટે ગાંધીનગરમાં 'વૈદિક હોળી'ની અનોખી પહેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | હોળીના પર્વે પરંપરા અને પર્યાવરણ વચ્ચે સંતુલન સાધવા ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરવ્યાપી 'વૈદિક હોળી' અભિયાન શરૂ કર્યું છે. શહેરના ૧૧ વોર્ડમાં અંદાજિત ૨૭૦થી વધુ 'વૈદિક હોળી કીટ'નું વિતરણ કરવામાં આવશે, જેમાં દરેક કાઉન્સિલર પોતાના વિસ્તારમાં નાગરિકોને પર્યાવરણલક્ષી કીટ ઉપલબ્ધ કરાવશે. લાકડાના વધતા ઉપયોગને નિયંત્રિત કરી પ્રદૂષણ ઘટાડવાના હેતુથી તૈયાર કરાયેલી આ કીટમાં ૨૦૦ કિલો છાણા, સાત પ્રકારના પવિત્ર ધાન્ય, ગાયનું શુદ્ધ ઘી, હવન સામગ્રી અને કપૂર જેવી વૈદિક સામગ્રીનો સમાવેશ થાય છે. આ પદ્ધતિથી હોળી પ્રગટાવવાથી પર્યાવરણને ઓછું નુકસાન થાય અને પરંપરાગત મૂલ્યોનું જતન થાય તેવો ઉદ્દેશ છે.

## સ્થાપના દિવસે મા ભદ્રકાળીની ભવ્ય નગરયાત્રા, અમદાવાદ ભક્તિમય રંગે રંગાયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | વિશ્વ વારસાગત શહેર અમદાવાદના 615મા સ્થાપના દિવસ નિમિત્તે નગરદેવી મા ભદ્રકાળીની ભવ્ય નગરયાત્રા વાજતે-ગાજતે નીકળી, જેના કારણે સમગ્ર શહેર ભક્તિ અને ઉત્સાહના માહોલથી ગુંજી ઉઠ્યું. નગરયાત્રામાં શહેરના મેયર પ્રતિભાબેન જૈન અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી સહિતના મહાનુભાવોએ હાજરી આપી મા ભદ્રકાળીને નગરજનોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ | અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત પ્લેટફોર્મ નં. 01 પર એન્જિનિયરિંગ કામ માટે 27-28 ફેબ્રુઆરી 2026 દરમિયાન બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક પેસેન્જર ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગત નીચે મુજબ છે:

આંશિક રદ્દ ટ્રેન

27 ફેબ્રુઆરી 2026ની ટ્રેન સંખ્યા 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ-સાબરમતી વચ્ચે આંશિક રદ્દ રહેશે.

28 ફેબ્રુઆરી 2026ની ટ્રેન સંખ્યા 14822 સાબરમતી-જોધપુર એક્સપ્રેસ સાબરમતી-આબુ રોડ વચ્ચે આંશિક રદ્દ રહેશે.

સંપૂર્ણ રદ્દ ટ્રેનો

27 ફેબ્રુઆરી 2026ની ટ્રેન સંખ્યા 79435/79436 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ રદ્દ રહેશે.

27 ફેબ્રુઆરી 2026ની ટ્રેન સંખ્યા 69249/69250 સાબરમતી-કાટોસણ રોડ-સાબરમતી મેમુ રદ્દ રહેશે.

ટ્રેનોના ઠેરાવ, માર્ગ અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈ તપાસ કરી શકે છે.

## નિકોલના લાખાણી પરિવારનો માનવતાભર્યો સંકલ્પ: પિતાના દેહાવસાન પછી ત્વચા અને નેત્રદાનથી ત્રણ દર્દીઓને નવી આશા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મૃત્યુના દુ:ખદ ક્ષણે પણ માનવતાનો દીવો પ્રગટાવી શકાય છે-આ વાતને અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા લાખાણી પરિવારે જીવંત કરી બતાવી છે. ૬૭ વર્ષીય કનુભાઈ જીવરાજભાઈ લાખાણીના અવસાન બાદ, તેમના પુત્ર ધવલભાઈએ પિતાની સ્મૃતિને અમર બનાવતા ત્વચા અને બંને આંખોનું દાન કરવાનો હિંમતભર્યો નિર્ણય લીધો. તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાજસેવી સંસ્થા 'પારેવડા ગ્રુપ'ના માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ અમદાવાદની ટીમ કનુભાઈના નિવાસસ્થાને પહોંચી અને પેશીદાનની પ્રક્રિયા પૂર્ણ કરી. પ્લાસ્ટિક સર્જરી વિભાગે ત્વચા મેળવી, જ્યારે એમ. એન્ડ જે. આઈ હોસ્પિટલની ટીમે બંને આંખો સ્વીકારી. આ દાનથી બે અંધ વ્યક્તિઓને દ્રષ્ટિ અને એક દાઝેલા દર્દીને નવી જીવન આશા મળી છે. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું કે હોસ્પિટલને અત્યાર સુધી ૪૦ સ્કીન ડોનેશન અને ૧૮૮ ચક્ષુદાન મળીને કુલ ૨૨૮ પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે.

## ઐતિહાસિક નિર્ણય: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન 2028 સુધી 'નેટ ઝીરો' તરફ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શહેરના ઊર્જા વ્યવસ્થાપનમાં ઐતિહાસિક વળાંક લાવતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ 2028 સુધી 'નેટ ઝીરો' હાંસલ કરવાનો દ્રઢ સંકલ્પ જાહેર કર્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી મુજબ, હાલમાં રૂ.350 કરોડ જેટલા વાર્ષિક વીજખર્ચમાં ઘટાડા માટે કોર્પોરેશનની તમામ ઈમારતોમાં 43 ટકા રિન્યૂએબલ એનર્જીનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. કાંકરિયા તળાવ, સાબરમતી રિવરફ્રન્ટ અને લાંભા તળાવ ખાતે ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ પહેલથી લાંબા ગાળે અંદાજિત રૂ.3000 કરોડની વીજબચતનું લક્ષ્ય નક્કી કરાયું છે. પ્રવાસન વિકાસ અંતર્ગત કાંકરિયા લેક, અટલ બ્રિજ સહિતના આઈકોનિક સ્થળોને વધુ આકર્ષક બનાવવા બજેટને લીલી ઝંડી અપાઈ છે.

## ગાંધીનગરમાં ભારે વાહનો પર સમયબદ્ધ પ્રતિબંધની માંગ ઉઠી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર શહેરમાં વધતી માર્ગ અકસ્માતોની ચિંતાજનક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૩૬-ગાંધીનગર (ઉત્તર) ની ધારાસભ્ય રીટાબેન કેતનકુમાર પટેલે જિલ્લા પોલીસ અધિક્ષકને પત્ર લખી શહેર વિસ્તારમાં ભારે વાહનોની અવરજવર પર સમયબદ્ધ પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. પત્રમાં જણાવાયું છે કે ટ્રક, ડમ્પર, ટ્રેલર અને લક્ઝરી બસ જેવા ભારે વાહનોના અનિયંત્રિત પ્રવેશને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ રહી છે અને ખાસ કરીને શાળા સમય તેમજ સવાર-સાંજના ઓફિસ સમય દરમિયાન અકસ્માતોના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. શાળા, કોલેજ અને રહેણાંક વિસ્તારો પાસે મુખ્ય માર્ગો પહોળા હોવાના કારણે ભારે વાહનો પૂરપાટ ઝડપે દોડતા હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે. જાહેર હિતને પ્રાથમિક્તા આપતા ધારાસભ્યએ સવારે ૬ થી રાત્રે ૯ વાગ્યા સુધી શહેર વિસ્તારમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા જાહેરનામું બહાર પાડવાની તાત્કાલિક કાર્યવાહી કરવાની ભલામણ કરી છે.

## આધુનિકતાની પટરી પર ભીલડી: પુનર્વિકાસનું 90% કાર્ય પૂર્ણ

### અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ બદલાઈ રહી છે સ્ટેશનની સૂરત, લિફ્ટ અને દિવ્યાંગ-અનુકૂળ સુવિધાઓથી થશે સજ્જ

અમદાવાદ | પશ્ચિમ રેલવેના ભીલડી રેલવે સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ લગભગ 11.00 કરોડના અંદાજિત ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટનું આશરે 95 ટકા કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે અને બાકીનું કાર્ય ઝડપી ગતિએ પ્રગતિ પર છે.આધુનિક સ્ટેશન બિલ્ડિંગ: સ્ટેશન પર 18,223 ચોરસ ફૂટ વિસ્તારમાં એક નવું આધુનિક બિલ્ડિંગ બનાવવામાં આવી રહ્યું છે, જેમાં અદ્યતન બુકિંગ ઓફિસ તેમજ એર-કન્ડિશન્ડ અને નોન-એર-કન્ડિશન્ડ પ્રતીક્ષાલયની સુવિધા ઉપલબ્ધ રહેશે. બહેતર કનેક્ટિવિટી અને એપ્રોચ: યાત્રીઓની સુવિધા માટે 39,288 ચોરસ ફૂટ લાંબા એપ્રોચ રોડની સુધારણા અને પહોળીકરણ કરવામાં આવ્યું છે તેમજ 29,105 ચોરસ ફૂટ વિસ્તારમાં સર્ક્યુલેટિંગ એરિયા અને પાર્કિંગ નો વિકાસ થઈ ચૂક્યો છે.અદ્યતન પ્રતીક્ષાલય અને શૌચાલય: સ્ટેશન પર 1,582 ચોરસ ફૂટના પ્રતીક્ષાલયનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે અને કુલ 5 શૌચાલય બ્લોકમાંથી 4નું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે.લિફ્ટ અને યાત્રી-અનુકૂળ સુવિધાઓ: તમામ પ્લેટફોર્મ પર લિફ્ટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે તેમજ દિવ્યાંગજનો માટે વિશેષ રેમ્પ, પોર્ચ, સુગમ પ્રવેશ/નિકાસ દ્વાર, અલગ શૌચાલય અને પાર્કિંગ વિકસાવવામાં આવ્યા છે.

## રાજકોટ એપાર્ટમેન્ટ અગ્નિકાંડ કરુણ મોતથી સમગ્ર શહેર સ્તબ્ધ



રાજકોટ | સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા રાજકોટ શહેરમાં મોડી રાત્રે એક કમકમાટીભરી આગની ઘટના સામે આવી છે. શહેરના પેલેસ રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટના ચોથા માળે અચાનક આગ ફાટી નીકળતા બે વ્યક્તિઓના મોત નિપજ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં ઝેરી ધુમાડાને કારણે ગૂંગળામણ થતા માતા અને પુત્રએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પેલેસ રોડ પર વર્ધમાનનગર શેરી નંબર ૮ માં આવેલા 'મનમંદિર એપાર્ટમેન્ટ' ના બ્લોક નંબર સી-૪૦૨ માં ૨૫ ફેબ્રુઆરીની મધરાતે આશરે ૧૨ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. મીડિયા અહેવાલ મુજબ, આગ એટલી ભીષણ હતી કે જોતજોતામાં ફ્લેટના હોલ અને રસોડામાં રહેલી તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. જ્યારે આ આગ લાગી ત્યારે પરિવારના સભ્યો ગાઢ નિદ્રામાં હતા, જેના કારણે તેમને બચવાની તક મળી ન હતી. જોકે, પૌત્ર ઘરની બહાર હોવાથી તેનો ચમત્કારિક બચાવ થયો છે.

## વડોદરા બાળકી જાતીય સતામણી કેસ ૮૦ વર્ષના વૃદ્ધને ત્રણ વર્ષની કેદની સજા અને દંડ ફટકારાયો

(એજન્સી) વડોદરા । તા. 26

સંસ્કારી નગરી વડોદરામાં માનવતાને શરમાવે તેવી એક ઘટનામાં અદાલતે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. નિઝામપુરા વિસ્તારમાં રહેતી માત્ર છ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનારા ૮૦ વર્ષના વૃદ્ધને અદાલતે કસુરદાર ઠેરવી ત્રણ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ન્યાયાધીશે ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી આરોપીની ઉંમરને બદલે ન્યાયને પ્રાધાન્ય આપ્યું છે અને પીડિતાને ૫૦ હજાર રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

આ શરમજનક ઘટના ૧૭ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બની હતી. નિઝામપુરામાં સ્ટેશનરીની દુકાન ચલાવતા અનિલભાઈ હરીવન ગોસ્વામીએ માસુમ બાળકીને ચોકલેટ આપવાની લાલચ આપીને પોતાની દુકાનમાં બોલાવી હતી. મીડિયા અહેવાલ મુજબ, વૃદ્ધે પોતાની હવસ સંતોષવા માટે બાળકી સાથે અડપલા કર્યા હતા અને તેની ઈચ્છા વિરુદ્ધ કામુક હરકતો કરી હતી. આ બાબતે બાળકીની માતાએ હિંમત દાખવી ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જે બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. સરકારી વકીલ એન.યુ. મકવાણાએ ધારદાર રજૂઆત કરી હતી કે બાળકીની જુબાની અત્યંત ભરોસાપાત્ર છે. ન્યાયાધીશે નોંધ્યું હતું કે જ્યારે આરોપી સાથે અગાઉ કોઈ વેરઝેર ન હોય, ત્યારે નાની બાળકી ખોટી જુબાની આપે તેવી શક્યતા નહિવત હોય છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે બાળકીઓની સુરક્ષા એ સર્વોપરી છે અને આવા કિસ્સાઓમાં નરમાશ દાખવી શકાય નહીં. આરોપીની ઉંમર ભલે ૮૦ વર્ષની હોય, પરંતુ તેણે આચરેલો ગુનો ગંભીર શ્રેણીનો છે. આ ચુકાદાથી પીડિત પરિવારને ન્યાય મળ્યો છે અને સમાજમાં એક મજબૂત સંદેશ ગયો છે કે બાળકો વિરુદ્ધના ગુનામાં કાયદો કોઈને પણ છોડશે નહીં. સૂત્રો જણાવે છે કે પોક્સો એક્ટ હેઠળ લેવાયેલા આ કડક નિર્ણયથી લોકોનો ન્યાયતંત્ર પર વિશ્વાસ વધુ દ્રઢ થયો છે. વડોદરાના આ ચુકાદાએ માસુમ બાળકોના વાલીઓને પણ જાગૃત રહેવા અને અન્યાય સામે અવાજ ઉઠાવવા પ્રેરણા આપી છે.



## વડોદરા બોલેરો નંબર પ્લેટ કૌભાંડ બેંક હપ્તા બચાવવા કારસ્તાન

(એજન્સી) વડોદરા । તા. 26

આર્થિક મુશ્કેલીઓમાંથી બચવા માટે લોકો કેવા અજીબ નુસખા અપનાવે છે, તેનો જીવંત દાખલો વડોદરા શહેરમાં જોવા મળ્યો છે. બેંકના હપ્તા ભરવાથી બચવા માટે એક બોલેરો માલિકે ગજબનું ભેજું દોડાવીને એક જ નંબરની બે ગાડીઓ શહેરના રસ્તાઓ પર દોડાવવાનું શરૂ કર્યું હતું. જોકે, સીટી પોલીસની સતર્કતાને કારણે આ સમગ્ર કારસ્તાનનો પર્દાફાશ થયો છે અને પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સીટી પોલીસને સચોટ બાતમી મળી હતી કે યાકુતપુરા વિસ્તારમાં એમ.ઈ.એસ. બોયઝ સ્કૂલની સામે સરસીયા તળાવ રોડ પર રહેતો શેરખાન ખલીલખાન પઠાણ શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહ્યો છે. બાતમી મુજબ તેની પાસે બે બોલેરો ગાડીઓ છે અને આશ્ચર્યજનક રીતે બંને ગાડીઓના નંબર પ્લેટ એક સમાન છે. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે તુરંત કાર્યવાહી કરતા આરોપીના મકાન પાસે દરોડો પાડ્યો હતો, જ્યાં બાતમી મુજબની બંને ગાડીઓ ઉભેલી મળી આવી હતી. પોલીસ તપાસમાં આરોપી શેરખાન પઠાણની આકરી પૂછપરછ કરવામાં આવતા તેણે પોતાના ગુનાની કબૂલાત કરી હતી. આરોપીએ જણાવ્યું કે તેણે યસ બેંકની આજવા રોડ શાખામાંથી બોલેરો જીપ માટે ફાઈનાન્સ પર લોન લીધી હતી.

## વડોદરા બ્રિજ રિપેરીંગ ખર્ચ વિગત પાલિકાની બ્રિજ સુરક્ષા કામગીરી હેઠળ ૧.૧૮ કરોડ ખર્ચ્યા

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મહત્વના બ્રિજોની મજબૂતી અને સુરક્ષાને ધ્યાને રાખીને હાથ ધરવામાં આવેલી મરામત કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. કારેલીબાગ સ્થિત બાલભવન અને વિશ્વામિત્રી નદી પરના મુજમહુડા ઓવરબ્રિજના રિપેરીંગ પાછળ કુલ ૧.૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ કામગીરી અંગેની સત્તાવાર જાણકારી પાલિકાની સ્થાયી સમિતિને આપવામાં આવી છે.

શહેરના ટ્રાફિક માટે મહત્વના એવા બે બ્રિજોના સ્ટ્રક્ચર રિપેરીંગ માટે પાલિકાએ લાખોનો ખર્ચ કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, કારેલીબાગ બાલભવન રિવર બ્રિજ માટે અંદાજે ૬૨.૦૨ લાખ રૂપિયા ખર્ચાયા છે, જેમાં ગનાઈટિંગ, ગ્રાઉટીંગ અને એપોક્સી પેઈન્ટ જેવી ટેકનિકલ કામગીરી કરવામાં આવી છે. તેવી જ રીતે, મુજમહુડા રિવર બ્રિજ માટે પણ અંદાજે ૫૬ લાખ રૂપિયાનો ખર્ચ કરીને તેના સ્ટ્રક્ચરને મજબૂતી બક્ષવામાં આવી છે. મોરબી બ્રિજ દુર્ઘટના બાદ રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ આ કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી હતી.

પાલિકા દ્વારા નિમણૂક કરવામાં આવેલા કન્સલ્ટન્ટ દ્વારા પ્રી-મોન્સૂન ઈન્સ્પેક્શન દરમિયાન મુજમહુડા બ્રિજની નીચેના ભાગમાં કોંક્રિટ સ્પોલીંગ અને લોખંડના સળિયા દેખાતા હોવાનું માલૂમ પડ્યું હતું. બ્રિજની સુરક્ષા જોખમાય નહીં તે માટે જીપીએમસી (GPMC) એક્ટની કલમ ૬૭/૩/સી હેઠળ ખાસ સત્તાનો ઉપયોગ કરીને ટેન્ડર પ્રક્રિયામાં સમય બગાડ્યા વગર તાત્કાલિક વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. સૂત્રો જણાવે છે કે જાહેર હિત અને સુરક્ષાને અગ્રતા આપીને આ કામગીરી નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવામાં આવી છે.

વડોદરા શહેરના વધતા જતા વિસ્તાર સાથે રેલવે, ફ્લાયઓવર અને રિવર બ્રિજોની સંખ્યામાં પણ વધારો થયો છે. જે બ્રિજોનો ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ પૂર્ણ થઈ ગયો છે, તેવા તમામ સ્ટ્રક્ચર્સનું નિયમિત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

## વડોદરા કોર્પોરેશન પ્રી-મોન્સૂન કામગીરી પોલ ખૂલી રસ્તાઓ બેઠા



વડોદરા | ગુજરાતની સંસ્કારી નગરી ગણાતું વડોદરા શહેર અત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ ગુમાવી રહ્યું હોય તેમ જણાય છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરામાં રસ્તાઓ પર સતત પડી રહેલા ભૂવાઓને કારણે હવે આ શહેર 'ભૂવા નગરી' તરીકે ઓળખાવા લાગ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના છેવાડે આવેલા વોર્ડ નંબર ૧૨ ના સરદાર નગર વિસ્તારમાં ફરી એકવાર મોટો ભૂવો પડતા વડોદરા મહાનગરપાલિકાની કામગીરીની પોલ ઉઘાડી પડી ગઈ છે. વડોદરામાં હવે ભૂવા પડવા માટે વરસાદની રાહ જોવી પડતી નથી. ચોમાસું હોય, શિયાળો હોય કે ઉનાળો, વડોદરાના માર્ગો ગમે ત્યારે જમીનમાં ધસી પડે છે. મીડિયા અહેવાલ મુજબ, સરદાર નગરમાં પડેલા આ વિશાળ ભૂવાને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે મોટું જોખમ ઉભું થયું છે. ડ્રેનેજ લાઈનોમાં ગળતર અને માર્ગ નિર્માણ સમયે કરવામાં આવતા અયોગ્ય પુરાણને કારણે જમીન પોચી પડી જાય છે, જે આખરે ભૂવાનું સ્વરૂપ ધારણ કરે છે.

### રસ્તા પર જોખમી ડ્રાઈવિંગ સામે લાલઆંખ ૮૫ હજારનો મેમો

## વડોદરા ટ્રાફિક પોલીસ સ્પીડગન કાર્યવાહી ૧૯૪૮ ચાલકો દંડાયા અને ઇ-ચલણ દ્વારા કડક વસૂલાત

(એજન્સી) વડોદરા । તા. 26

સંસ્કારી નગરીના રાજમાર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા ચાલકો પર લગામ કસવા માટે વડોદરા શહેર ટ્રાફિક પોલીસ અત્યંત આક્રમક મૂડમાં જોવા મળી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સ્પીડગનનો ઉપયોગ કરીને ઓવરસ્પીડ વાહન ચલાવનારાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં પોલીસે ૧૯૪૮ વાહન ચાલકોને કુલ ૪૧.૭૨ લાખ રૂપિયાનો માતબર દંડ ફટકાર્યો છે.

આશ્ચર્યની વાત એ છે કે વડોદરાના માર્ગો પર અનેક સ્થળે ખાડાઓનું સામ્રાજ્ય હોવા છતાં વાહન ચાલકો નિર્ધારિત ગતિ મર્યાદાનું પાલન કરતા નથી. ખાસ કરીને ખુલ્લા રસ્તાઓ પર ટુ-વ્હીલર અને કાર ચાલકો જોખમી રીતે વાહનો દોડાવતા માલુમ પડ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, શહેરમાં દારૂ પીને વાહન હંકારવાની વધતી જતી ફેશન પણ ચિંતાનો વિષય બની છે. આવા ચાલકો અકસ્માત સર્જીને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. જામીનલાયક ગુના હોવાને કારણે ચાલકો છૂટીને ફરી એ જ રીતે ગતિ મર્યાદાનું ઉલ્લંઘન કરતા હોય છે, જેના કારણે પોલીસે હવે સ્પીડગનથી કાયમી દેખરેખ શરૂ કરી છે.

પોલીસની આ ઝુંબેશ દરમિયાન કપુરાઈ ચોકડી પાસે એક



ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ચેકિંગ દરમિયાન પોલીસે અન્ય રાજ્યનું પાસિંગ ધરાવતી એક લક્ઝરી ટ્રાવેલ્સ બસને રોકી હતી. પ્રાથમિક તપાસમાં બસમાં ગેરકાયદેસર એલઈડી લાઈટ હોવાનું જણાયું હતું, પરંતુ જ્યારે ઓનલાઈન વિગતો તપાસવામાં આવી ત્યારે પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. સૂત્રો જણાવે છે કે આ બસ પર અગાઉના ૮૫ હજાર રૂપિયાના ઈ-ચલણ પેન્ડિંગ બોલતા હતા. પોલીસે તુરંત જ બસને ડિટેઈન કરીને આરટીઓ (RTO) મેમો ફટકારી કડક કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, સ્પીડગન દ્વારા દંડ ફટકારવાનો મુખ્ય હેતુ માત્ર આવક ઊભી કરવાનો નથી, પરંતુ શહેરીજનોની સુરક્ષા જાળવવાનો છે.

### સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ફરિયાદ બાદ તપાસ શરૂ

## ઓનલાઈન રોકાણ છેતરપિંડી જૂનાગઢ યુવાને 24 લાખ ગુમાવ્યા


(એજન્સી) જૂનાગઢ । તા. 26

ડિજિટલ ક્રાંતિના આ યુગમાં સાયબર ગઠીયાઓ માસૂમ લોકોને છેતરવા માટે અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના બોડકા સ્વામિના ગામમાં રહેતા એક યુવાનને ઘરે બેઠા પૈસા કમાવવાની લાલચ એટલી મોંઘી પડી કે તેણે પોતાની પરસેવાની કમાણીના ૨૪.૭૮ લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. ડેટિંગ એપ દ્વારા શરૂ થયેલી આ વાતચીત આખરે લાખોની છેતરપિંડીમાં પરિણમી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢ રેન્જ સાયબર પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બોડકા ગામમાં ખેતીકામ કરતા ૪૫ વર્ષીય કિશોરભાઈ પરમાર ઓનલાઈન ડેટિંગ ચેટ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા. આ દરમિયાન તેમની મુલાકાત અમીશા અરોરા અને સાક્ષી નામની યુવતીઓ સાથે થઈ હતી. નવેમ્બર ૨૦૨૪માં અમીશાએ કિશોરભાઈને 'ટીકેટી' નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઘરે બેઠા લાખોની કમાણી કરવાની લાલચ આપી હતી. ગઠીયાઓએ વિશ્વાસ અપાવ્યો હતો કે ૪૨ હજાર રૂપિયા જમા કરાવતા જ તેનું ડોલરમાં રૂપાંતર થશે અને નફો વધતો જશે.

શરૂઆતમાં રોકાણ કરેલી રકમ પર મોટો નફો દેખાતા કિશોરભાઈ ગઠીયાઓની જાળમાં ફસાઈ ગયા હતા. એપ પર ૨૪,૦૦૦ ડોલર એટલે કે અંદાજે ૨.૪૦ કરોડ રૂપિયાનો પ્રોફિટ દેખાતો હોવાથી તેમણે અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૨૪.૭૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે યુવાને આ રકમ ઉપાડવા (વિડ્રો) માટે વિનંતી કરી, ત્યારે ઠગબાજોએ 'પ્રોફિટ ટેક્સ' ના નામે વધુ નાણાંની માંગણી કરી હતી. આ સમયે કિશોરભાઈને અહેસાસ થયો કે તેમની સાથે મોટી છેતરપિંડી થઈ છે.

## વડોદરા બોર્ડ પરીક્ષા સુરક્ષા વ્યવસ્થા ૧૦૦૦ પોલીસ તૈનાત



વડોદરા | ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસે અભેદ્ય કિલ્લા જેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે. પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, શહેરના ૧૭૬ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટે ૧૦૦૦થી વધુ પોલીસ જવાનો મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વડોદરા શહેરમાં ઠેર-ઠેર ખોદેલા ખાડાઓ અને ખરાબ રસ્તાઓને કારણે પરીક્ષાર્થીઓ અટવાય નહીં તે માટે પોલીસને વિશેષ તાકીદ કરવામાં આવી છે. જો કોઈ વિદ્યાર્થી ટ્રાફિક કે રસ્તાની સમસ્યાને કારણે મોડો પડી રહ્યો હોય, તો તેને પરીક્ષા કેન્દ્ર સુધી સમયસર પહોંચાડવા માટે પણ પોલીસ જવાનો મદદરૂપ થશે.

### કોસંબા પોલીસ કોમ્બિંગ અને ધરપકડ, સુરત જિલ્લા ગૌહત્યા વિવાદ

## હથોડા ગામ હુમલો અને ગૌરક્ષકો પોલીસ ઇજાથી પંથકમાં તણાવ

(એજન્સી) સુરત (માંગરોળ) । તા. 26

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના હથોડા ગામમાં બુધવારે મોડી રાત્રે લોહીયાળ સંઘર્ષની ઘટના બની છે. ગૌહત્યાની બાતમીના આધારે તપાસ કરવા ગયેલી પોલીસ ટીમ અને ગૌરક્ષકો પર અસામાજિક તત્ત્વોના ૫૦ થી વધુ લોકોના ટોળાએ ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હિંસક ઘટનામાં એક ગૌરક્ષક પર તલવારથી હુમલો કરવામાં આવ્યો છે, જ્યારે બે પોલીસ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં ભારે ઉશ્કેરાટ અને તંગદિલીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોસંબા પોલીસને બાતમી મળી હતી કે હથોડા ગામમાં ગૌહત્યાની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે ૨૫ ફેબ્રુઆરીની રાત્રે પોલીસ સ્ટાફ અને ગૌરક્ષકોની ટીમ સર્ચ ઓપરેશન માટે ગામમાં પહોંચી હતી. તપાસ દરમિયાન અચાનક



છ શખ્સો બાઈક પર આવ્યા અને બોલાચાલી શરૂ કરી હતી. જોતજોતામાં, આ શખ્સોએ ફોન કરીને ૫૦ જેટલા લોકોનું ટોળું એકઠું કરી લીધું હતું. ટોળાએ પોલીસ અને ગૌરક્ષકો પર પથ્થરમારો અને તીક્ષ્ણ હથિયારો વડે હુમલો શરૂ કરી દીધો હતો.

આ હુમલામાં ગૌરક્ષક સત્યપ્રકાશ યાદવને માથાના ભાગે તલવારના ઘા વાગતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ, ફરજ પરના બે પોલીસ જવાનો પણ આ હુમલાનો ભોગ બન્યા છે, જેમાં એક જવાનનો હાથ તૂટી ગયો હોવાનું મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓ હાલ કીમ-કોસંબાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતા જ સુરત જિલ્લા એસપી રાજેશ ગઢિયા હરકતમાં આવ્યા હતા અને DySP બી.કે. વનારની આગેવાનીમાં ૧૫ પોલીસ ટીમોને હથોડા ગામમાં ઉતારી દેવામાં આવી છે. જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, પોલીસે રાતોરાત ગામને ઘેરી લઈને મેગા કોમ્બિંગ હાથ ધર્યું છે. અત્યાર સુધીમાં અનેક શંકાસ્પદ શખ્સોની અટકાયત કરવામાં આવી છે અને FSL ની ટીમ દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા છે. પોલીસનો કાફલો ખડકી દેવાતા ગામ અત્યારે પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે.

આ ઘટના બાદ ગૌરક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગૌરક્ષક સાજન ભરવાડે તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલ ઉઠાવતા જણાવ્યું કે, "હથોડા, કોસલી અને ઝંખવાવ જેવા વિસ્તારો ગૌહત્યા માટે સંવેદનશીલ હોવા છતાં પોલીસનો ડર રહ્યો નથી. કસાઈઓ હવે કાયદો હાથમાં લઈને પોલીસ પર પણ હુમલા કરતા ખચકાતા નથી." ગૌરક્ષકોએ આ મામલે કસૂરવારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસ અત્યારે ફરાર આરોપીઓને પકડવા માટે ટેકનિકલ સર્વેલન્સની મદદ લઈ રહી છે. પંથકમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે એસઆરપી (SRP) ની ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી શકે છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને શાંતિ જાળવવા અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

### એપીએમસી બેંક ખાતામાં મની લોન્ડરિંગનું તોસ્તાન નેટવર્ક

## રાજકોટ સાયબર ફ્રોડ ૧૫૦૦ કરોડ કૌભાંડમાં નવા ચોંકાવનારા ખુલાસા

(એજન્સી) રાજકોટ । તા. 26

ગ્રામ્ય પોલીસની સાયબર ક્રાઈમ સેલે દેશવ્યાપી આર્થિક કૌભાંડનો પર્દાફાશ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરના નાણાકીય વ્યવહારોની જાળ શોધી કાઢી છે. રાજકોટ પંથકની એક ટોળકીએ એપીએમસી (APMC) સાથે સંકળાયેલા ૧૫ જેટલા બેંક ખાતાઓનો ઉપયોગ કરીને કુલ ૧૫૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કર્યા હોવાનું બહાર આવ્યું છે. આ કૌભાંડમાં સાયબર ફ્રોડ સિવાયના કરોડો રૂપિયા જીએસટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ, ઓનલાઈન ગેમિંગ અને બિનહિસાબી હોવાનું પોલીસ તપાસમાં લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. આ કેસમાં પોલીસે વધુ ૩ આરોપીઓની ધરપકડ કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે. તપાસ દરમિયાન ખુલ્યું છે કે આરોપીઓએ માર્કેટિંગ યાર્ડની પેઢીઓના નામે બેંક ખાતાઓ ખોલાવ્યા હતા. પ્રાથમિક રીતે ૨૦૦ કરોડના વ્યવહારોથી શરૂ થયેલી તપાસનો આંકડો હવે ૧૫૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. જેમાંથી ૨૩.૧૪ કરોડ રૂપિયા શુદ્ધ સાયબર ફ્રોડના હોવાનું જણાયું છે, જે અંગે દેશભરમાં ૧૮૦ ફરિયાદો નોંધાયેલી છે. જેમાં ગુજરાતની ૨૧ અને અન્ય રાજ્યોની ૧૫૯ ફરિયાદોનો સમાવેશ થાય છે. રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા અનુસાર, આરોપીઓ આટલા મોટા ટ્રાન્ઝેક્શન પાછળનો કોઈ કાયદેસરનો ધંધાકીય ખુલાસો કરી શક્યા નથી. સાયબર સેલે આ કેસમાં તેલંગણાના આદીલુદીન મહમદ, રાજકોટના મિહિર રંગાણી અને હિરેન લીંબાસીયાની ધરપકડ કરી છે. અગાઉ આ કેસમાં જય નાદપરા અને મનીષ કમાણી સહિત છ શખ્સોને જેલભેગા કરવામાં આવ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.

**મિથુન : ક. છ. ઘ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

**કર્ક : ડ. હ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશો નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા.

**સિંહ : મ. ટ.**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની- તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**તુલા : ર. ત.**

થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો- લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**મકર : ખ. જ.**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રેક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

## ધર્મ સાર

### મહુવાની લાતી બજારમાં સિલિન્ડર બ્લાસ્ટ થતાં 4 ને ઈજા



ભાવનગર : મહુવાના લાતી બજારમાં આવેલા રહેણાંકી મકાનમાં આજે બપોરના સમયે ગેસ લીક થવાથી બે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયાં હતા. ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાના કારણે ચાર લોકોને ઈજા પહોંચી હતી. જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ બનાવની જાણ થતાં મહુવા નગરપાલિકાનો ફાયર સ્ટાફ ઘટના સ્થળે પહોચી બે કલાકની જહેમત બાદ આગ સંપૂર્ણ કાબુમાં લીધી હતી. મહુવાના લાતીબજારમાં આવેલા ખોડિયાર મંદિર પાછળ આવેલા વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ વાળાના રહેણાંકી મકાનમાં આજે બપોરના ૧૨.૪૫ કલાકના અરસામાં ગેસ લીક થવાના કારણે બે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયાં હતા. ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાની ઘટનામાં વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ વાળા, વિજયભાઈ વલ્લભભાઈ વાળા તથા અન્ય બે લોકો મળી કુલ ચાર લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ સિલિન્ડર બ્લાસ્ટ થવાને લીધે થોડીવાર માટે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં મહુવા નગરપાલિકાના ફાયર સ્ટાફનો મસમોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી આશરે ૩૦થી ૪૦ હજાર લીટર પાણીનો છંટકાવ કરી બે કલાકની જહેમત બાદ આગને સંપૂર્ણ કાબુમાં લીધી હતી. આ દુર્ઘટનામાં ઘરનો બધો માલસામાન બળીને ખાક્ થયો હતો. જ્યારે આજુબાજુના મકાનને પણ નાનું મોટું નુકસાન પહોંચ્યું હતું. જોકે સિલિન્ડર બ્લાસ્ટ થવા પાછળનું કારણ અકબંધ રહ્યું છે. આ દુર્ઘટનામાં ચાર લોકોને નાની મોટી ઈજા સિવાય કોઈ જાનહાનિ નહી થતાં મોટી દુર્ઘટના ટળી છે.

---

**સામાજિક અને રાજકીય અગ્રણી બાહુલભાઈ સથવારા સહિત શુભેચ્છાઓ**

# ધો 10-12 ની બોર્ડ પરીક્ષા શરૂ થયા પહેલા ચાણસ્મા ની વિવિધ સંસ્થાઓ દ્વારા સાકરથી માં મીઠું કરાવી ગુલાબ આપી પરીક્ષાર્થીઓ ને શુભેચ્છા પામવી








| નિતીન ઠાકર | ચાણસ્મા | તા.26

26મી ફેબ્રુઆરીના રોજ ધો-10 - 12 ની પરીક્ષાના શુભારંભ થયા પહેલાં ચાણસ્માના પી.પી હાઈસ્કુલ તેમજ કે એન નદાસીયા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ધો-10ની પરીક્ષા આપવા આવેલ પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશતાં ચાણસ્મા પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેન પટેલ ભારત વિકાશ પરીષદ ના મૂકેશભાઈ બી પટેલ નિવૃત્ત સારસ્વત હમીરજી ઠાકોર મહિલા અગ્રણી ભગવતીબેન સથવારા સહિત કાર્યકરો દ્વારા જ્યારે પી પી હાઈસ્કુલ ખાતે ભારત વિકાશ પરીષદના પશાભાઈ ડેવીડ સામાજિક અને રાજકીય અગ્રણી બાહુલભાઈ સથવારા સહિત સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ દ્વારા .પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી સાકરથી માં મીઠું કરાવી ગુલાબનું ફુલ આપી શુભેચ્છાઓ પાઠવી હતી

---

**સદ્ નસીબે . ટ્રેક્ટરમાં સવાર સૌનો આબાદ બચાવ**

# ધરમોડા નજીક વહેલી ટર્બાની ટક્કરથી .ટ્રેક્ટર .નો કચ્ચરઘાણ વળ્યો





| નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા નજીક ઘરમોડા નજીક વહેલી સવારે હારીજ તરફથી ટ્રેક્ટરની ટ્રોલીમાં પથ્થરની થાંભલીઓ ભરી ને ચાણસ્મા બાજુ જઈ રહ્યા હતા દરમિયાન ટેક્ટરની પાછળ આવી રહેલ ટર્બાએ જોરદાર ટક્કર મારતાં ટ્રેક્ટર નો આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો સદનસીબે ટ્રેકટરમાં સવાર સૌનો આબાદ બચાવ થયો હતો નાની મોટી ઈજા થયેલ વ્યકિતઓને ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અપાઈ હતી ઘટનાની ચાણસ્મા પોલિશ જાણ થતાં વધુ તપારી હાથ ધરી હતી

---

**લગ્ન કરવાની લાલચ આપી**

# પાલિતાણા પંથકની યુવતી સાથે શખ્સે દુષ્કર્મ આચર્યું

ભાવનગર : પાલિતાણા પંથકની એક યુવતીને લગ્નની લાલચ આપી શખ્સે અવાર નવાર શરીર સંબંધ બાંધી લગ્ન નહી કરી યુવતીને જ્ઞાતિથી અપમાનિત કરી હતી. આ બનાવ અંગે યુવતીએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.પાલિતાણા પંથકમાં યુવતી સાથે દુષ્કર્મના બનાવની મળતી વિગતો પ્રમાણે પાલિતાણા પંથકની એક યુવતીને પંકજ ઉર્ફે ઋત્વીજ કમલેશભાઈ સાટીયા (રહે.પાલિતાણા) નામના શખ્સે લગ્ન કરવાની લાલચ આપી યુવતી સાથે ગત તા.૦૫-૦૯-૨૦૨૫થી ૦૬-૦૨-૨૦૨૬ દરમિયાન ચારથી પાંચ વખત શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરી યુવતી સાથે લગ્ન નહી કરી જ્ઞાતિથી અપમાનિત કરી હતી. બનાવ અંગે યુવતીએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં પંકજ ઉર્ફે ઋત્વીજ કમલેશભાઈ સાટીયા સામે ફરિયાદ નોંધાવતા પાલિતાણા ટાઉન પોલીસે એટ્રોસિટી અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

**મનપાએ બે દિવસમાં ૨૫થી વધુ ગેરકાયદે દબાણ હટાવ્યાં**

ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકાએ શહેરમાં ગેરકાયદે દબાણ દૂર કરવાની કામગીરી યથાવત રાખી છે, જેના ભાગરૂપે છેલ્લા બે દિવસમાં શહેરના જુદા જુદા વિસ્તારમાં દબાણ દૂર કરવામાં આવ્યા હતા અને કેટલોક સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગની દબાણ હટાવ સેલની ટીમ દ્વારા મંગળવાર અને બુધવારે જુદા જુદા વિસ્તારમાંથી ૨૫થી વધુ ગેરકાયદે દબાણ હટાવ્યા હતા, જેમાં મંગળવારે ભાવનગર શહેરના રૂપમ ચોક, કાળુભા રોડ, વિદ્યાનગર વગેરે વિસ્તારમાંથી અસ્થાયી દબાણો દૂર કરવામાં આવ્યા હતા અને કેટલોક સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

---

**શુભેચ્છા મુલાકાત**

# શ્રી નખત્રાણા દરજી યુવક મંડળ દ્વારા ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની શુભેચ્છા મુલાકાત...

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા દરજી યુવક મંડળ દ્વારા નખત્રાણામાં રહેતા દરજી સમાજના ધોરણ 10 અને 12ના દરેક વિદ્યાર્થીને રૂબરૂ મળી શૈક્ષણિક કીટ આપી અને શુભેચ્છા આપવામાં આવી. દરેક વિદ્યાર્થીને ગભરાયા વગર પરીક્ષા આપવી અને નીડરતાથી પેપર લખવાની પ્રેરણા આપવામાં આવી. દરેક વિદ્યાર્થીનો દરેક પેપર ખૂબ જ સરસ જાય, યુવક મંડળના દરેક સભ્ય દ્વારા તેવી અંતઃકરણથી શુભેચ્છા આપવામાં આવી.



---

**- આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી**

# ખેડા જિલ્લામાં 'લેન્ડ જેહાદ' અને 'ડેમોગ્રાફી ચેન્જ'ના આક્ષેપ સાથે કલેક્ટરને આવેદનપત્ર



નડિયાદ : ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી કોમી એકતા ડહોળવાના પ્રયાસો થઈ રહ્યાં હોવાના આક્ષેપ સાથે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદના પદાધિકારીઓએ કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હિંદુ બહુમતી ધરાવતા ગામોમાં આયોજનબદ્ધ રીતે ભૌગોલિક ફેરફારો એટલે કે ડેમોગ્રાફી ચેન્જ કરવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે.

આ આવેદનપત્રમાં ખાસ કરીને અમદાવાદના વટવા, રખિયાલ, બાપુનગર અને જુહાપુરા જેવા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકો ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થળાંતર કરી રહ્યાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વીએચપીના મતે આ સ્થળાંતર કુદરતી નથી પરંતુ એક ચોક્કસ પ્લાનિંગ હેઠળ કરવામાં આવી રહ્યું છે. આ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, ખેડા જિલ્લાના માતર, માછીયેલ, ગરમાળા, ત્રાજ, મહેમદાવાદ અને ખેડા જેવા ગામો મુખ્યત્વે લેન્ડ જેહાદના ટાર્ગેટ પર છે. આ ગામોની ખેતીની જમીન મૂળ ખેડૂતો પાસેથી ખરીદીને તેમાં હિંદુઓના નામ રાખી મહેસૂલના નીતિ નિયમોનો ભંગ કરીને મોટા પાયે પ્લોટિંગ કરવામાં આવે છે. ત્યારબાદ આ જમીનો પર ગેરકાયદેસર રીતે ફાર્મ હાઉસના નામે બાંધકામો ઉભા કરી દેવામાં આવે છે અને તેને વેચી દેવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી છે. વહીવટી તંત્રની આંખ નીચે જમીન કૌભાંડ અને ગેરકાયદેસર વસાહતો ઉભી કરવામાં આવી રહી હોવા છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી તેવા આક્ષેપ સાથે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. જો વહીવટી તંત્ર દ્વારા આ બાબતે સઘન તપાસ કરીને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ પરિષદ દ્વારા આપવામાં આવી છે.

---

**વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ અને રસ વધે તે માટે આ પ્રકારની મુલાકાતો પ્રેરણાદાયક બની રહે છે**

# દેશલપર (ગુંતલી) ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ એ લીધી વિધાનસભાની મુલાકાત

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ગાંધીનગર ખાતે વિધાનસભામાં અબડાસા ૧ મતવિસ્તારના નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગામના સામાજિક આગેવાનો દ્વારા વિધાનસભા ગૃહની કાર્યપ્રણાલી નિહાળી . આ અવસરે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની સૌજન્ય મુલાકાત લેવામાં આવી. સાથે પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી અનિરુદ્ધભાઈ દવે , અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન અબડાસા ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા જેવો મુલાકાત નું મહત્વ જણાવતા વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ અને રસ વધે તે માટે આ પ્રકારની મુલાકાતો પ્રેરણાદાયક બની રહે છે. તેવુ મંતવ્ય વ્યક્ત કરાયુ હતુ



---

# વરતેજ જીઈબી ઓફિસ સામે અકસ્માતમાં આધેડનું મોત

ભાવનગર : વરતેજ જીઈબી ઓફિસ સામે સાયકલ લઈને જઈ રહેલા આધેડને પાછળથી કારે ટલ્લો મારતા સર્જાયેલા અકસ્માતમાં આધેડનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે વરતેજ પોલીસ મથકમાં કાર ચાલક સામે ગુનો નોંધાયો છે. મધ્યપ્રદેશના વતની અને હાલ વરતેજ આંબાવાડીમાં રહેતા શ્યામબાઈ સંતોષકુમાર દહીયાએ વરતેજ પોલીસ મથકમાં જીજે-૦૩-એલજી-૮૯૧૮ નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના પતિ સંતોષકુમાર રામધાની દહીયા (ઉ.વ.૫૮) ગત રોજ સાંજના સમયે તેમની સાયરલ લઈને વરતેજ જીઆઈડીસીમાં મજુરી કામ પરથી છૂટીને ઘરે આવી રહ્યાં હતા ત્યારે રાત્રિના ૮.૧૫ કલાકના અરસામાં વરતેજ જીઈબી ઓફિસ સામે હાઈ-વે રોડ પર રોડ ક્રોસ કરવા જતાં ભાવનગર તરફથી આવી રહેલી ઉક્ત કારના ચાલકે તેમના પતિની સાયકલને પાછળને ટલ્લો મારી અકસ્માત સર્જ્યો હતો.

---

# સગીરા ઉપર દુષ્કર્મ આચરનાર હેરજના આરોપીને 20 વર્ષની સખત કેદની સજા

નડિયાદ : નડિયાદની ત્રીજી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે એક ગંભીર ગુનામાં ઐતિહાસિક ચુકાદો આપતા સગીરા પર દુષ્કર્મ આચરનાર મહુધા તાલુકાના હેરજ ગામના આરોપી સુનીલ મહેન્દ્રભાઈને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. તેમજ કુલ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદનો હુકમ કર્યો છે. મહુધા તાલુકાના હેરજ ગામે રહેતા આરોપીએ તારીખ ૨૬-૦૪-૨૦૨૪ના રોજ એક ૧૭ વર્ષ અને ૩ માસની સગીરાને લગ્નની લાલચ આપી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો. ત્યારબાદ આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ તેની પર દુષ્કર્મ ગજાર્યું હતું. આ મામલે મહુધા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલની દલીલો અને રજૂ કરાયેલા ૧૫થી વધુ દસ્તાવેજી પુરાવાઓ તેમજ ૧૨ સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો. અદાલતે આરોપી સુનીલ મહેન્દ્રભાઈને આઈપીસી કલમ ૩૬૩ અને ૩૬૬ હેઠળ ૫-૫ વર્ષની સજા અને પોક્સો એક્ટની કલમ ૬ મુજબ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે આરોપીને કુલ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદનો હુકમ કર્યો છે. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, સમાજમાં આવા ગંભીર ગુનાઓનું પ્રમાણ અટકાવવું ન્યાયપાલિકાની પવિત્ર ફરજ છે. ભોગ બનનાર સગીરાને આથક સહાય મળી રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭ મુજબ આરોપી પાસેથી વળતર પેટે ૧,૦૦,૦૦૦ રૂપિયા અપાવવાનો પણ મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે.

---

**કલેક્ટર કેતન ઠક્કરે ડીસીસી હાઇસ્કુલ પરીક્ષા કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓને મળી શુભકામનાઓ પાઠવી ઉત્સાહ વધાર્યો**

# જામનગર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

| વિશાલ જે હરવરા | જામનગર

જામનગર તા.૨૬ ફેબ્રુઆરી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાઓનો આજે ૨૬મી ફેબ્રુઆરીથી રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. ત્યારે જામનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરીક્ષાને લઈને તમામ વહીવટી અને સુરક્ષાલક્ષી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જામનગર જિલ્લામાં શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત માહોલમાં પરીક્ષાઓ શરુ થઈ છે.

વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા અને શુભકામનાઓ પાઠવવા માટે જામનગર જિલ્લા કલેકટરશ્રી કેતન ઠક્કરે પરીક્ષા કેન્દ્ર ડીસીસી હાઈસ્કુલની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે મળી શુભકામનાઓ પાઠવી હતી. કલેક્ટરએ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. કેન્દ્ર પર નિયુક્ત અધિકારીઓ, શિક્ષકો અને સ્ટાફ સાથે ચર્ચા કરીને તમામ સુવિધાઓ બેઠકોની વ્યવસ્થા, પાણી, વીજળી, સ્વચ્છતા તથા સુરક્ષા વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત હોવાનું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

પરીક્ષા કેન્દ્ર પર ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષા જીવનનું એક મહત્વપૂર્ણ પગથિયું છે, પરંતુ તે અંતિમ લક્ષ્ય નથી. વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે, શાંતિપૂર્વક અને સકારાત્મક મનોભાવથી પરીક્ષા આપવી જોઈએ. મહેનત અને સંકલ્પ જ સફળતાની ચાવી છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સમયપાલન, માર્ગદર્શિકા મુજબના નિયમોનું પાલન અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અનુરોધ કર્યો હતો.જામનગર જિલ્લામાં બોર્ડની પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જિલ્લા પ્રશાસન અને શિક્ષણ વિભાગ દ્વારા સુમેળભર્યું સંકલન સાધવામાં આવ્યું છે. પરીક્ષા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય પરિસ્થિતિ ન સર્જાય તે માટે જરૂરી તમામ પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લામાં ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષા કુલ ૧૬ કેન્દ્રો, ૧૦૧ સ્થળો ખાતે યોજવામાં આવી છે. જિલ્લામાં ધો.૧૦માં ૫૯ સ્થળો ખાતે ૫૭૭ બ્લોકમાં કુલ ૧૭,૩૪૩ વિદ્યાર્થીઓ, સંસ્કૃત પ્રથમાના ૪૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધો.૧૨માં ૪૨ સ્થળો પર ૩૦૩ બ્લોકમાં સામાન્ય પ્રવાહના ૯,૧૬૯, સંસ્કૃત માધ્યમના ૭૫ અને ૯૫ બ્લોકમાં વિજ્ઞાન પ્રવાહના ૧૯૦૫ વિદ્યાર્થીઓ મળી ધો.૧૨માં કુલ ૧૧,૧૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આમ જિલ્લામાં ૧૬ કેન્દ્રો ખાતે ધો.૧૦-૧૨માં કુલ ૨૮,૫૩૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષાલક્ષી કામગીરીમાં આશરે ૧૫૦૦ જેટલા અધિકારીઓ-કર્મચારીઓની નિમણુક કરવામાં આવી છે.

---

# એસ.ટી.ના કર્મીઓને ઓવર ટાઈમની રકમ ચૂકવવા હુકમ

ભાવનગર : એસ.ટી. નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચના પગાર ધોરણ મુજબ ઓવરટાઈમ ચૂકવી આપવાની પ્રબળ માંગણી છતાં નિગમ અને સરકારે કોઈ ધ્યાન ન આપતા મહામંડળ દ્વારા કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. જેમાં ઔદ્યોગિક અદાલતે એક વર્ષમાં ઓવરટાઈમની રકમ ચૂકવવા કર્મચારીઓના હિતમાં હુકમ કર્યો છે.એસ.ટી.ના કર્મચારીઓને હાલ નિગમ દ્વારા છઠ્ઠા પગાર ધોરણ મુજબ ઓવરટાઈમ ચૂકવાય છે. જેથી કર્મચારીઓમાં નારાજગી હોય, ગુજરાત એસ.ટી. કર્મચારી મહામંડળ દ્વારા કર્મચારીઓને ૭મા પગાર ધોરણ પર ઓવરટાઈમ ચૂકવવા અનેક વખત રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય રહેતા ગત તા.૧-૪-૨૦૧૮ના રોજ મહામંડળ દ્વારા અમદાવાદ ઔદ્યોગિક અદાલતનો દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. જેમાં મહામંડળના રેફરન્સ (આઈ.ટી.) નં૫૦/૨૦૨૩ મંજૂર કરી એસ.ટી. નિગમને હુકમ કરી તેમના કર્મચારીઓને તા.૧-૪-૨૦૧૮થી સાતમા પગારપંચના પગાર ધોરણ મુજબ ઓવરટાઈમની ચૂકવણી કરવી તેમજ ઓવરટાઈમના એરિયર્સની રકમ જે-તે કર્મચારીઓને એવોર્ડ પ્રસિદ્ધ થયા તારીખથી એક વર્ષમાં ત્રણ સરખા હપ્તામાં કામદારના બેન્ક ખાતામાં ચૂકવી આપવા અને નિયમત સમયમાં એરિયર્સની તમામ રકમની ચૂકવણી કરવામાં એસ.ટી. નિગમ કે તેના અધિકારી કસૂર કરે તો જે-તે કામદાર ઓવરટાઈમની કુલલેણી રકમ ઉપર નવ ટકા સાદું વ્યાજ એવોર્ડ પ્રસિદ્ધ થયા તારીખથી રકમ વસૂલ મળે ત્યાં સુધી મેળવવા હકદાર રહેશે તેવો ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધીકારી એચ.એ.ભુતવાલાએ હુકમ કર્યો છે.

## દેશની ખાંડ મિલો દ્વારા માર્ચ માટે મોટો ક્વોટા જાહેર કરાયો

# ખાંડ ઉત્પાદન વધતા બજારમાં મીઠાશ સાથે જથ્થો ઉભરાશે

## સિઝનના અંતે ખાંડનો સ્ટોક બાવન લાખ ટન વટાવી જવાની પૂરી શક્યતા

(એજન્સી) મુંબઈ | તા 26

દેશના કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ખાંડની મીઠાશ વધવાના સંકેતો મળી રહ્યા છે. કેન્દ્રીય અન્ન મંત્રાલય દ્વારા આગામી માર્ચ મહિના માટે ખાંડના વેચાણનો મસમોટો ક્વોટા જાહેર કરવામાં આવ્યો છે, જેની સીધી અસર સ્થાનિક બજાર અને સામાન્ય ગ્રાહકો પર જોવા મળશે. વર્તમાન પિલાણ સીઝન હવે તેના અંતિમ તબક્કામાં છે ત્યારે ઉત્પાદન અને પુરવઠાના આંકડાઓ ખાંડ ઉદ્યોગ માટે નવા સમીકરણો રચી રહ્યા છે. ખાસ કરીને મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોમાં શેરડીના મબલખ વાવેતરને પરિણામે ખાંડની લભ્યતામાં મોટો વધારો નોંધાયો છે.

સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, આગામી માર્ચ મહિના માટે દેશની ખાંડ મિલોને ખુલ્લા બજારમાં ૨૨.૫૦ લાખ ટન ખાંડ વેચવાની મંજૂરી આપવામાં આવી છે. ગત વર્ષના સમાન ગાળામાં આ આંકડો ૨૩ લાખ ટન આસપાસ રહ્યો હતો. ફેબ્રુઆરી મહિનામાં પણ સરકારે આટલી જ માત્રામાં જથ્થો છૂટો કર્યો હતો, જે દર્શાવે છે કે સરકાર બજારમાં ભાવ સ્થિર રાખવા અને પુરવઠો જાળવી રાખવા માટે કટિબદ્ધ છે. મિલો દ્વારા પિલાણની કામગીરી ફેબ્રુઆરીના મધ્યથી લગભગ પૂર્ણતાના આરે હોવાથી બજારમાં ખાંડનો ભરાવો થવાની ભીતિ સેવાઈ રહી હતી, પરંતુ સમયસર જાહેર કરાયેલા ક્વોટાથી બજારમાં સંતુલન જળવાઈ રહેશે.

મીડિયા અહેવાલ મુજબ, ઈન્ડિયન સુગર એન્ડ બાયોએનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનની તાજેતરની બેઠકમાં ચાલુ વર્ષના ઉત્પાદન અંગે મહત્વના અંદાજો રજૂ કરવામાં આવ્યા છે. આ વર્ષે ખાંડનું કુલ ઉત્પાદન ૩૨૪ લાખ ટન થવાની ધારણા છે. જોકે, સરકારની ઈથેનોલ પોલિસી મુજબ આશરે ૩૧ લાખ ટન ખાંડને ઈથેનોલ બનાવવા તરફ વાળવામાં આવશે. આ પ્રક્રિયા બાદ પણ દેશમાં નેટ ખાંડ ઉત્પાદન ૨૯૩ લાખ ટન આસપાસ રહેશે, જે ગત સીઝનની સરખામણીએ અંદાજે ૧૨ ટકા જેટલું વધારે છે. ગત વર્ષે ઈથેનોલ માટે ૩૫ લાખ ટનનો ઉપયોગ થયો હતો, જેની સરખામણીએ આ વખતે થોડો ઘટાડો જોવા મળ્યો છે.



બજારના નિષ્ણાતો માને છે કે આ વખતે ખાંડનો સ્ટોક પાછલી સીઝન કરતા વધુ મજબૂત રહેશે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં શેરડીના પાક માટે સાનુકૂળ વાતાવરણ રહેતા ઉત્પાદનક્ષમતા વધી છે. આ વધારાના ઉત્પાદનને કારણે સીઝન જ્યારે સત્તાવાર રીતે પૂર્ણ થશે, ત્યારે દેશમાં અંદાજે ૫૩ લાખ ટન જેટલો ખાંડનો સ્ટોક બચત તરીકે રહેશે. આટલો મોટો જથ્થો ઉપલબ્ધ હોવાથી ભવિષ્યમાં ખાંડના ભાવમાં અચાનક ઉછાળો આવવાની શક્યતા નહિવત છે. મિલો પણ આ જથ્થાને યોગ્ય રીતે બજારમાં મુકીને પોતાની નાણાકીય તરલતા જાળવી રાખવા પ્રયત્નશીલ છે.

વધતા ઉત્પાદન અને નિયંત્રિત પુરવઠાને કારણે સ્થાનિક બજારમાં ખાંડની કિંમતો સ્થિર રહેવાની આશા છે. મિલો માટે પણ પૂરતો ક્વોટા મળવો એ રાહતના સમાચાર છે કારણ કે તેનાથી તેઓ ખેડૂતોને શેરડીના ભાવ સમયસર ચૂકવી શકશે. જે રીતે શેરડીનું વાવેતર વધ્યું છે અને ઉત્પાદનમાં વૃદ્ધિ નોંધાઈ છે, તે જોતા આગામી મહિનાઓમાં ખાંડ ક્ષેત્રે તેજી સાથે સ્થિરતાનો માહોલ જોવા મળી શકે છે.

## IT શેરોમાં બે દાયકામાં સૌથી મોટો ઘટાડો

અમદાવાદ : સ્થાનિક માહિતી ટેકનોલોજી (આઈટી) કંપનીઓના શેર બે દાયકામાં સૌથી મોટો વેચવાલીનો સામનો કરી રહ્યા છે. આર્ટિફીશયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) ને કારણે નોંધપાત્ર વિક્ષેપની સંભાવનાએ રોકાણકારોની ચિંતા વધારી છે. મંગળવારે IT ઈન્ડેક્સ લગભગ ૫ ટકા ઘટતા આ મહિને તેનો કુલ ઘટાડો ૨૧ ટકા થયો છે. જો કે આજે બુધવારે નવી લેવાલીએ આઈટી શેરો સુધરતા નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૪૭૨ પોઈન્ટ વધ્યો હતો. જો ફેબુરઆરીના બાકીના ટ્રેડિંગ સત્રોમાં ઈન્ડેક્સની સ્થિતિમાં સુધારો નહીં થાય, તો તે એપ્રિલ ૨૦૦૩ પછીનો તેનો સૌથી ખરાબ માસિક દેખાવ હશે.વેચાણનો આ નવો રાઉન્ડ વૈશ્વિક રિસર્ચ કંપની સિટ્રિની ના એક અહેવાલ પછી આવ્યો છે, જે વૈશ્વિક ટેકનોલોજી સેવા ઉદ્યોગમાં એઆઈ ના વધતા પ્રભાવને પ્રકાશિત કરે છે. આ રિપોર્ટમાં એક એવી પરિસ્થિતિની રૂપરેખા આપવામાં આવી છે જેમાં ૨૦૨૭ સુધીમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઈન્ફોસિસ અને વિપ્રો જેવી મોટી ભારતીય આઈટી કંપનીઓમાં કરાર રદ કરવાની પ્રક્રિયા ઝડપી બની શકે છે કારણ કે એઆઈ-સક્ષમ કોડિંગ ટૂલ્સ ખર્ચ ઘટાડે છે અને પરંપરાગત ઓફશોર લેબર મોડેલ્સ પર નિર્ભરતા ઘટાડે છે.સિટ્રિની દલીલ કરે છે કે ભારતીય આઈટી સેવાઓ સ્પર્ધકો માટે આકર્ષક હતી અને પશ્ચિમી કંપનીઓની તુલનામાં નોંધપાત્ર રીતે સસ્તી હતી.

# News Brief

## ફંક્શનલ ટીનું વધતું વલણ: ટેટલી ગ્રીન ટી સ્લિમ કેર રોજિંદા સુખાકારીને પુનઃવ્યાખ્યાયિત કરી




મુંબઈ : ગ્રાહકોની બદલાતી પસંદગીઓના કારણે રોજિંદા જીવનમાં બેવરજીસ (પીણાં)ની પસંદગી પણ ઉદ્દેશાત્મક રૂપે થઈ રહી છે. ખાસ કરીને ફંકશનલ ટી. જે સરળ દૈનિક દિનચર્યાઓનો અભિન્ન અંગ બની રહી છે. જે કોઈપણ મોટા ફેરફારો વિના સંતુલિત જીવનશૈલીને ટેકો આપે છે.ગ્રીન ટી આ પરિવર્તનમાં એક પરિચિત આધાર તરીકે ઉભરી રહી છે. જે તેના કુદરતી એન્ટીઑકિસડન્ટ્સ અને હળવી-તાજગીભરી પ્રોફાઈલ સાથે મૂલ્યવાન બની છે. તેની વૈવિધ્યતા દિવસભર વપરાશને સરળ બનાવે છે, પછી ભલે તે કામના કલાકો દરમિયાન હોય કે સાંજના દિનચર્યાના ભાગરૂપે તે તીવ્રતાના બદલે સુસંગતતાને વેગ આપી રહી છે. ટેટલી ગ્રીન ટી સ્લિમ કેર ગ્રાહકોની એડેડ એલ કાર્નિટિન સાથે સજ્જ પ્રીમિયમ ગ્રીન ટીના ઉભરતા વલણને અનુરૂપ છે. જે શરીર પરની ચરબી દૂર કરવામાં મદદરૂપ થવાની સાથે સંતુલિત આહાર અને નિયમિત શારીરિક કસરતોનું મિશ્રણ છે. લેમન, હની અને જીંજર, મિન્ટ, અને લેમન ફ્લેવર્ડ વેરિયન્ટ્સમાં ઉપલબ્ધ ટેટલી ગ્રીન ટી સ્લિમ કેર પરિચિત ફ્લેવર અને સરળ વપરાશ મારફત દૈનિક દિનચર્યાને સમર્થન આપે છે. ઝડપી ઉકેલના બદલે રોજિંદા જીવનમાં એક નવા ઉમેરા સાથે ટેટલી ગ્રીન ટી સ્લિમ કેર આધુનિક દિનચર્યાનો કુદરતી રૂપે ભાગ બની રહેલી ફંક્શનલ ટીનું પ્રતિબિંબ છે.

## ભારત-કેનેડા વ્યાપાર સંબંધોમાં નવી ઊંચાઈ સર કરવા તૈયારી

ઓટાવા : ભારત અને કેનેડા વચ્ચેના આર્થિક સંબંધો હવે એક નવા વળાંક પર આવી પહોંચ્યા છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની આગામી ભારત મુલાકાત પૂર્વે બંને દેશો વચ્ચે વ્યાપારિક અને વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવાના સંકેતો મળી રહ્યા છે. એક્સપોર્ટ ડેવલપમેન્ટ કેનેડા (EDC) ના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનેડા પોતાને ભારતના ઉર્જા અને મહત્વના ખનિજ ક્ષેત્રે એક ભરોસાપાત્ર અને સ્થિર ભાગીદાર તરીકે જોઈ રહ્યું છે. આ મુલાકાતથી બંને દેશો વચ્ચે વર્ષોથી અટકેલી વ્યાપારિક મંત્રણાઓને નવી ગતિ મળવાની અપેક્ષા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કેનેડા પાસે ખનિજ સંસાધનોનો વિશાળ ભંડાર છે, જે ભારતની વધતી જતી ઔદ્યોગિક માંગ અને વસ્તીની જરૂરિયાતોને પૂરી કરવા માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે. એક્સપોર્ટ ડેવલપમેન્ટ કેનેડાના વાઈસ પ્રેસિડેન્ટ તુષાર હાંડેકરે જણાવ્યું હતું કે, "કેનેડા પાસે માત્ર ખનિજો જ નહીં, પણ તેલ અને ગેસ જેવા ઉર્જા સંસાધનોનો પણ મોટો જથ્થો છે. ભારતની વધતી માંગને પહોંચી વળવા કેનેડા એક સુસંગત અને સ્થિર ભાગીદાર બની શકે છે." આ ભાગીદારીથી ભારતને તેના ઉત્પાદન ક્ષેત્ર માટે જરૂરી કાચો માલ સરળતાથી મળી રહેશે.મીડિયા અહેવાલ મુજબ, ભારત અને કેનેડા વચ્ચે 'કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' (CEPA) પર ફરીથી વાટાઘાટો શરૂ કરવા માટે બંને દેશોના વડાપ્રધાનો સહમત થયા છે. કેનેડાના આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંત્રી મનિન્દર સિદ્ધુએ આશા વ્યક્ત કરી છે કે આ વર્ષના અંત સુધીમાં મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) પૂર્ણ થઈ શકે છે. વર્ષ ૨૦૧૦થી ચાલી રહેલી આ મંત્રણાઓ અનેકવાર અટકી પડી હતી.

## પ્રવાસન ક્ષેત્રનો જીડીપી ફાળો દસ ટકા કરવાનું સરકારનું લક્ષ્ય

નવી દિલ્હી : ભારતની અર્થવ્યવસ્થામાં પ્રવાસન ઉદ્યોગ હવે એક નિર્ણાયક સ્તંભ તરીકે ઉભરી રહ્યો છે. કેન્દ્રીય પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું છે કે પ્રવાસન હવે રાષ્ટ્રીય વિકાસના કેન્દ્રમાં છે અને સરકાર આ ક્ષેત્રનો જીડીપી (GDP) માં ફાળો હાલના ૬ ટકાથી વધારીને ૧૦ ટકા કરવાના વિઝન સાથે કામ કરી રહી છે. નવી દિલ્હીના દ્વારકા સ્થિત યશોભૂમિ ખાતે આયોજિત 'સાઉથ એશિયા ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ એક્સચેન્જ' (SATTE) ની ૩૩મી વાર્ષિક આવૃત્તિના ઉદઘાટન પ્રસંગે તેમણે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ વર્ષે 'સાટ્ટે' (SATTE) એશિયાના સૌથી મોટા ટ્રાવેલ માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે. ૩૩ વર્ષની આ સફરને આગળ ધપાવતા આ કાર્યક્રમમાં ભારત અને વિદેશના ૨૦૦૦ થી વધુ પ્રદર્શનકર્તાઓ (Exhibitors) ભાગ લઈ રહ્યા છે. દેશના લગભગ દરેક રાજ્યની પ્રવાસન ક્ષમતાને પ્રદર્શિત કરવા માટે વિશાળ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે. મંત્રીએ ઉમેર્યું કે, અહીં યોજાનારી B2B અને B2C બેઠકો ભારતના પ્રવાસન સંભવિતતાને વધુ વિકસિત અને વિકેન્દ્રિત કરવામાં ચોક્કસપણે મદદરૂપ થશે. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વડાપ્રધાનના નેતૃત્વમાં ભારતની પ્રવાસન ક્ષમતાને 'વિકસિત ભારત' ના વિઝન મુજબ વિકસાવવામાં આવી રહી છે. પ્રવાસન ક્ષેત્ર માત્ર ફરવા-હરવા પૂરતું મર્યાદિત ન રહેતા, તે ભારતની અર્થવ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ઘટક બને તેવા પ્રયાસો થઈ રહ્યા છે. આ ક્ષેત્રનો જીડીપી ફાળો વધારવાથી લાખો નવા રોજગારની તકો ઉભી થશે અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે.

## ગોદરેજ ઈન્ટેરિયોએ ક્રાફ્ટ, આરામ અને જવાબદાર ડિઝાઈન પર કેન્દ્રિત નવા સોફ્ટ ફર્નિશિંગ કલેક્શન લૉન્ચ કર્યા

મુંબઈ : ગોદરેજ એન્ટરપ્રાઈઝિસ ગ્રુપની અગ્રણી ફર્નિચર બ્રાન્ડ, ઈન્ટેરિયો બાય ગોદરેજે, ગ્રાહકોને તેમની જગ્યાઓને આરામથી રિફ્રેશ કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલા નવા સોફ્ટ ફર્નિશિંગ કલેક્શનના લોન્ચ સાથે તેની હોમ ઓફરિંગનું વિસ્તરણ કર્યું છે. આ પગલાથી આધુનિક ભારતીય ઘરો માટે ડિઝાઈન કરવામાં આવેલી બ્રાન્ડ તરીકે ઈન્ટેરિયોની સ્થિતિ મજબૂત બની છે, સાથે જ આરામ, કારીગરી અને કાયમી આકર્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને વિકસતી જીવન જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ફર્નિચરથી આગળ તેની પ્રોડક્ટનું વિસ્તરણ કરે છે. નવી રજૂ કરવામાં આવેલી રેન્જમાં કુશન કવર, થ્રો, ટેબલ લિનન અને હેન્ડલૂમ કાપડ અને હાથથી ભરતકામ કરેલી તકનીકનો ઉપયોગ કરીને બનાવેલા ગાલીચાનો સમાવેશ થાય છે. હેરલૂમ નાગા જેવા કારીગર સમૂહો સાથે ભાગીદારી દ્વારા, બ્રાન્ડનો ઉદ્દેશ્ય સ્વદેશી હસ્તકલાને પુનર્જીવિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં વારસા-આધારિત તકનીકોને સમકાલીન ડિઝાઈનને લગતી ભાવનાઓ સાથે મિશ્રિત કરવામાં આવે છે, જે આજના ગ્રાહકોની પસંદી સાથે મેળ ખાય છે. ગોદરેજ ઈન્ટેરિયોના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કન્ઝ્યુમર બિઝનેસના વડા ડૉ. દેવ નારાયણ સરકારે જણાવ્યું હતું કે, "આજના આધુનિક ભારતીય ઘરો પહેલા કરતાં વધુ પરિવર્તનીય છે, તે કામ કરવા, ભેગા થવા, આરામ કરવા અને વ્યક્તિત્વને વ્યક્ત કરવા માટેના સ્થળો છે અને ગ્રાહકો એવા ઉત્પાદનો શોધે છે જે કાર્યક્ષમતા, સૌંદર્ય અને ટકાઉપણાને એકસાથે લાવે છે. અમારું સોફ્ટ ફર્નિશિંગ કલેક્શન આ સમજણની આસપાસ નિર્મિત છે, જે સંપૂર્ણ ઓવરહોલ વિના આંતરિક ભાગને તરોતાજા અને વ્યક્તિગત બનાવવાની સુગમતા પ્રદાન કરે છે.

### રિઝર્વ બેંકના નિયમનકારી ધોરણો સખત બનતા નવા કાર્ડસ જારી કરવાની માત્રા ધીમી પડી

## ડિસેમ્બરની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ઘટાડો

મુંબઈ : ડિસેમ્બરની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ઘટાડો જોવા મળ્યો છે. ડિસેમ્બરમાં ૨.૦૫ ટ્રિલિયનની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચનો આંક રૂપિયા બે ટ્રિલિયન રહ્યો છે.વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વાર્ષિક ધોરણે આઠ ટકા ઊંચો રહ્યો છે. ડિસેમ્બરમાં ૧૧.૫૭ કરોડની સરખામણીએ ક્રેડિટ કાર્ડસની સંખ્યા જાન્યુઆરીમાં વધી ૧૧.૬૬ કરોડ રહી છે, એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે. જાન્યુઆરીમાં પોઈન્ટ ઓફ સેલ ખાતે કાર્ડસ મારફતનો ખર્ચ ડિસેમ્બરની સરખામણીએ ૩.૧૭ ટકા ઘટી રૂપિયા ૭.૫૯ ટ્રિલિયન રહ્યો છે. ઈ-કોમર્સ પર પણ કાર્ડસ મારફતનો ખર્ચ ૨.૪૫ ટકા ઘટી રૂપિયા ૧૨.૩૦ ટ્રિલિયન રહ્યો છે.નવેમ્બર-ડિસેમ્બરમાં તહેવારોની મોસમ સમાપ્ત થયા બાદ જાન્યુઆરીમાં સામાન્ય રીતે ઉપભોગ ખર્ચમાં ઘટાડો થતો હોય છે. રિઝર્વ બેન્ક દ્વારા એનસિકયોર્ડ ધિરાણ ધોરણો સખત બનાવાતા કાર્ડસનો ઉમેરો પણ મંદ પડયો છે. બેન્કો કવોલિટી પર વધુ ધ્યાન આપવા લાગતા તેમના દ્વારા કાર્ડસ જારી કરવાની



ગતિ ધીમી પડી છે.વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી જાન્યુઆરીના ગાળામાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વધી રૂપિયા ૧૯.૬૪ ટ્રિલિયન રહ્યો છે જે ગયા નાણાં વર્ષના સમાનગાળામાં રૂપિયા ૧૭.૪૦ ટ્રિલિયન રહ્યો હતો.જો કે કાર્ડસનો ઉમેરો ધીમો પડયો છે. એપ્રિલથી જાન્યુઆરી, ૨૦૨૪-૨૫માં ૭૦.૭૦ લાખની સામે એપ્રિલથી જાન્યુઆરી, ૨૦૨૫-૨૬માં કાર્ડસનો ઉમેરો ધીમો પડી ૬૭.૭૦ લાખ રહ્યો હોવાનું પણ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. કાર્ડસ જારી કરતી બેન્કોએ રિઝર્વ બેન્કના નિયમનકારી ધોરણોને કારણે પ્રીમિયમ ગ્રાહકોને જ કાર્ડ જારી કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. આને પરિણામે કાર્ડસ જારી કરવાની માત્રા ધીમી રહી હતી.

### પ્રેમનો ગ્લો ક્ષણિક, FEMનો ગ્લો લાંબા સમય સુધી

## ગુરલીન પન્નુ અને સ્વાતિ સચદેવા સાથે FEMની નવી સિંગલ - યુઝ ફેશિયલ કીટ રેન્જ લોન્ચ

અમદાવાદ : ડાબર હાઉસની ભારતની અગ્રણી અને સૌથી વિશ્વસનીય ફેશિયલ બ્લીચ બ્રાન્ડ, FEM (ફેમ) એ બે અદ્યતન સિંગલ-યુઝ ફેશિયલ ટ્રીટમેન્ટ કીટ : નિયાસીનામાઈડ ગ્લાસ ગ્લો (Niacinamide Glass Glow) અને હાયલ્યુરોનિક લુમી બ્રાઈટ (Hyaluronic Lumi Bright) લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ લોન્ચને અનોખા ડિજિટલ કેમ્પેઈન સાથે જોડવામાં આવ્યો છે, જેમાં જાણીતી સ્ટેન્ડ-અપ કોમેડિયન કલાકારો ગુરલીન પન્નુ અને સ્વાતિ સચદેવા સામેલ થયા છે. પ્રેમની ચમક થોડા સમય માટે ટકી શકે છે, પરંતુ FEMની ચમક લાંબા સમય સુધી ટકી રહે તેવી રીતે ડિઝાઈન કરાઈ છે." આ થીમ પર આધારિત કેમ્પેઈન પ્રેમમાં નિષ્ફળતા પછીના સમયમાં સેલ્ફ-લવ અને સેલ્ફ-કેરના મહત્ત્વને હાસ્યસભર અંદાજમાં રજુ કરે છે. બ્રેકઅપ પછી આત્મવિશ્વાસમાં આવતા ઘટાડાને ધ્યાનમાં રાખીને FEM સ્કિનકેરને માત્રસ્કિન કેર




રુટન નહી પરતુ "કમબક રિચ્યુઅલ" તરીકે રજુ કરે છે. ગુરલીન પન્નુ અનેસ્વાતિ સચદેવાની મજાકમાં બ્રેકઅપ શિષ્ટાચારની ચર્ચા કરતી વાયરલ ક્લિપ્સને કારણે આ ઝુંબેશને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી. બ્રેકઅપ પછીના કલ્ચરમાં લોન્ચને સ્થાન આપીને - એક એવો સમય જ્યારે આત્મસન્માન ઘણીવાર કામચલાઉ રીતે ખોવાઈ જાય છે - FEM ત્વચાની કેર ફક્ત એક નિયમિત તરીકે જ નહીં, પરંતુ કમબેક રિચ્યુઅલ તરીકે પણ સ્થાન આપે છે.

## ભારતીય બજાર દ્વારા દસ વર્ષમાં રેકોર્ડબ્રેક મૂડી એકત્રીકરણ કરાયું

નવી દિલ્હી: ભારતીય અર્થતંત્ર અને મૂડી બજાર માટે છેલ્લા દસ વર્ષ સુવર્ણકાળ સમાન સાબિત થયા છે. સેબી (SEBI) ના અધ્યક્ષ તુહિન કાંત પાંડેએ બુધવારે એક મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધીના ગાળામાં ભારતીય બજાર દ્વારા ઈક્વિટી અને ડેટ ઈશ્યુન્સ દ્વારા અંદાજે ૧૦૫ ટ્રિલિયન ડોલર જેટલી માતબર રકમનું મૂડી એકત્રીકરણ કરવામાં આવ્યું છે. આ આંકડો ભારતીય બજારની વધતી જતી ઊંડાઈ અને રોકાણકારોના અતૂટ વિશ્વાસનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.સેબી ચીફના જણાવ્યા અનુસાર, ભારતનું આઈપીઓ માર્કેટ (IPO Market) અત્યંત ગતિશીલ રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં એપ્રિલ થી જાન્યુઆરી દરમિયાન જ ૩૨૯ આઈપીઓ દ્વારા કંપનીઓએ ૧.૮ ટ્રિલિયન ડોલર એકત્ર કર્યા છે, જે પાછલા નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ૧.૭ ટ્રિલિયન ડોલર (૩૨૦ આઈપીઓ) કરતા વધુ છે. આ આંકડા માત્ર બજારની ક્ષમતા જ નહીં, પરંતુ લાંબા ગાળાની મૂડી મેળવવા માટે પબ્લિક માર્કેટ પર ઈશ્યુઅર્સના વધતા ભરોસાને પણ દર્શાવે છે. સેબીએ એન્કર ઈન્વેસ્ટર્સ માટેનો હિસ્સો વધારીને ૪૦ ટકા કર્યો છે, જેથી મ્યુચ્યુઅલ ફંડ અને પેન્શન ફંડ જેવા સંસ્થાગત રોકાણકારોની ભાગીદારી સુધરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં પણ વાર્ષિક ૧૨ ટકાના દરે વૃદ્ધિ નોંધાઈ છે અને જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં તે ૫૮.૨ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચી ગયું છે. એસેટ મેનેજમેન્ટ ઉદ્યોગમાં પણ માળખાગત સુધારો જોવા મળ્યો છે. મ્યુચ્યુઅલ ફંડની કુલ એસેટ્સ (AUM) વર્ષ ૨૦૧૬ માં જે ૧૨ ટ્રિલિયન રૂપિયા હતી, તે હવે વધીને લગભગ ૮૧ ટ્રિલિયન રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. આ પરિવર્તન સામાન્ય નાગરિકોમાં નાણાકીય રોકાણ પ્રત્યે વધતી જાગૃતિ સૂચવે છે.

## દાદર જીવનને અસ્ત-વ્યસ્ત કરી દે છે, છતાં જુની બીમારીઓથી પરેશાન અડધાથી વધુ વૃદ્ધ ભારતીયો પોતાના ડોક્ટર્સ સાથે નિવારણ અંગે વાત કરતા નથી

મુંબઈ - શિંગલ્સ એક્શન વીક (23 ફેબ્રુઆરી - 1 માર્ચ, 2026) પહેલા લોન્ચ કરાયેલા એક નવા ગ્લોબલ સર્વેમાં ભારતમાં કેટલીક લાંબા ગાળાની બીમારીઓથી પીડાતા 50 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના લોકો પર દાદરની ગંભીર અસરો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ સર્વેમાં નિવારણ સંબંધિત ચર્ચાઓમાં મોટું અંતર હોવાનું પણ બહાર આવ્યું છે. જીએસકે દ્વારા હાથ ધરાયેલા આ સર્વેમાં જણાવાયું છે કે દાદરની સમસ્યાથી પીડાતા 43 ટકા સહભાગીઓએ ગંભીર અને રોજબરોજના જીવનમાં વિક્ષેપ લાવે તેવો દુ:ખાવો હોવાની ફરિયાદ કરી હતી, જ્યારે ત્રણમાંથી એક વ્યક્તિએ જણાવ્યું હતું કે આ સમસ્યાથી તેઓ કામ કરી શકતા નહોતા કે સામાજિક પ્રસંગોમાં હાજર રહી શકતા નહોતા. ક્રોનિક કિડની ડિસીઝ (સીકેડી) અને કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ (સીવીડી)થી પીડાતા દર્દીઓને સૌથી વધુ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો જ્યારે ડાયાબિટીસ અને સીવીડી દર્દીઓને મોટાપાયે લાગણીકીય સમસ્યાઓ નડી



હતી.દાદર એક પીડાદાયક અને નુકસાનકારક બીમારી છે જે varicella-zoster virus (VZV) ફરીથી સક્રિય થવાના લીધે થાય છે. આ એ જ વાઈરસ છે જેના લીધે અછબડા થાય છે. જેમ જેમ લોકોની ઉંમર વધે તેમ ચેપ સામેની રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે જેનાથી દાદર થવાનું જોખમ વધે છે. દાદર સામાન્ય રીતે શરીરના એક ભાગ પર ફોલ્લી તરીકે શરૂ થાય છે અને તેના પછી છાતી, પેટ કે ચહેરા પર પીડા થાય તેવા ફોલ્લા થાય છે. દાદર માત્ર રસી લેવાથી જ નિવારી શકાય છે.સર્વેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે દાદર અને તેની અસરોના જોખમ હોવા છતાં લાંબા ગાળાની આરોગ્ય સમસ્યા ધરાવતા ચારમાંથી લગભગ એક સહભાગીને દાદર વિશે લગભગ કશી ખબર નથી અને ત્રણમાંથી લગભગ એક વ્યક્તિ સમજાવી શકતી નથી કે તેમની ગંભીર બીમારી કેવી રીતે દાદરનું જોખમ વધારી શકે છે. આ મુદ્દા દર્શાવે છે કે આવી ગંભીર આરોગ્યની સમસ્યાઓ ધરાવતા વૃદ્ધોમાં ડોક્ટરની નિયમિત મુલાકાત દરમિયાન દાદર અંગેની ચર્ચાઓ ઘણીવાર થતી નથી. 50 વર્ષ અને તેનાથી વધુ વયના લગભગ 75 ટકા ભારતીય સહભાગીઓ નિયમિત રીતે ડોક્ટરની મુલાકાત લેતા હોવા છતાં લગભગ અડધા (48 ટકા) લોકોનું કહેવું છે કે તેમણે ડોક્ટર સાથે કદી દાદર અંગે ચર્ચા કરી નથી. ડાયાબિટીસ (49 ટકા) અને સીવીડી (37 ટકા)ની સમસ્યા ધરાવતા ઉત્તરદાતાઓએ તેમના ડોક્ટર્સ સાથે દાદર અંગે ખૂબ જ ઓછી ચર્ચા કરી હોવાની સંભાવના છે.

### રિયલ એસ્ટેટ | રિયલ એસ્ટેટ કંપનીઓ દ્વારા પંદર ટકા પ્રી-સેલ્સ ગ્રોથ

## રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેજી છતાં શેરબજારમાં રોકાણકારો નિરુત્સાહ

(એજન્સી) મુંબઈ | તા 26

ભારતનું રિયલ એસ્ટેટ ક્ષેત્ર હાલમાં એક અજીબ વિરોધાભાસમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ જમીની સ્તરે મકાનોની માંગ અને વેચાણ મજબૂત છે, જ્યારે બીજી તરફ શેરબજારમાં આ ક્ષેત્રની કંપનીઓના શેરોમાં સતત નબળાઈ જોવા મળી રહી છે. એચએસબીસી (HSBC) ના તાજેતરના અહેવાલ મુજબ, મોટી રિયલ એસ્ટેટ કંપનીઓ બજારમાં માંગ વધારી રહી છે અને તેમનું સંચાલન પ્રદર્શન પણ સુદ્રઢ છે, તેમ છતાં રોકાણકારોમાં આ ક્ષેત્રના ભાવિને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. ઓછી વણવેચાયેલી પ્રોપર્ટી અને અંકુશિત દેવાના સ્તર છતાં સ્ટોક માર્કેટમાં રિયલ્ટી સેક્ટર સંઘર્ષ કરી રહ્યું છે.

રહેણાંક મકાનોના પ્રી-સેલ્સમાં સતત સ્થિરતા જોવા મળી રહી છે. દેશના મુખ્ય ૧૭ ડેવલપર્સના જૂથમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ નવ મહિનામાં બુકિંગ મૂલ્યમાં ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. આ અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૫માં વાર્ષિક ધોરણે ૨૪ ટકાની ધમાકેદાર વૃદ્ધિ જોવા મળી હતી, જે સ્પષ્ટ કરે છે કે ગ્રાહકોમાં ઘર ખરીદવાનો ઉત્સાહ હજુ પણ બરકરાર છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે મોટા ભાગના



લિસ્ટેડ ડેવલપર્સ તેમના વાર્ષિક લક્ષ્યાંકના ૭૦ ટકા જેટલું બુકિંગ પૂર્ણ કરી ચૂક્યા છે. ખાસ કરીને મધ્યમ અને નાની કંપનીઓની સરખામણીએ મોટી રિયલ એસ્ટેટ કંપનીઓ વધુ સારું પ્રદર્શન કરી રહી છે.

ઓપરેશનલ મોરચે સારી કામગીરી હોવા છતાં શેરબજારમાં સ્થિતિ વિપરીત છે. ઉપલબ્ધ ડેટા મુજબ, બીએસઈ (BSE) રિયલ્ટી ઈન્ડેક્સમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮ ટકાનો ઘટાડો થયો છે, જેની સરખામણીએ નિફ્ટી-૫૦ માં માત્ર ૨.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪ થી અત્યાર સુધીમાં રિયલ્ટી ઈન્ડેક્સ અંદાજે ૨૩ ટકા જેટલો તૂટ્યો છે, જ્યારે નિફ્ટીએ આ જ ગાળામાં ૮ ટકાથી વધુનો વળતર આપ્યું છે. રોકાણકારોને ડર છે કે રહેણાંક માંગનું ચક્ર હવે ધીમું પડી શકે છે અને નવા પ્રોજેક્ટ્સમાં નફાના ગાળા (માર્જિન) ઘટી શકે છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, રોકાણકારો મુખ્યત્વે રોકડ પ્રવાહ (કેશ ફ્લો) અને વેચાણના ઘટતા વોલ્યુમને લઈને ચિંતિત છે. ભલે બુકિંગ મૂલ્ય વધી રહ્યું હોય, પણ વેચાતા એકમોની સંખ્યામાં ઘટાડો રોકાણકારો માટે ચિંતાનો વિષય બન્યો છે. જોકે, એચએસબીસીના મતે ઉદ્યોગનું એકંદર આરોગ્ય મજબૂત છે. લિસ્ટેડ કંપનીઓ પાસે પૂરતું બેલેન્સ શીટ ફંડ છે અને દેવાનું પ્રમાણ ઓછું છે, જે તેમને વ્યાજ ખર્ચ ઘટાડવામાં અને પ્રોજેક્ટ રિટર્ન સુધારવામાં મદદરૂપ થશે. હાલમાં વણવેચાયેલ ઈન્વેન્ટરીનું સ્તર એક થી બે વર્ષનું છે, જે બજારની સ્થિરતા દર્શાવે છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે હવે ચોથું ક્વાર્ટર અત્યંત મહત્વનું બની રહેશે. પૌરાણિક રીતે આ સમયગાળો ડિલિવરી, વેચાણ અને કલેક્શન માટે સૌથી મજબૂત માનવામાં આવે છે. નિષ્ણાતો માને છે કે ચોથા ક્વાર્ટરના પરિણામો આ ક્ષેત્રની ભાવિ દિશા નક્કી કરશે. જો કંપનીઓ રોકડ સંગ્રહ અને નવા પ્રોજેક્ટ લોન્ચમાં તેજી જાળવી રાખશે, તો શેરબજારમાં પણ ફરીથી વિશ્વાસ પાછો આવી શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-11

# રાહુલ પછી હવે પ્રિયંકા પણ મોદી પર ભડક્યા

યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખની ધરપકડ થયા પછી રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડે હાથ લીધા હતા. અમેરિકા સાથેની ટ્રેડ ડીલ મામલે વડાપ્રધાન પર એમણે ગંભીર આક્ષેપો કર્યા હતા. હવે કોંગ્રેસના સાંસદ પ્રિયંકા વાડ્રા ગાંધી પણ મોદી પર ભડક્યા છે. નરેન્દ્ર મોદી ઈઝરાયલના પ્રવાસે ગયા છે ત્યારે મોદીના ઈઝરાયલ પ્રવાસ વિશે પ્રિયંકા ગાંધીએ ટીપ્પણી કરી છે. એમણે કહ્યું છે કે, 'અમને આશા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના ઈઝરાયલ પ્રવાસ દરમિયાન ક્નેસેટ (ઈઝરાયલની સાંસદ)ને સંબોધીત કરતી વખતે ગાઝામાં હજારો નિર્દોષ પુરુષો, મહિલાઓ અને બાળકોના નરસંહારનો ઉલ્લેખ પણ કરશે. ગાઝાના નિર્દોષો માટે ન્યાયની માંગણી પણ કરશે. ભારત એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે હંમેશા બધા સાથે ઉભું રહ્યું છે. આપણે દુનિયાને સત્ય, શાંતિ અને ન્યાયનો રસ્તો બતાવવાનું ચાલુ રાખવું જોઈએ.'ચીનની કંપનીની સહાયતાથી બનેલી દિલ્હી - મેરઠ રેપીડ રેલ યોજનાનું વડાપ્રધાન મોદી અત્યાર સુધીમાં ચાર વખત ઉદ્ઘાટન કરી ચૂક્યા છે. ૨૦૨૩ની ૨૦મી ઓક્ટોબરે શાહીદાબાદથી લઈને દુહૈય સુધી ૧૭ કીલોમીટરના માર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બીજી વખત ૨૦૨૪ની ૬થી માર્ચે દુહૈય ડેપોથી માંડીને મોદી નગર સુધી બીજા ૧૭ કીલોમીટર રેલ્વે માર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ૨૦૨૫ની પાંચમી જાન્યુઆરીએ ત્રીજી વખત મોદીએ શાહીદાબાદથી ન્યુ અશોકનગરના ૧૩ કીલોમીટર રેલ્વે માર્ગનું ઉદ્ઘાટન કર્યું હતું. હવે થોડા દિવસો પહેલા એમણે કાલકાથી મેરઠ સુધીના રેલ્વે માર્ગનું ચોથી વખત ઉદ્ઘાટન કર્યું છે. કોઈ એક જ યોજનાનું ઉદ્ઘાટન સૌથી વધુ વખત કરવાનો આ વિશ્વવિક્રમ હોય શકે. આ બાબતે વડાપ્રધાને વિશ્વના બીજા વડાપ્રધાનોને પાછળ રાખી દીધા છે.ઓસ્ટ્રેલિયામાં કેટલાક કટ્ટરવાદીઓએ ભારત વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો છે. ખાસ કરીને શીખો વિરુદ્ધનો ધિક્કાર ઝડપથી ફેલાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના જાતીવાદી નેતા થોમસ સેવેલએ ભારતીઓને દેશ છોડવાની ધમકી આપી છે. સેવેલે કહ્યું હતું કે, અમે નથી ઈચ્છતા કે ઓસ્ટ્રેલિયા ભારત અને સુદાન જેવું બને. ઓસ્ટ્રેલિયા ફક્ત ગોરાઓ માટે છે. ભારતીઓએ દેશ છોડી દેવો જોઈએ ક્યાં તો એમને હાંકી કાઢવા જોઈએ. ઓસ્ટ્રેલિયામાં બે લાખથી વધુ શીખો અને દસ લાખ જેટલા બીજા ભારતીઓ રહે છે. જોકે ઓસ્ટ્રેલિયન સરકારે સેવેલના નિવેદનને ટેકો આપ્યો નથી. ગૃહમંત્રી ટોમી બર્કએ વચન આપ્યું છે કે ભારતીઓ વિરુદ્ધ નફરત ફેલાવનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સેવેલના સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક પર ઓસ્ટ્રેલિયાની સરકારે પ્રતિબંધ મૂક્યો છે.સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ બાબતે અવિમુક્તેશ્વરાનંદના શિષ્યો ખૂબ નારાજ છે. વિવાદ વચ્ચે સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર એમ નાગેશ્વર રાવ વારાણસી સ્થિત શ્રી વિદ્યામઠ ખાતે પહોંચીને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને બંધ બારણે મળ્યા હતા. શરૂઆતમાં તો આ મુલાકાતને શિષ્ય - ગુરુની પરંપરાગત મુલાકાત બતાવવામાં આવી હતી. જોકે પાછળથી સાચુ કારણ બહાર આવ્યું. સુત્રોના જણાવ્યા પ્રમાણે નિવૃત્તી પછી એમ નાગેશ્વર રાવ બીજા કેટલાક નિવૃત્ત અધિકારીઓ અને પત્રકારો સાથે મળીને એક સિવિલ સોસાયટી સંસ્થામાં જોડાયા છે. આ સંસ્થા પ્રયાગરાજના મેળામાં મૌની અમાવસ્યાના દિવસે થયેલા વિવાદ સાથે સંકળાયેલી વિગતોની તપાસ કરે છે. આ તપાસના સંદર્ભમાં એમ નાગેશ્વર રાવએ અવિમુક્તેશ્વરાનંદ સાથે વાતચીત કરી હતી. શંકરાચાર્યની પાલખી યાત્રા શા માટે રોકવામાં આવી હતી તેમજ પોલીસ અને પ્રશાસનની ભૂમિકા કેવી હતી એ વિશે ચર્ચા કરવામાં આવી હતી.નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) એ પ્રકાશિત કરેલા ૮માં ધોરણમાં પ્રકાશિત કરેલા પુસ્તકમાં ઘણા છબરડા જોવા મળ્યા હતા. આ છબરડા સોશ્યલ સાયન્સના પુસ્તકના બીજા ભાગમાં કરવામાં આવ્યા હતા. આ પુસ્તકમાં સ્વામી વિવેકાનંદ, બીરશા મુંડા જેવી મહાન વ્યક્તિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવાનો ઉદેશ હતો. કાળા પાણીની સજા, કુકા આંદોલન, પાયકા આંદોલનનો પણ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. એનસીઈઆરટીના ડાયરેક્ટરના કહેવા પ્રમાણે પુસ્તકના છબરડા હવે સુધારી લેવામાં આવ્યા છે. ભારતના સ્વતંત્રતા સંગ્રામના લડવૈયાઓને આતંકવાદી ગણાવવામાં આવ્યા હતા.

# જૂનાગઢની નોબલ યુનિવર્સિટીમાં યુવા શક્તિનું મહાસંગમ: 'નોબલ એન્ડેવર – 2026' ની અદભૂત સફળતા

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૨૬ . નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે તા. 22 ફેબ્રુઆરી, 2026 ના રોજ આયોજિત નેશનલ લેવલ મેગા યુથ ફેસ્ટિવલ "નોબલ એન્ડેવર - 2026" ઉત્કૃષ્ટ આયોજન, સુવ્યવસ્થિત સંકલન અને વિશાળ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ સાથે ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. યુવાનોની સર્જનાત્મકતા, નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્રીય સ્તરે પ્રતિભા પ્રદર્શન માટે આ કાર્યક્રમ એક સશક્ત મંચ સાબિત થયો હતો.આ મહોત્સવમાં વિવિધ શાળા અને કોલેજોમાંથી અંદાજિત 5,000થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ રાજ્યોમાંથી આવેલા પ્રતિસ્પર્ધીઓ એ પોતાની પ્રતિભા, કૌશલ્ય અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કરી કાર્યક્રમને રાષ્ટ્રીય સ્તરની ઊંચાઈ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના MBA, BBA, M.Com અને B.Com ના વિદ્યાર્થીઓ દ્વારા અત્યંત જવાબદારીપૂર્વક અને વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું, જે તેમની આયોજન ક્ષમતા અને ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત લાઈવ મ્યુઝિક કોન્સર્ટ, ફેશન શો, સોલો અને ગ્રુપ ડાન્સ, સ્ટેન્ડ-અપ કોમેડી તેમજ વિવિધ ટેકનિકલ, સાંસ્કૃતિક, મેનેજમેન્ટ અને સ્પોર્ટ્સ આધારિત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. રીલ મેકિંગ, ફોટોગ્રાફી, રંગોળી, મહેંદી, પોસ્ટર પ્રેઝન્ટેશન, ટ્રેઝર હન્ટ, ટેકનો મેનેજમેન્ટ ક્વિઝ, કેસ સ્ટડી, એસે રાઈટિંગ અને શાર્ક ટેન્ક જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ એ સક્રિય ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા અને બુદ્ધિપ્રતાભાનું પ્રદર્શન કર્યું હતું. દરેક સ્પર્ધા માટે નિષ્ણાત જજ પેનલ દ્વારા પારદર્શક અને ગુણાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સમગ્ર કેમ્પસમાં યુવાનોનો ઉત્સાહ, સંસ્કૃતિનો રંગ અને સ્પર્ધાત્મક ભાવના સ્પષ્ટપણે જોવા મળી હતી.

# મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનાના રૂપિયા 123 કરોડના ચકચારી કૌભાંડમાં....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બનેલા નલ સે જલ યોજના ના 123 કરોડના મહા કૌભાંડમાં cid crime દ્વારા વોસમો યુનિટના એકાઉન્ટ વૈભવ બાબુલાલ સેંગાણીની ની ધરપકડ કરવામાં આવી છે અને આ કૌભાંડીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

નલ સે જલ યોજનાના આ બહુચરચીત કૌભાંડમાં હજી પણ 100 જેટલા ઈજારેદારો અને બાકીના કર્મચારીઓ cid ક્રાઈમની પકડમાં આવ્યા નથી નલ સે જલ યોજનામાં ધરપકડ કરવામાં આવેલા વૈભવ અને યુનિટ મેનેજર રાજપરા ની સહીઓ દ્વારા જ આ રૂપિયા ૧૨૩ કરોડ ના મહા કૌભાંડમાં કરોડો રૂપિયાની ચુકવણીના વ્યવહાર કરવામાં આવતા હતા ત્યારે આ નલ સે જલ યોજનાના કૌભાંડમાં પાણી સમિતિના નામના ચેક બનાવવામાં આવતા હતા અને કરોડો રૂપિયા ભ્રષ્ટાચારિયો સુધી પહોંચાડવામાં આવતા હતા તેવું સાંભળવા મળી રહ્યું છે ત્યારે વાસ્મો કચેરીના એકાઉન્ટન્ટ વૈભવ બાબુલાલ સેંગાણીની ની ધરપકડ બાદ હવે cid ના હાથમાં મહત્વના જરૂરી એવા દસ્તાવેજો આવી શકે તેવી સંભાવના જણાઈ રહી છે જેમાં આ નલ સે જલ યોજનાના રૂપિયા 123 કરોડના કૌભાંડમાં કોને કેટલા કમિશન મળવા પામ્યા ? જેની સનસનાટી ભરેલી વિગતો બહાર આવી શકે તેવું જણાઈ રહ્યું છે .

# ગરુડેશ્વરની કોલેજમાં 'UDISHA' અંતર્ગત માતૃભાષા વિષયક વ્યાખ્યાનનું આયોજન

રાજપીપલા | નર્મદા જિલ્લાનાં ગરુડેશ્વર તાલુકામાં આવેલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં 'UDISHA' પ્રકલ્પ અંતર્ગત માતૃભાષા નિમિતે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ ગરુડેશ્વર ની કોલેજ માં યોજાયેલ આ કાર્યક્રમ માં ગુજરાતી ભાષાના પ્રખ્યાત કવિ તથા ભૂતપૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી નૈષધકુમાર મકવાણા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નૈષધ મકવાણા રાજ્યના આઠ જિલ્લાઓમાં શિક્ષણ ક્ષેત્રે સફળતાપૂર્વક સેવાઓ આપી છે અને તેઓ નર્મદા જિલ્લામાંથી સેવા આપી નિવૃત્ત થયા છે. નિવૃત્તિ બાદ પણ તેઓ માતૃભાષાના સંવર્ધન, સર્જનાત્મક લેખન અને ભાષા પ્રત્યે જાગૃતિ ફેલાવવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમણે પોતાના પ્રેરણાદાયી વ્યાખ્યાનમાં ભાષાની ચાર મુખ્ય શક્તિઓ શ્રવણ, કથન, વાંચન અને લેખન વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ચારેય કૌશલ્યો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભાષા માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ વ્યક્તિના વિચાર, સંસ્કાર અને વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે તે બાબતે ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે માતૃભાષા વ્યક્તિના માનસિક વિકાસ અને સંસ્કૃતિ સાથે જોડાણ જાળવવામાં અનિવાર્ય છે. આ ઉપરાંત તેમણે યુવાનોને વ્યસનમુક્ત રહીને સ્વસ્થ જીવન જીવવાની અપીલ કરી હતી.

# ડીસા શહેરને મળશે નવું નજરાણું: ડીસા ખાતે રૂ.૨૧ કરોડના ખર્ચે તૈયાર થશે અત્યાધુનિક અર્બન હાટ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય વ્યાપારી મથક અને અંદાજે ૩ લાખથી વધુ વસ્તી ધરાવતા ડીસા શહેરની ઓળખ હવે માત્ર વેપાર પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ તે કળા અને સંસ્કૃતિનું પણ કેન્દ્ર બનશે. ભારત સરકાર અને ગુજરાત સરકારના 'વોકલ ફોર લોકલ', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ગુજરાત ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવા માટે ડીસા ખાતે ભવ્ય 'અર્બન હાટ'ની સ્થાપના કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત સરકારના કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા અંદાજે રૂા. ૨૧.૦૦ કરોડના ખર્ચે આ અત્યાધુનિક પ્રોજેક્ટનું નિર્માણ હાથ ધરવામાં આવશે.ડીસા શહેર ભૌગોલિક રીતે વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જ્યાં સ્થાનિક જનતા ઉપરાંત પડોશી રાજ્ય રાજસ્થાનથી પણ મોટી સંખ્યામાં ગ્રાહકો ખરીદી માટે આવે છે. આ વધતી માંગ અને બજારની ક્ષમતાને ધ્યાનમાં રાખીને હસ્તકલાના કારીગરોને કાયમી પ્લેટફોર્મ પૂરું પાડવા માટે અર્બન હાટની આવશ્યકતા ઊભી થઈ હતી. આ હાટમાં કારીગરો માટે પાકા સ્ટોલ, ફૂડ સ્ટોલ, મલ્ટીપર્પઝ હોલ, ડોરમેટરી અને વિશાળ પાર્કિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી મુલાકાતીઓ અને વેપારીઓ બંનેને અનુકૂળતા રહે. બનાસકાંઠા જિલ્લાની પ્રસિદ્ધ હસ્તકલાઓ જેવી કે પેચવર્ક, પટોળા વણાટ, ટાંગલીયા વણાટ, માતાની પછેડી, શાલ, મોતીકામ, ભરતકામ અને ટેરાકોટાના કારીગરોને આ અર્બન હાટ દ્વારા હક્કનું બજાર મળશે.

# પાલનપુર નગરપાલિકા પ્રમુખના હસ્તે પાલનપુર રામલીલા મેદાન ખાતે સ્વદેશી મેળાનું ઉદ્ઘાટન કરાયું

પાલનપુર | પાલનપુર નગરપાલિકા દ્વારા "હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી"ના સંદેશ સાથે સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તથા સ્થાનિક સખી મંડળો અને વેપારીઓને મજબૂતી આપવાના હેતુથી પાલનપુર રામલીલા મેદાન ખાતે સ્વદેશી મેળાનો પ્રારંભ કરાયો છે. આજરોજ પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રી ચીમનભાઈ સોલંકી, ઉપપ્રમુખ શ્રી નાગજીભાઈ દેસાઈ,એન. યુ.એલ.એમ.ના ચેરમેનશ્રી ગીતાબેન પટણી તથા અન્ય મહાનુભાવોના વરદ હસ્તે રામલીલા મેદાન, પાલનપુર ખાતે જાહેર જનતા માટે ભવ્ય રીતે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.આ પ્રસંગે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રી ચીમનભાઈ સોલંકીએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના નારાને સાર્થક કરવાના હેતુથી પાલનપુર નગરપાલિકા દ્વારા ભવ્ય સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક કારીગરો અને નાના ઉત્પાદકોને યોગ્ય મંચ પૂરું પાડી તેમની રોજગારીમાં વધારો કરવાનો છે. આ મેળામાં વિવિધ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં સ્થાનિક લોકો દ્વારા તૈયાર કરાયેલી ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે.

# " પિયર "

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે જેને આ શબ્દની ખબર નહીં હોય . કદાચ એમ કહેવાય કે બધા જ લોકો આ શબ્દથી વાકેફ જ હશે . તમને કદાચ એવું હશે કે ટાઈટલ ઉપરથી કે આ બેન કોઈ સ્ત્રીના હક વિશે વાત કરશે પરંતુ એવું નથી. તો જોઈએ શું છે પિયર ની વ્યાખ્યા એક ડોક્ટર ની કલમે!!!

'' પિયર '' એટલે એવી જગ્યા જ્યાં સ્ત્રી પોતાનો બધો સામાજિક આર્થિક, શારીરિક, કૌટુંબિક ભાર ઉતારીને થોડા દિવસ માટે જેમ આપણને સર્વિસમાં ઋુટી બદલાય તેમ માત્ર દીકરી બનીને નિરાંતનો શ્વાસ લઈ શકાય. જ્યાં તેની પહેલાની જેમ જાણે સમય પાછળ ચાલ્યો ગયો હોય તેમ તેની ભૂલો માફ થાય ,જ્યાં તેને કોઈ જજ નથી કરતું, જ્યાં જેમ બાળપણમાં ભાઈ બહેન જોડે માતાપિતા જોડે ઝઘડતા હતા તેવી રીતે મુક્ત મને ઝઘડી પણ શકાય,જ્યાં કોઈના મહેણાંટોણા સાંભળવા નથી પડતા કે નથી કોઈના ઈશારા પર કામ કરવું પડતું . ત્યાં ભલે થોડા દિવસ માટે પણ મહેમાન બનીને આવે છે પણ પ્રેમ મળે છે ,એક હૂંફ મળે છે,ત્યાં તે પોતાની નબળાઈઓ પણ ખુલીને બતાવી શકે છે, જીદ કરી શકે છે ,જ્યાં તે પોતાના ટાઈમે ઉઠી શકે છે અને ઊંઘી શકે છે.એકદમ જાણે પિંજરામાંથી કોઈ પક્ષીને છૂટું મૂક્યું હોય અને કેવું આસમાનની વાટે ખીલખીલાટ ઉડવા લાગે છે તેવું જ એક સ્ત્રીને પરણ્યા પછી પિયરમાં આવે ત્યારે અનુભવાય છે. ગામડામાં તો હજી પણ કહેવત છે કે દીકરીના ઘરે જો પિયરનું કૂતરું આવે તો પણ તેના ચહેરા પર અલગ જ આનંદ દેખાઈ આવે.!!

પરંતુ એક પુરુષ માટે આવું કોઈ સ્થાન નથી હોતું.!!!!

પુરુષ જ્યારે મોટો થાય ખાસ કરીને લગ્ન પછી ત્યારે તેનું બાળપણનું ઘર પણ તેના માટે પિયર જેવું નથી રહેતું. તે ઘર હવે તેની જવાબદારી બની જાય છે. પાત્રો તે જ છે પણ પરિસ્થિતિ બદલાઈ જાય છે. એ જ મા બાપ, એ જ ભાઈ બહેન ,એ જ સગાવાલા, ત્યાં તેને હવે મોભી કે જવાબદાર વ્યક્તિ તરીકે વર્તવું પડે છે.

આપણા સમાજમાં પહેલેથી જ પ્રથા ચાલી આવી છે કે પુરુષનું મનોબળ મજબૂત જ હોય. ઘરમાં પણ જો નાનપણમાં ભાઈબહેન ઝઘડે તો બહેન રડે તો બધા વહાલ કરીને મનાવે જ્યારે ભાઈ રડે તો કહે શું બાયલાવેડા કરે છે?? છોકરો થઈને રડે છે!! નાનપણથી જ પુરુષના મનમાં તેની લાગણીને દબાવી દેતા શીખવ્યુ છે આ સમાજે!! સમાજની અપેક્ષા હોય છે કે પુરુષ હંમેશા મજબૂત જ રહે. તે ક્યારેય તૂટી ન શકે, તેને રડવાનું કે થાકવાનો કોઈ અધિકાર જ જાણે નથી. પુરુષમાં પણ ઈશ્વરે લાગણી ઉમેરેલી છે. પરંતુ ક્યારેય આપણી સામાજિક વ્યવસ્થાના કારણે તે લાચાર બની જાય છે. અથવા તો સ્ત્રીઓની વ્યાખ્યા પ્રમાણે તે પોતાની વાત નથી મૂકી શકતો.

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ધો.10 અને 12 બોર્ડના પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને બોલપેન ભેટ આપવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ



સોમનાથ તા.૨૬. રાજ્યભરમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓનો આજથી પ્રારંભ થયો છે. ત્યારે આખા વર્ષની મહેનત બાદ મહત્વપૂર્ણ બોર્ડની પરીક્ષાઓ માં જતા પેહલા વિદ્યાર્થીઓ માતા પિતાને અને ભગવાન ને પગે લાગીને પરીક્ષા કેન્દ્રો પર પહોંચતા હોય છે. ત્યારે વેરાવળ ખાતે પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને પ્રથમ જ્યોતિર્લિંગ શ્રીસોમનાથ મહાદેવનાં વિશેષ આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા. છેલ્લા 3 વર્ષથી સોમનાથ ટ્રસ્ટને અમદાવાદના એક ભક્ત દ્વારા બોલપેન અર્પણ કરવામાં આવે છે. આ બોલપેન શ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં મૂકીને ટ્રસ્ટ દ્વારા બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને સોમનાથ મહાદેવની ભેટ સ્વરૂપે આપવામાં આવે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાત કાર્યક્રમમાં પરીક્ષા પે ચર્ચા અને ભાર વિનાના ભણતરના સંદેશથી પ્રભાવિત થઈને અમદાવાદના એક ભક્ત દ્વારા બોર્ડની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને આપવા સોમનાથ મહાદેવને બોલપેન પેન્સિલ અર્પણ કરવામાં આવે છે.

# ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓની બોર્ડ ની પરીક્ષા શરૂ થતા નખત્રાણા કેવી હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપવા વેળાએ વિદ્યાર્થીઓને મીઠું મોઢું કરી સફળતાની શુભકામનાઓ પાઠવવામાં આવી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદના ૫૫માં સત્રમાં ભારતે પાકિસ્તાનને એવો જડબાતોડ જવાબ આપ્યો છે કે સમગ્ર વિશ્વ સ્તબ્ધ રહી ગયું છે. ભારતીય રાજદ્વારી અનુપમા સિંહે પાકિસ્તાનના કાશ્મીર રાગનો ફિયાસ્કો કરતા સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું કે પાકિસ્તાન અત્યારે કાલ્પનિક દુનિયામાં જીવી રહ્યું છે. ભારતે પાકિસ્તાનની આર્થિક બદહાલી અને જમ્મુ-કાશ્મીરની સમૃદ્ધિ વચ્ચેની રેખા આંકીને પડોશી દેશની બોલતી બંધ કરી દીધી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ભારતે પાકિસ્તાનના પ્રોપગેન્ડાને આંતરરાષ્ટ્રીય મંચ પર સંપૂર્ણપણે ધ્વસ્ત કરી દીધો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર પ્રહાર કરતા ભારતીય પ્રતિનિધિએ જણાવ્યું કે, પાકિસ્તાન માટે એ સ્વીકારવું મુશ્કેલ છે કે માત્ર જમ્મુ-કાશ્મીરનું વિકાસલક્ષી બજેટ પાકિસ્તાનના સમગ્ર બેલઆઉટ પેકેજ કરતા બમણું છે. જે ભીખ માટે પાકિસ્તાન આઈએમએફ સામે કટોરો લઈને ઊભું છે, તેના કરતા અનેકગણું રોકાણ ભારત તેના અભિન્ન અંગ એવા કાશ્મીરમાં કરી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે બ્રિજ 'ચિનાબ બ્રિજ' પણ જો પાકિસ્તાનને નકલી લાગતો હોય, તો તે સાબિત કરે છે કે પાકિસ્તાન વાસ્તવિકતાથી જોજનો દૂર છે. ભારતે માત્ર પાકિસ્તાનને જ નહીં, પરંતુ તેના ખોટા પ્રચારમાં સાથ આપનારા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) ને પણ આડે હાથ લીધું હતું. ભારતે ગંભીરતાથી નોંધ્યું કે આ સંગઠન હવે માત્ર પાકિસ્તાનની રાજકીય મજબૂરીઓનું પુનરાવર્તન કરનારું સાધન બની ગયું છે. આ સંગઠન હવે તથ્યોને બદલે પ્રોપગેન્ડાનો ગુલામ બની ચૂક્યું હોવાનું ભારતે રોકડું પરખાવ્યું હતું. કાશ્મીર મુદ્દે ભારતનો અંતિમ સંદેશ સ્પષ્ટ હતો કે જમ્મુ-કાશ્મીર ભારતનો અતૂટ ભાગ હતો અને હંમેશા રહેશે.

# એપસ્ટિન કેસ ટ્રમ્પ દસ્તાવેજ વિવાદથી અમેરિકામાં ખળભળાટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 26

અમેરિકાના રાજકારણમાં જેફરી એપસ્ટિન કેસને લઈને ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર પર ઈતિહાસના સૌથી મોટા સરકારી કવર-અપનો ગંભીર આરોપ લાગતા સનસનાટી મચી ગઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ટ્રમ્પ સામે સગીરાના યૌન શોષણની ફરિયાદો સાથે સંકળાયેલા અત્યંત સંવેદનશીલ દસ્તાવેજો જાણીજોઈને છુપાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, પ્રમુખ ટ્રમ્પે આ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવતા દાવો કર્યો છે કે સાર્વજનિક થયેલા દસ્તાવેજો તેમની નિર્દોષતાના પુરાવા છે.

મીડિયા અહેવાલ મુજબ, તપાસ દરમિયાન અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી છે. એક પીડિત મહિલાની પૂછપરછના આધારે એફબીઆઈ



દ્વારા તૈયાર કરાયેલા ચારમાંથી ત્રણ મહત્વના ઈન્ટરવ્યૂ રિપોર્ટ્સ ફાઈલમાંથી રહસ્યમય રીતે ગાયબ છે. આ દસ્તાવેજોમાં ૧૯૮૦ના દાયકાના એવા ગંભીર આરોપો હતા જેમાં એપસ્ટિને તે પીડિત મહિલાની મુલાકાત ટ્રમ્પ સાથે કરાવી હોવાનો ઉલ્લેખ હતો. આ મામલે વિપક્ષી સાંસદોએ ગેરકાનૂની રીતે દસ્તાવેજો રોકવાનો આક્ષેપ કરીને ઉચ્ચ સ્તરીય તપાસની માંગણી કરી છે.

### ક્યુબા સરહદ રક્ષક દળ ફાયરિંગ કાંડમાં ચારના મોત અને છ ઘાયલ

હવાના | કેરેબિયન સમુદ્રમાં ક્યુબાના તટ નજીક બુધવારે સવારે એક અત્યંત ભયાનક લોહિયાળ સંઘર્ષની ઘટના સામે આવી છે. ફ્લોરિડામાં નોંધાયેલી એક શંકાસ્પદ સ્પીડબોટ ક્યુબાની જળસીમામાં ઘૂસી આવતા થયેલા ગોળીબારમાં ૪ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના સમાચાર છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ક્યુબાના વિલા ક્લેરા પ્રાંત પાસે આ હિંસક અથડામણ થઈ હતી, જેમાં ક્યુબાના સરહદ રક્ષક દળના કમાન્ડર પણ ઈજાગ્રસ્ત થયા છે. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વહેલી સવારે એક અમેરિકી સ્પીડબોટ ક્યુબાના દરિયાઈ વિસ્તારમાં ૧ નોટિકલ માઈલ અંદર સુધી ઘૂસી આવી હતી. જ્યારે ક્યુબાના રક્ષક દળના જવાનો ઓળખ માટે આ બોટની નજીક પહોંચ્યા, ત્યારે બોટમાં સવાર ક્રૂ મેમ્બરોએ અચાનક ગોળીબાર શરૂ કરી દીધો હતો.

# ચાબહાર પોર્ટ બજેટ ફંડિંગ વિવાદ ભારત અને ઈરાન વચ્ચે ખેંચતાણ

#### ભારત ઈરાન રાજદ્વારી સંબંધો કસોટીની એરણે

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારત અને ઈરાન વચ્ચેના વર્ષો જૂના વ્યૂહાત્મક સંબંધોમાં અત્યારે ગંભીર વળાંક જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ ના કેન્દ્રીય બજેટમાં ભારત સરકાર દ્વારા ચાબહાર પોર્ટ માટે ફંડની ફાળવણી શૂન્ય રાખવામાં આવતા આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ આ નિર્ણયને અત્યંત નિરાશાજનક ગણાવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકા દ્વારા ઈરાન પર લાદવામાં આવેલા કડક પ્રતિબંધો અને એપ્રિલમાં સમાપ્ત થઈ રહેલી છૂટછાટ આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે.

ચાબહાર પોર્ટ, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ગોલ્ડન ગેટ' તરીકે ઓળખાવ્યું હતું, તે ભારત માટે મધ્ય એશિયા અને યુરોપ સુધી પહોંચવાનો સૌથી ટૂંકો અને સુરક્ષિત માર્ગ છે. જોકે, વર્તમાન બજેટમાં એક પણ રૂપિયો ન ફાળવવામાં આવતા ઈરાન સ્તબ્ધ છે. મીડિયા અહેવાલ મુજબ, આ પોર્ટ પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ પર ચીનના વધતા પ્રભાવને રોકવા માટે ભારતનો સૌથી મોટો માસ્ટર પ્લાન હતો. ઈરાન માને છે કે જો આ પ્રોજેક્ટ અટકી જશે તો તે બંને દેશોના આર્થિક હિતો માટે મોટું નુકસાન સાબિત થશે.

અત્યાર સુધી ભારત સરકાર આ પ્રોજેક્ટ માટે દર વર્ષે અંદાજે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરતી હતી. પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૫ માં અમેરિકાએ ઈરાન પર મૂકેલા નવા પ્રતિબંધોએ સ્થિતિ બદલી નાખી છે. ભારત અત્યારે અમેરિકા સાથે સતત વાતચીત કરી રહ્યું છે જેથી ચાબહારના વિકાસમાં કોઈ અવરોધ ન આવે.

**ભાગીદારી** | ઈઝરાયલ ભારત ગ્રીસ મૈત્રી મજબૂત, તૂર્કિયે પાકિસ્તાન ગઠબંધન સામે ત્રિશક્તિ

# ભારત ગ્રીસ વ્યૂહાત્મક ભાગીદારી અને સંરક્ષણ ક્ષેત્રે તેજી

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

વૈશ્વિક જીઓપોલિટિક્સના ફલક પર ભારત હવે એક નવી રણનીતિ સાથે ઉભરી રહ્યું છે, જેણે પડોશી દેશ પાકિસ્તાન અને તેના સાથી તૂર્કિયેના 'નાપાક' મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. ભારત અને ગ્રીસ વચ્ચેના ૨,૫૦૦ વર્ષ જૂના ઐતિહાસિક સંબંધોમાં હવે આધુનિક સંરક્ષણ અને વ્યૂહાત્મક હિતોનો નવો ગરમાવો જોવા મળી રહ્યો છે. આ ગઠબંધનમાં જ્યારે ટેકનોલોજીના બાદશાહ એવા ઈઝરાયલનો સાથ મળ્યો છે, ત્યારે વિશ્વના નકશા પર એક એવી 'ત્રિશક્તિ'નો ઉદય થયો છે જે ભૂમધ્ય સમુદ્રથી લઈને હિંદ મહાસાગર સુધી સુરક્ષા અને સ્થિરતાનું નવું સમીકરણ રચી રહી છે.

ભારત માટે ગ્રીસ સાથેની આ નિકટતા માત્ર મૈત્રીપૂર્ણ સંબંધો નથી, પરંતુ એક સુનિયોજિત સામરિક ચાલ છે. 'ઓપરેશન સિંદૂર' જેવી ઘટનાઓ વખતે તૂર્કિયેએ જે રીતે ઈસ્લામનો મોરો આગળ ધરીને પાકિસ્તાનની ભારત વિરોધી હરકતોને ખુલ્લેઆમ



સમર્થન આપ્યું હતું, તેના જવાબમાં ભારતે હવે ગ્રીસ સાથે મજબૂત સૈન્ય સંબંધો સ્થાપિત કર્યા છે. ગ્રીસ અને તૂર્કિયે વચ્ચેના પરંપરાગત સીમા વિવાદો જગજાહેર છે, ત્યારે ભારત અને ગ્રીસની આ નિકટતાએ અંકારા અને ઈસ્લામાબાદમાં ફફડાટ ફેલાવી દીધો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નવી જોડી

#### સુનામી આવે તે પહેલા કયા પ્રકારના સંકેતો હોય છે?

જ્યારે પણ ભૂકંપ પછી સુનામી આવે છે ત્યારે દરિયાની સપાટીથી નીચે જતા મોજા સૌથી પહેલા દરિયાકિનારે અથડાતા હોય છે. જ્યારે મોજા કિનારા તરફ જાય છે, ત્યારે નીચે એક શૂન્યાવકાશ સર્જાય છે, જે કિનારાની ઉપરના પાણીને સમુદ્ર તરફ ખેંચે છે. જેના કારણે બંદરના કિનારા પરની જમીન કે સમુદ્ર તટ દેખાઈ આવે છે. સમુદ્રના પાણીની પીછેહઠ એ સંકેત છે કે સુનામી આવવાની છે. થોડી મિનિટો અથવા કલાકો પછી, સુનામીની લહેર ખૂબ જ જોર અને અવાજ સાથે કિનારે અથડાય છે. સુનામી એ વિનાશક તરંગોની શ્રેણી છે, જે એક પછી એક આવે છે. તેને 'વેવ ટ્રેન' કહે છે. જેમ જેમ સમુદ્રની વચ્ચેથી મોજા એક પછી એક કિનારે પહોંચે છે તેમ સુનામીનું જોર વધતું જાય છે.

# તાઈવાન ચીન સૈન્ય તણાવ ડ્રેગનના 30 વિમાનોએ આકાશ ગજવ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

પૂર્વ એશિયામાં ભૂરાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. તાઈવાનના રક્ષણ મંત્રાલયે આજે સવારે ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે ચીની સૈન્યની પ્રવૃત્તિઓમાં ઓચિંતાનો વધારો થયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના ૩૦ જેટલા વિમાનો અને ૬ યુદ્ધ જહાજો તાઈવાનની આસપાસના વિસ્તારમાં શંકાસ્પદ રીતે ઘૂમતા જોવા મળ્યા છે. આ આક્રમક વલણને પગલે તાઈવાનની સેના હાઈ એલર્ટ પર મુકાઈ ગઈ છે.

તાઈવાનના રક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ચીનના ૩૦ વિમાનોમાંથી ૨૨ વિમાનોએ તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા ઓળંગીને દેશના ઉત્તર, મધ્ય અને દક્ષિણ-પશ્ચિમ હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં (ADIZ) ઘૂસણખોરી કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ કાફલામાં જે-૧૦ અને જે-૧૬ જેવા અત્યાધુનિક ફાઈટર જેટ્સ તેમજ કેજે-૫૦૦ જેવા નિરીક્ષણ વિમાનોનો સમાવેશ થાય છે. આ વિમાનોએ ચીની નૌકાદળના જહાજો સાથે મળીને સંયુક્ત હવાઈ-સમુદ્રી તાલીમ હાથ ધરી હતી, જે સીધી રીતે તાઈવાનને ડરાવવાનો પ્રયાસ માનવામાં આવે છે. ચીનની હરકતોથી જાપાન પણ લાલઘૂમ થયું છે. ચીને જાપાનની ૨૦ જેટલી વ્યાપારી સંસ્થાઓ પર નિકાસ પ્રતિબંધ લાદતા જાપાને સખત વાંધો ઉઠાવ્યો છે. જાપાનના સત્તાવાર સૂત્રોએ આ કાર્યવાહીને અસ્વીકાર્ય ગણાવી છે. ઉલ્લેખનીય છે કે, જાપાનના વડાપ્રધાન સનાઈ તાકાઈચીએ તાજેતરમાં જ નિવેદન આપ્યું હતું કે તાઈવાન પર ચીનનો કોઈપણ હુમલો જાપાનના અસ્તિત્વ માટે ખતરો માનવામાં આવશે, જે માટે લશ્કરી કાર્યવાહીની પણ જરૂર પડી શકે છે.

શાળાના પુસ્તકોમાં ન્યાયતંત્રની છબી ખરડવા બદલ સીજેઆઈની નારાજગી | એનસીઈઆરટી દ્વારા વિવાદાસ્પદ પાઠ્યપુસ્તક બજારમાંથી પરત ખેંચાશે

# ન્યાયપાલિકા વિરુદ્ધ કાવતરું ઘડનારા સામે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

(એજન્સી) નવી દિલ્હી | તા 26



દેશની સર્વોચ્ચ અદાલતે આજે પાઠ્યપુસ્તકોમાં ન્યાયતંત્ર વિરુદ્ધ કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીઓ અંગે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. એનસીઈઆરટી (NCERT) ના ધોરણ ૮ ના પુસ્તકમાં "ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચાર" શીર્ષક હેઠળના પ્રકરણને લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્ર સરકાર અને શિક્ષણ વિભાગને આડે હાથે લેતા સ્પષ્ટ કર્યું હતું કે, ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચાડવા માટે કરવામાં આવેલા આ સુનિયોજિત પ્રયાસમાં માત્ર માફી માંગવાથી કામ નહીં ચાલે.

સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટિસ જે. બાગચી અને જસ્ટિસ પંચોલીની ખંડપીઠે આ મામલે ઊંડી નારાજગી વ્યક્ત કરી હતી. ચીફ જસ્ટિસે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, "આ ન્યાયપાલિકાની ગરિમાને ઠેસ પહોંચાડવા માટેનું એક સુનિયોજિત પગલું છે. ન્યાયપાલિકાના વડા તરીકે, જ્યાં સુધી હું સંપૂર્ણ રીતે સંતુષ્ટ નહીં થાઉં ત્યાં સુધી આ મામલાની સુનાવણી ચાલુ રહેશે." કોર્ટે આ બાબતને અત્યંત ગંભીર ગણાવીને જવાબદાર લોકો સામે તપાસનો સંકેત આપ્યો છે.

સુનાવણી દરમિયાન એનસીઈઆરટી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટ સમક્ષ બિનશરતી માફી માંગી હતી અને જણાવ્યું હતું કે શાળા શિક્ષણના સચિવ પણ કોર્ટમાં હાજર છે. જોકે, સીજેઆઈએ આ માફીને નકારી કાઢતા કહ્યું હતું કે, "તેમની નોટિસમાં માફીનો એક પણ શબ્દ નથી. જે રીતે ડિરેક્ટરે આ બાબતને આગળ વધારવાનો પ્રયાસ કર્યો છે તે જોતા લાગે છે કે આમાં કોઈ મોટું ષડયંત્ર છે." કોર્ટે આક્ષેપ કર્યો હતો કે જવાબદારોના ધનુષમાંથી જે બાણ છૂટ્યું છે, તેનાથી આજે ન્યાયપાલિકા લોહીલુહાણ થઈ ગઈ છે. મીડિ સોલિસિટર જનરલે કોર્ટને ખાતરી આપી હતી કે બજારમાં મોકલવામાં આવેલા તમામ ૩૨ પુસ્તકો પાછા ખેંચી લેવામાં આવશે. એક વિશેષ ટીમ દ્વારા આખા પ્રકરણની ફરીથી સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત, પાઠ્યપુસ્તકમાં 'જસ્ટિસ ડિલેડ ઈઝ જસ્ટિસ ડિનાઈડ' (ન્યાયમાં વિલંબ એ ન્યાયનો ઈનકાર છે) જેવા હિસ્સાને પણ હટાવવા અંગે વિચારણા કરવામાં આવશે. કોર્ટે ટિપ્પણી કરી હતી કે આપણે બાળકોને એવું ન શીખવી શકીએ કે દેશમાં ન્યાય મળતો જ નથી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સુપ્રીમ કોર્ટ હવે એ જાણવા માંગે છે કે આ પ્રકારનું લખાણ પુસ્તકમાં સામેલ કરવા પાછળ વાસ્તવિક હેતુ શું હતો. ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે આ બાબતને ખૂબ જ હળવાશથી લેવામાં આવી છે, જ્યારે તે ગંભીર અપરાધ સમાન છે. પુસ્તકો હજુ પણ બજારમાં ઉપલબ્ધ હોવાની બાબતે પણ કોર્ટે ગંભીર નોંધ લીધી હતી. સરકારે કોર્ટને ખાતરી આપી છે કે ભવિષ્યમાં આવા વિવાદાસ્પદ કામોમાં જવાબદાર લોકોને હિસ્સેદાર બનાવવામાં આવશે નહીં. એનસીઈઆરટીના ધોરણ ૮ના અભ્યાસક્રમમાં ન્યાય વ્યવસ્થામાં ભ્રષ્ટાચારનું ચેપ્ટર ઉમેરવામાં આવ્યું છે જેને લઈને વિવાદ થયો છે. ખુદ સુપ્રીમ કોર્ટ દ્વારા સુઓમોટો નોંધ લઈને આ અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે ન્યાય વ્યવસ્થાને બદનામ કરવાની કોઈને પણ છૂટ નહીં આપીએ, કાયદો પોતાનું કામ કરશે.

## ભારત-યુએસ વ્યાપાર સમજૂતી મુદ્દે રાજસ્થાન વિધાનસભા બહાર કોંગ્રેસના ધરણાં




જયપુર : ભારત અને અમેરિકા વચ્ચે થયેલી વચગાળાની વ્યાપાર સમજૂતીને લઈને દેશભરમાં રાજકીય ગરમાવો તેજ થયો છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાજસ્થાનની રાજધાની જયપુરમાં કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભાની બહાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે આ સમજૂતી દ્વારા દેશના ખેડૂતોના હિતોનો ભોગ લેવામાં આવ્યો છે અને આ સોદો ભારત માટે નુકસાનકારક છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વિધાનસભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલા કોંગ્રેસના ધારાસભ્યોએ હાથમાં પ્લેકાર્ડ્સ અને બેનરો લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. આ બેનરો પર "પીએમ મોદી ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ" (PM Modi is compromised) લખેલું હતું. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા કેન્દ્ર સરકાર પર કરવામાં આવેલા આ જ આક્ષેપોનો પડઘો હવે રાજ્ય સ્તરે પણ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે સરકાર ઉદ્યોગપતિઓના ફાયદા માટે ખેડૂતો અને સામાન્ય જનતાના અધિકારો સાથે સમજૂતી કરી રહી છે. રાજસ્થાન વિધાનસભામાં વિપક્ષના નેતા ટીકારામ જુલીએ એએનઆઈ (ANI) સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "અમે ઈચ્છીએ છીએ કે સરકાર જાગે. તેમણે સમજવાની જરૂર છે કે કેવી રીતે તેમણે ખેડૂતોના લાભો સાથે રમત રમી છે. ખેડૂતોના અધિકારો સાથે સમજૂતી કરવામાં આવી છે." આ પ્રસંગે હાજર રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા હરીશ ચૌધરીએ પણ આકરા પ્રહારો કરતા કહ્યું કે, વડાપ્રધાન મોદીએ દરેક ક્ષેત્રમાં શરણાગતિ સ્વીકારી લીધી છે અને આ નિર્ણય સંપૂર્ણપણે રાષ્ટ્રીય હિતની વિરુદ્ધ છે.

**News Brief**

### કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જ પર હુમલા બાદ રાજ્યમાં રાજકીય ગરમાવો



| કન્નૂર | (કેરળ)

કેરળમાં વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજ્યમાં સત્તાધારી પક્ષ સીપીએમ અને મુખ્ય વિપક્ષ કોંગ્રેસ વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મળેલી વિગતો અનુસાર, કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જ પર કન્નૂર રેલવે સ્ટેશન પર થયેલા કથિત હુમલા બાદ રાજ્યમાં રાજકીય વાતાવરણ તંગ બની ગયું છે. સીપીએમ આ હુમલાને કોંગ્રેસનું પૂર્વનિયોજિત ષડયંત્ર ગણાવી રહી છે, જ્યારે કોંગ્રેસે આ ઘટનાને માત્ર એક 'ડ્રામા' ગણાવીને ફગાવી દીધી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગઈકાલે બપોરે ૩:૨૦ વાગ્યે જ્યારે વીણા જ્યોર્જ વંદે ભારત ટ્રેન દ્વારા તિરુવનંતપુરમ પરત ફરી રહ્યા હતા ત્યારે કન્નૂર રેલવે સ્ટેશન પર કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ (KSU) દ્વારા 'બ્લેક-ફ્લેગ' પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મંત્રીએ ગરદન અને હાથમાં દુખાવાની ફરિયાદ કરતા તેમને પિરિયારમ સ્થિત સરકારી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. સીપીએમના રાજ્ય સચિવ એમ.વી. ગોવિંદને આક્ષેપ કર્યો છે કે આ હુમલો મંત્રીને નુકસાન પહોંચાડવા કે જાનથી મારી નાખવાના ઈરાદે કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય રોહિત પવાર બારામતી પોલીસ સ્ટેશન બહાર ધરણાં પર બેઠા

# અજિત પવાર પ્લેન ક્રેશની તપાસ મુદ્દે બારામતીમાં ભારે હોબાળો

## પૂર્વ ડેપ્યુટી સીએમ અજિત પવાર સહિત પાંચના મોતની તપાસની માગ

(એજન્સી) બારામતી | તા 26



મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે ખળભળાટ મચાવનાર પૂર્વ ડેપ્યુટી સીએમ અજિત પવારના પ્લેન ક્રેશની દુર્ઘટના હવે નવો વળાંક લઈ રહી છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આ કેસમાં ન્યાયની માગ સાથે તેમના ભત્રીજા અને ધારાસભ્ય રોહિત પવારે કડક વલણ અપનાવ્યું છે. મુંબઈ પોલીસ દ્વારા આ મામલે ફરિયાદ નોંધવાનો ઈનકાર કરાયા બાદ રોહિત પવાર આજે બારામતી પોલીસ સ્ટેશનની બહાર સેંકડો સમર્થકો સાથે ધરણાં પર બેસી ગયા છે. આ વિરોધ પ્રદર્શનને કારણે સમગ્ર બારામતીમાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

ધારાસભ્ય રોહિત પવારે આક્ષેપ કર્યો છે કે આ દુર્ઘટનાની તપાસમાં જે ગંભીરતા હોવી જોઈએ તેનો અભાવ જોવા મળી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, "આ મામલો માત્ર અકસ્માતની તપાસ પૂરતો સીમિત નથી, પરંતુ તેની પાછળના સત્યને ઉજાગર કરવાનો છે. જ્યાં સુધી તપાસ નિષ્પક્ષ અને પારદર્શક રીતે પૂર્ણ નહીં થાય ત્યાં સુધી હું મારો અવાજ ઉઠાવતો રહીશ." રોહિત પવારે પોલીસ પ્રશાસનને અપીલ કરી છે કે જો કોઈની બેદરકારી કે દોષ સામે આવે તો તુરંત એફઆઈઆર (FIR) નોંધીને જવાબદારોને કસ્ટડીમાં લેવા જોઈએ.ઘટનાક્રમ મુજબ, ૨૮ જાન્યુઆરીના રોજ સવારે ૮:૪૫ વાગ્યે બારામતી એરપોર્ટ પર એક ચાર્ટર્ડ વિમાન ક્રેશ થયું હતું. મુંબઈથી બારામતી આવી રહેલા આ વિમાનમાં મહારાષ્ટ્રના લોકપ્રિય નેતા અજિત પવાર સહિત કુલ પાંચ વ્યક્તિઓ સવાર હતી, જે તમામના આ દુર્ઘટનામાં કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ આઘાતજનક બનાવને એક મહિનો થવા છતાં હજુ સુધી તપાસમાં કોઈ મોટો ખુલાસો ન થતા પરિવાર અને સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રોહિત પવારની સાથે મોટી સંખ્યામાં વકીલો અને કાર્યકર્તાઓ પણ જોડાયા છે. પોલીસ સ્ટેશનની બહાર સમર્થકોની ભીડને જોતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, સ્થાનિક જનતા પણ આ દુર્ઘટનાની ગંભીરતાને લઈને ચિંતિત છે અને સત્ય જાણવા ઉત્સુક છે. જોકે, પોલીસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### હૈદરાબાદના જુબિલી હિલ્સમાં સાડીના શોરૂમમાં ભીષણ આગ, કોઈ જાનહાનિ નહીં



હૈદરાબાદ : તેલંગાણાની રાજધાની હૈદરાબાદના પોશ ગણાતા જુબિલી હિલ્સ વિસ્તારમાં ગુરુવારે ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એક સાડીના શોરૂમમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. રોડ નંબર ૩૬ પર આવેલા પ્રખ્યાત 'મંગલ્યા ગૌરી સાડી' શોરૂમમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ડિસ્ટ્રિક્ટ ફાયર ઓફિસર (DFO-2) અજમીરા શ્રીદાસે એએનઆઈ (ANI) ને માહિતી આપી હતી કે આગ શોરૂમના ચોથા માળે લાગી હતી. તેમણે જણાવ્યું હતું કે, "અમે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ અને અત્યારે આગ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. બિલ્ડિંગના ચોથા માળેથી માત્ર ધુમાડો નીકળી રહ્યો છે. બિલ્ડિંગનો જે હિસ્સો આગની લપેટમાં આવ્યો હતો તે મોટેભાગે ખાલી હતો, જેના કારણે મોટી હોનારત ટળી છે." જુબિલી હિલ્સના ધારાસભ્ય વલ્લલા નવીન યાદવે જણાવ્યું હતું કે જ્યારે આગ લાગી ત્યારે શોરૂમની અંદર અંદાજે ૧૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. જોકે, આગની જાણ થતા જ તમામ લોકો સમયસર બિલ્ડિંગની બહાર નીકળી ગયા હતા, જેથી કોઈ જાનહાનિના સમાચાર નથી. હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હૈદરાબાદમાં આગ લાગવાની આ બીજી ઘટના છે. ગત શનિવારે પણ કુકાતપલ્લી હાઉસિંગ બોર્ડ કોલોની (KPHB) માં એક મોબાઈલની દુકાનમાં આગ લાગી હતી. પિલર નંબર ૭૪૨ પાસે આવેલી તે દુકાનમાં સવારે ૬:૨૩ વાગ્યે આગ લાગી હતી, જેમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

## બિહારના બક્સર જિલ્લામાં લગ્ન મંડપ માં લોહિયાળ ખેલ પ્રેમીએ દુલ્હનને મારી ગોળી



(એજન્સી) બક્સર | તા 26

બિહારના બક્સર જિલ્લામાંથી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં પવિત્ર લગ્ન મંડપ લોહીથી ખરડાયો છે. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ની મંગળવારની રાત્રે જ્યારે એક તરફ મંગલ ગીતો ગવાઈ રહ્યા હતા, ત્યારે બીજી તરફ એકતરફી પ્રેમમાં અંધ બનેલા પાડોશી યુવકે દુલ્હન પર જીવલેણ હુમલો કર્યો હતો. લગ્ન સમારંભ દરમિયાન સ્ટેજ પર જ દુલ્હનને ગોળી મારી દેવામાં આવતા આખું ગામ અને જાનૈયાઓ સ્તબ્ધ થઈ ગયા હતા. ખુશીનો અવસર પળવારમાં ચીસ અને આક્રંદમાં ફેરવાઈ ગયો હતો.મળતી વિગતો અનુસાર, ૧૮ વર્ષીય આરતી કુમારી તેના ભાવિ પતિ સાથે સ્ટેજ પર બિરાજમાન હતી. આસપાસ પરિવારજનો અને મિત્રોનો જમાવડો હતો. સ્ટેજ પર તિલકની વિધિ ચાલી રહી હતી ત્યારે ભીડમાંથી અચાનક દીનબંધુ નામનો યુવક બહાર આવ્યો અને આરતી પર ગોળીબાર કર્યો હતો. ગોળી આરતીના પેટમાં નાભિ પાસે વાગતા તે સ્ટેજ પર જ ઢળી પડી હતી. હુમલાખોર દીનબંધુ આરતીનો પાડોશી હોવાનું અને તેને એકતરફી પ્રેમ કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.ઘટના બાદ તરત જ લગ્ન મંડપમાં ભાગદોડ મચી ગઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત આરતીને તાત્કાલિક નજીકની સદર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, તેની હાલત અત્યંત નાજુક જણાતા ડોક્ટરોએ તેને પ્રાથમિક સારવાર આપી વારાણસી ટ્રોમા સેન્ટરમાં રિફર કરી છે. ઈજાગ્રસ્ત આરતીએ હોસ્પિટલમાં જ હોશમાં આવતા આરોપીનું નામ લેતા જણાવ્યું હતું કે, 'દીનબંધુએ જ મને ગોળી મારી દીધી છે.' હાલમાં તે હોસ્પિટલમાં મોત સામે લડી રહી છે. મુફસ્સિલ પોલીસ સ્ટેશન વિસ્તારના નગર ચૌસા પંચાયતમાં બનેલી આ ઘટના અંગે ડીએસપીએ જણાવ્યું હતું કે, આરોપી પાડોશી યુવક છે અને તે યુવતીને એકતરફી પ્રેમ કરતો હતો.

# બીએસએનએલ ડાયરેક્ટરની શાહી મુલાકાત મુદ્દે કેન્દ્રીય મંત્રી લાલઘૂમ



નવી દિલ્હી : ખાનગી ટેલિકોમ કંપનીઓ સામે અસ્તિત્વ ટકાવવા માટે સંઘર્ષ કરી રહેલી સરકારી કંપની બીએસએનએલ (BSNL) ના એક ઉચ્ચ અધિકારીના 'શાહી ઠાઠ' ને કારણે નવો વિવાદ સર્જાયો છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મળેલી વિગતો અનુસાર, બીએસએનએલના ડાયરેક્ટર વિવેક બંઝલની પ્રયાગરાજની મુલાકાત માટે કરવામાં આવેલા અતિશય ખર્ચાળ આયોજન બદલ કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આકરી નારાજગી વ્યક્ત કરી છે. આ મામલાને આઘાતજનક ગણાવી મંત્રીએ ડાયરેક્ટરને નોટિસ ફટકારી બે સપ્તાહમાં ખુલાસો માંગ્યો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૫ ફેબ્રુઆરીએ વિવેક બંઝલ પ્રયાગરાજ જવાના હતા. આ મુલાકાત માટે ૧૯ ફેબ્રુઆરીએ એક ખાસ પ્રોટોકોલ જારી કરવામાં આવ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે, માત્ર એક ડાયરેક્ટરની સુવિધા સાચવવા માટે અંદાજે ૫૦ જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા. આ અધિકારીઓને ૨૦ જેટલા અલગ-અલગ ટાસ્ક સોંપવામાં આવ્યા હતા, જેમાં હોટેલ વ્યવસ્થાથી લઈને અંગત જરૂરિયાતો પૂરી કરવાનો સમાવેશ થતો હતો. સોશિયલ મીડિયા પર આ પ્રોટોકોલની યાદી વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

ડાયરેક્ટરની આ મુલાકાત માટેના આદેશો અત્યંત આશ્ચર્યજનક હતા. સંગમ સ્નાન બાદ ઉપયોગમાં લેવાના કપડાં, રૂમાલ, મોંઘા સાબુ, શેમ્પુ, દર્પણ અને અન્ડરગાર્મેન્ટ્સ સુધીની વસ્તુઓ તૈયાર રાખવા જણાવાયું હતું. આવી કુલ ૬ કિટ પુરુષો માટે અને ૨ કિટ મહિલાઓ માટે મંગાવવામાં આવી હતી. આ ઉપરાંત હોટેલ અને સર્કિટ હાઉસમાં મોંઘા ડ્રાય ફ્રૂટ્સ અને ફ્રૂટ બાઉલની વ્યવસ્થા કરવાનો પણ આદેશ હતો. સરકારી ખર્ચે આ પ્રકારના મોજશોખના સમાચાર વાયુવેગે ફેલાતા અંતે આ મુલાકાત રદ કરવાની ફરજ પડી હતી.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે અયોધ્યાની મુલાકાત લેશે

અયોધ્યા : ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આગામી ૧૯ માર્ચના રોજ અયોધ્યાની મુલાકાતે આવવાના છે. આ મુલાકાત વિશેષ એટલા માટે છે કારણ કે તે દિવસે ચૈત્રી નવરાત્રિનો પ્રથમ દિવસ છે. અયોધ્યાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ નિખિલ ટીકારામ ફુંડેએ આ મુલાકાતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિના આગમનને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રામ મંદિરના નિર્માણ બાદ રાષ્ટ્રપતિની આ મુલાકાત ધાર્મિક અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની માનવામાં આવે છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૯ માર્ચે નવરાત્રિનો પ્રારંભ થતો હોવાથી અયોધ્યામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ રહેવાની શક્યતા છે. આ સંજોગોમાં રાષ્ટ્રપતિની મુલાકાતને લઈને વહીવટી તંત્ર અને મંદિર વ્યવસ્થાપન સમિતિ વચ્ચે બેઠકોનો દોર શરૂ થયો છે. ડીએમએ જણાવ્યું હતું કે, "અમે સુનિશ્ચિત કરીશું કે આ કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય. પોલીસ જવાનોને એવી રીતે તૈનાત કરવામાં આવશે કે આખી ઈવેન્ટ પર દેખરેખ રાખી શકાય અને ભીડનું યોગ્ય નિયંત્રણ થઈ શકે." ૧૯ માર્ચે રાષ્ટ્રપતિની મુલાકાત બાદ ૨૭ માર્ચના રોજ અયોધ્યામાં રામ નવમીનો ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવશે. રાષ્ટ્રપતિની મુલાકાત આ મોટા ઉત્સવ માટેની તૈયારીઓનું પણ એક પરીક્ષણ સાબિત થશે. વહીવટી તંત્ર અત્યારથી જ રામ નવમીના દિવસે ઉમટનારા લાખો શ્રદ્ધાળુઓ માટે ક્રાઉડ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક પોલીસ અત્યારથી જ એલર્ટ મોડ પર છે.

## મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ચાંદની ચોકમાં અંડરગ્રાઉન્ડ વાયરિંગ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીના હૃદય સમાન ગણાતા ચાંદની ચોક વિસ્તારમાં મહત્વકાંક્ષી 'અંડરગ્રાઉન્ડ વાયરિંગ પ્રોજેક્ટ'નું ઉદ્ઘાટન કર્યું હતું. લાંબા સમયથી વીજળીના જોખમી લટકતા વાયરો અને કેબલની જાળથી પરેશાન સ્થાનિકો અને વેપારીઓ માટે આ પ્રોજેક્ટ આશીર્વાદરૂપ સાબિત થશે. ઉદ્ઘાટન બાદ પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ચાંદની ચોક એ માત્ર બજાર નથી, પરંતુ સંસ્કૃતિ અને પરંપરાનો જીવંત વારસો છે, જેનો વિકાસ કરવો એ તેમની સરકારની પ્રાથમિકતા છે.મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ પ્રસંગે જણાવ્યું કે, "ચાંદની ચોક એક ઐતિહાસિક સ્થળ છે જ્યાં સંસ્કૃતિ અને વારસાનો અહેસાસ થાય છે. ઉર્જા મંત્રાલય દ્વારા ૧૬૦ કરોડ રૂપિયાના ખર્ચે આ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ પાવર લાઈનો નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી રહેવાસીઓને વર્ષો જૂની વીજળીના થાંભલાઓ અને કેબલની ગૂંચવણભરી જાળમાંથી કાયમી છુટકારો મળશે." આ પ્રોજેક્ટથી વિસ્તારની સુંદરતામાં વધારો થવાની સાથે સુરક્ષામાં પણ સુધારો થશે.નોંધનીય છે કે, મુખ્યમંત્રીએ બુધવારે જ તેમની ભાજપ પ્રેરિત સરકારના શાસનનું એક વર્ષ પૂર્ણ થવા બદલ 'રિપોર્ટ કાર્ડ' રજૂ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે છેલ્લા ૩૬૫ દિવસોમાં દિલ્હીની દિશા બદલવાના પાયા નાખવામાં આવ્યા છે અને આગામી ચાર વર્ષોમાં દિલ્હીની દશા સંપૂર્ણપણે બદલાઈ જશે. મુખ્યમંત્રીએ દાવો કર્યો કે તેમની સરકાર માત્ર વચનો આપનારી નહીં પણ પરિણામ આપનારી સરકાર છે.પાછલી સરકારો પર નિશાન સાધતા રેખા ગુપ્તાએ કહ્યું હતું કે, "અમારી સરકાર જાહેરાતો કે પોસ્ટર પોલિટિક્સમાં માનતી નથી.

## આઈટીબીપી જવાન અને નિવૃત્ત આર્મી જવાનની સંડોવણીથી પોલીસ સ્તબ્ધ

નવી દિલ્હી: દિલ્હીના પોશ ગણાતા ન્યુ ફ્રેન્ડ્સ કોલોની વિસ્તારમાં અમલીકરણ નિર્દેશાલય (ED) ના અધિકારીઓ હોવાનો ડોળ કરી લૂંટ ચલાવનાર ટોળકીનો દિલ્હી પોલીસે પર્દાફાશ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, આ આખા કાવતરાની માસ્ટરમાઈન્ડ પીડિતના ઘરે કામ કરતી કામવાળી જ નીકળી છે. પોલીસે માત્ર ૨૪ કલાકની અંદર ટેકનિકલ સર્વેલન્સની મદદથી બે મહિલાઓની ધરપકડ કરી છે, જ્યારે આ ગુનામાં સામેલ અન્ય ત્રણ પુરુષોની શોધખોળ ચાલુ છે. ઘટનાની વિગત મુજબ, ૧૧ ફેબ્રુઆરીના રોજ ન્યુ ફ્રેન્ડ્સ કોલોનીમાં રહેતા ૮૬ વર્ષીય નિવૃત્ત વરિષ્ઠ આર્કિટેક્ટ આર.સી. સભરવાલના ઘરે પોલીસ ગણવેશમાં સજ્જ ત્રણ વ્યક્તિઓ ઘૂસી આવ્યા હતા. તેમણે પોતાની ઓળખ ઈડીના અધિકારી તરીકે આપી હતી. લૂંટારુઓએ પરિવારના સભ્યોના મોબાઈલ જપ્ત કરી લીધા અને ઘરની તપાસ કરવાનું નાટક કર્યું હતું. જોકે, વૃદ્ધના પૌત્રે વચ્ચે દખલગીરી કરતા લૂંટારુઓ અંદાજે ૪ લાખ રોકડા અને સાત લક્ઝરી ઘડિયાળો લઈને ફરાર થઈ ગયા હતા.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**એલસી નં. 4 ના ઈન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર આમંત્રિત સૂચના સંખ્યા: DRM-SnT-ADI-Sig 16 વર્ષ 2025-26** ને આમંત્રણ આપતી સૂચના ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યરત DRM/S અને T ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 16 વર્ષ 2025-26 ને ઈ-ટેન્ડર આમંત્રણ આપે છે. અંતિમ તારીખ 20.03.2026, 15:00 બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી,અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1. કાર્યનું નામ:** અમદાવાદ મંડળમાં કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે કિ.મી.5/8-9 પર એલસી નં. 4 ના ઈન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **૨. કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૧,૪૪,૮૫,૭૦૦.૮૨/- (રૂ. એક કરોડ ચુમ્માલીસ લાખ પંચ્યાસી હજાર સાતસો રૂપિયા અને બ્યાસી પૈસા માત્ર) **૩. અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ. ૨,૨૨,૪૦૦/- (રૂ. બે લાખ બાવીસ હજાર ચારસો માત્ર) **૪. બંધ કરવાની તારીખ અને સમય:** ૨૦.૦૩.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં **૫. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૦.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:30 કલાકે ખુલશે. **૬. ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in ADI 290

અમને લાઈક કરો: facebook.com/WesternRly

દેશની મોટી આઈટી કંપનીઓ દ્વારા નવી ભરતી પ્રક્રિયા ધીમી કરાઈ | સાઠ લાખ આઈટી વર્કફોર્સ સામે રિસ્કિલિંગનો કોઈ નક્કર સરકારી પ્લાન નથી

# એઆઈ ખતરો વધતા ભારતના સાઈઠ લાખ કોડરોનું ભવિષ્ય ધૂંધળું

(એજન્સી) અમદાવાદ | તા 26



ભારતના આઈટી જગત પર અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના કાળા વાદળો ઘેરાયા છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પ્રાપ્ત વિગતો અનુસાર, દેશના અંદાજે ૬૦ લાખ કોડરોનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. એક તરફ સરકાર વિદેશી એઆઈ કંપનીઓને ભારતમાં આવવા માટે ૨૦-૨૦ વર્ષના ટેક્સ હોલિડે આપી રહી છે, ત્યારે બીજી તરફ આ ટેકનોલોજીને કારણે બેરોજગાર થનારા લાખો યુવાનો માટે કોઈ ચોક્કસ 'બેક-અપ પ્લાન' દેખાઈ રહ્યો નથી. ઓટોમેશનના વધતા વ્યાપને કારણે પરંપરાગત કોડિંગની પદ્ધતિઓ હવે ભૂતકાળ બની રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, એઆઈએ માત્ર કોડિંગ જ નહીં પણ ભારતની ૨૦૦ અબજ ડોલરની સોફ્ટવેર સર્વિસિઝ નિકાસ પર પણ મોટો ખતરો ઉભો કર્યો છે. આ મહાકાય ઉદ્યોગ અત્યાર સુધી લાખો લોકોને રોજગારી પૂરી પાડતો હતો, પરંતુ હવે એઆઈ એજન્ટ્સ ચોવીસ કલાક કામ કરતા હોવાથી માનવ શ્રમની જરૂરિયાત ઘટી રહી છે. ટીસીએસ અને ઈન્ફોસિસ જેવી દિગ્ગજ આઈટી કંપનીઓ એ તો આ બદલાવ સાથે તાદાત્મ્ય સાધવાનું શરૂ કર્યું છે, પરંતુ મધ્યમ અને નાની આઈટી કંપનીઓને એઆઈ સાથે એડજસ્ટ થવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે.

મીડિયા અહેવાલ અનુસાર, ભારત સરકારે વિદેશી એઆઈ કંપનીઓને ભારતમાં તેમના સેન્ટરો સ્થાપવા માટે લાલજાજમ બિછાવી છે. આ કંપનીઓને ૨૦ વર્ષ સુધી ટેક્સમાં રાહત, સસ્તી વીજળી અને પાણી જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. તેમની 'ટોકન ફેક્ટરીઓ' ઈલેક્ટ્રોન્સનું ઈન્ટેલિજન્સમાં રૂપાંતર કરશે, જેનાથી એઆઈ કામગીરી અવિરત ચાલતી રહેશે. જોકે, ટીકાકારોનું માનવું છે કે સરકારે આ સુવિધાઓની સાથે ૬૦ લાખ કોડરોના રિસ્કિલિંગ (પુનઃ કૌશલ્ય વિકાસ) માટે કોઈ જવાબદારી નક્કી કરી નથી. વાસ્તવિકતા એ છે કે ૬૦ લાખ જેટલા વિશાળ વર્કફોર્સને રાતોરાત નવી ટેકનોલોજી શીખવવી અશક્ય છે. નિષ્ણાતોના મતે, સરકારે એઆઈના કારણે સોફ્ટવેર ઉદ્યોગમાં આવનારા પડકારોને તકમાં કેવી રીતે બદલવા તેનો કોઈ સ્પષ્ટ રોડમેપ તૈયાર કર્યો નથી. વર્તમાન પરિસ્થિતિમાં કંપનીઓ પોતાની નવી ભરતી પ્રક્રિયા અટકાવી રહી છે અથવા ધીમી કરી રહી છે. હવે કોડરોએ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે જાતે જ ઝઝૂમવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે, કારણ કે સરકારે આ જવાબદારી જે તે કંપનીઓના માથે નાખી દીધી છે. વિદેશી એઆઈ કંપનીઓને વિચાર્યા વગર અપાતા આમંત્રણો ભવિષ્યમાં અનેક સામાજિક અને આર્થિક સમસ્યાઓ ઉભી કરી શકે છે. જો ભારતના આઈટી એન્જિનિયરો સમયસર નવી ટેકનોલોજી સાથે અનુકૂલન નહીં સાધી શકે, તો દેશમાં બેરોજગારીનો મોટો વિસ્ફોટ થવાની ભીતિ છે. ભારત સરકારે હવે ઉદ્યોગના પડકારોને સમજીને વહેલી તકે નીતિ વિષયક ફેરફારો કરવાની જરૂર છે જેથી આ ૬૦ લાખ પરિવારોનું ભવિષ્ય સુરક્ષિત કરી શકાય.

સિટી એક્સપ્રેસ
FRIDAY 27 FEBRUARY-2026
AHMEDABAD

## પાક.બોર્ડરથી પંજાબમાં હેરોઇન-હેન્ડ ગ્રેનેડ સપ્લાય કરતો શખસ ઝડપાયો

અમદાવાદ | ગુજરાત ATSએ પાકિસ્તાન બોર્ડરથી હેરોઈન અને હેન્ડ ગ્રેનેડ તથા પિસ્તોલ પંજાબમાં સપ્લાય કરતા રહેમત અલી નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપી અમૃતસરના કેસમાં એક મહિનાથી ફરાર થઈ ગયો હતો. તે બિહાર થઈને અમદાવાદ આવી ગયો હતો. આરોપી અમદાવાદના રખિયાલમાં રોકાયો હતો અને એમ્બ્રોઈડરીના કારખાનામાં કામ કરવાનો હતો. ATSએ આરોપીની ધરપકડ કરી પંજાબ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.આ અંગે ગુજરાત એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને બાતમી મળી હતી.

## બોર્ડની પરીક્ષામાં ધો.10ના વિદ્યાર્થીઓની મહિલા સુપરવાઈઝર પર અભદ્ર કોમેન્ટ

રાજકોટમાં બોર્ડની પરીક્ષા દરમિયાન ઉત્કર્ષ સ્કૂલ વિવાદમાં આવી છે. અહીં પરીક્ષા આપી રહેલા ધોરણ 10ના વિદ્યાર્થીની હોલ ટિકિટમાં નિરીક્ષક દ્વારા સહી કરવામાં આવી નથી. જેનું કારણ વિદ્યાર્થી દ્વારા એ આપવામાં આવી રહ્યું છે કે, અહીં પરીક્ષા આપતા અન્ય માથાભારે વિદ્યાર્થીઓ દ્વારા ચાલુ પરીક્ષાએ અંદરો અંદર વાતચીત કરવામાં આવતી હતી અને મહિલા નિરીક્ષક અંગે અભદ્ર કોમેન્ટ કરવામાં આવતી હતી.સ્કૂલના પ્રિન્સિપાલ કે નિરીક્ષકના કંટ્રોલમાં તે વિદ્યાર્થીઓ ન હતા અને તેને કારણે મારું પેપર લખવાનું છૂટી ગયું અને નિરીક્ષક દ્વારા મારી હોલ ટિકિટમાં સહી પણ કરવામાં નથી આવી.



### પગાર વધારાની માંગ સાથે આર્સેલર મિત્તલ-નિપ્પોનના પ્લાન્ટમાં ભારેલો અગ્નિ, લાઠીચાર્જ-ટીયરગેસના શેલ છોડાયા, DCP ઈજાગ્રસ્ત

# જીરામાં L&Tના 5000 કોન્ટ્રાક્ટ કર્મચારીઓનું તોફાન, વાહનો સળગાવ્યા

સુરત | પાણીપતમાં એલએન્ડટીના કર્મચારીઓના ચાલી રહેલા વિવાદના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ આજે હજીરામાં કામ કરતા એલએન્ડટીના 5000 જેટલા કોન્ટ્રાક્ટના કર્મચારીઓ તોફાને ચઢ્યા હતા.

હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ પ્લાન્ટમાં કામ કરતા એલ એન્ડ ટીના કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ પગાર વધારાની માગ સાથે હોબાળો શરૂ કર્યો હતો. શરૂઆતમાં કર્મચારી-કામદારોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ, વિરોધ ગણતરીની મિનિટોમાં જ દાવાનળની જેમ ફેલાયો હતો. તોફાને ચડેલા કર્મચારીઓએ કંપનીમાં રહેલા વાહનોમાં તોડફોડ અને આગ લગાડવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ ઓફિસોમાં પણ તોડફોડ કરી હતી. સ્થિતિ વિકટ બનતા જ સુરત પોલીસના ધાડેધાડા કંપની પર પહોંચ્યા હતા.

તોફાને ચડેલા કર્મચારીઓને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ અને 40 જેટલા ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. હાલ પોલીસ સ્થિતિ પર સંપૂર્ણ કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીના નિર્માણધીન નવા પ્લાન્ટમાં આજે વહેલી સવારે સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની હતી, જ્યારે 5000થી વધુ કર્મચારીઓ એકાએક વિફર્યા હતા. આ આક્રોશ પાછળનું મુખ્ય કારણ પગાર વધારાની લાંબા સમયથી પડતર માંગણીઓ અને કામના કલાકોમાં કરવામાં આવેલો વધારો હોવાનું જાણવા મળ્યું છે.





### પ્લાન્ટના કામકાજને અટકાવી દીધું |

પોતાની માંગણીઓ સંતોષાય તે માટે શ્રમિકોએ ભારે સૂત્રોચ્ચાર કરીને પ્લાન્ટના કામકાજને અટકાવી દીધું હતું, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. શ્રમિકોનો ગુસ્સો એટલી હદે વકર્યો હતો કે તેઓએ કંપનીની મિલકતોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. આ હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન કંપનીની ત્રણ ફાયર ફાઈટર ગાડીઓમાં તોડફોડ કરી તેને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. એટલું જ નહીં, ઉશ્કેરાયેલા ટોળાએ ચાર જેટલા બાઈકને આગને હવાલે કરી દીધા હતા. પ્લાન્ટના સુરક્ષા કવચ સમાન એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પ્રવેશ માટેના અત્યાધુનિક મશીનોને તોડીને કચડી નાખવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ભીડને વિખેરવા માટે પોલીસ દ્વારા 40થી વધુ ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા. આ હિંસક તોડફોડ અને કાયદો-વ્યવસ્થાના ભંગ બદલ પોલીસે અત્યાર સુધીમાં 25થી વધુ શ્રમિકોની અટકાયત કરી છે. હાલમાં પ્લાન્ટમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને મામલો શાંત પાડવા માટે કંપનીના સત્તાધીશો અને શ્રમિક પ્રતિનિધિઓ વચ્ચે વાતચીતના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.


## 'સમજી-વિચારીને ઘડેલું કાવતરું છે', ગુજરાત યુનિવર્સિટી તોડફોડ કાંડ મામલે કુલપતિ લાલઘૂમ

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ ભવનમાં થોડાક દિવસો પહેલા NSUI દ્વારા કરવામાં આવેલી તોડફોડના મામલે કુલપતિએ આક્રમક વલણ અપનાવ્યું છે. કુલપતિએ આ ઘટનાને યુનિવર્સિટીની છબી ખરડવા માટેનું કાવતરું ગણાવ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે શૈક્ષણિક સંકુલમાં આવી અરાજકતા ચલાવી લેવામાં આવશે નહીં અને જવાબદારો સામે કાયદાકીય તેમજ શિસ્તભંગના કડક પગલાં ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, અટલ કલામ ભવનમાં આયોજિત એક પ્રદર્શનમાં 16મી ફેબ્રુઆરીથી વિવિધ ન્યૂઝ પેપરના કટિંગ્સ સહિત સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહાનુભાવોના ઐતિહાસિક પત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન 16થી 23 ફેબ્રુઆરી સુધી શાંતિપૂર્ણ રીતે ચાલ્યું હતું. આ દરમિયાન કોઈ પણ વિદ્યાર્થી સંગઠન કે NSUI તરફથી કોઈ વિરોધ કે રજૂઆત કરવામાં આવી નહોતી. જોકે, 23મી ફેબ્રુઆરીએ અચાનક NSUIના કાર્યકર્તાઓ અને નેતાઓએ કોઈ પણ પૂર્વ સૂચના વગર કે વાતચીત કર્યા વગર પ્રદર્શનમાં તોડફોડ કરી પોસ્ટરો અને મટિરિયલ ફાડી નાખ્યું હતું. કુલપતિએ વધુમાં જણાવ્યું હતું કે, આ તોડફોડ કોઈ આવેશમાં આવીને કરેલું કૃત્ય નથી પરંતુ સમજી-વિચારીને ઘડાયેલું કાવતરું હતું. એક ધર્મ પર વાણી દ્વારા પ્રહાર કરવાના આક્ષેપો પણ સામે આવ્યા છે.

### 6.25 કિ.મી. લાંબી નગરયાત્રામાં મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉમટ્યાં હતા

## નગરદેવી ભદ્રકાળીની નગરયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં યાત્રા પૂર્ણ : મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યા




અમદાવાદ | અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીની આજે એટલે કે 26 ફેબ્રુઆરીના રોજ સવારે ભવ્ય નગરયાત્રા નીકળી હતી. મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ પહિંદ વિધિ કરી નગરયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ નગરયાત્રામાં માતાજીનો રથ, નાસિક ઢોલ, અખાડાના કલાકારો, ભજન મંડળીઓ અને મોટી સંખ્યામાં વાહનોનો કાફલો જોડાયો હતો. આ નગરયાત્રા હવે નિજ મંદિરે પરત ફરી છે અને યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. ઉલ્લેખનીય છે કે, 26 ફેબ્રુઆરી અમદાવાદનો સ્થાપના દિવસ છે.

6.25 કિ.મી. લાંબી નગરયાત્રામાં મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉમટ્યાં હતા, ત્યારે આ પવિત્ર અવસરે શહેરમાં ટ્રાફિકજામ ન થાય અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

યાત્રાના રૂટ પરના અનેક રસ્તાઓ વાહનો માટે બંધ રહેશે અને વાહન વ્યવહાર સુચારુ ચાલુ રાખવા વૈકલ્પિક રૂટ પણ જાહેર કરવામાં આવ્યો છે. નગરયાત્રાને લઈ સવારના 7 વાગ્યાથી યાત્રા પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક નિયમો લાગુ રહેશે. આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર સામે BSNની કલમ 223 અને ગુજરાત પોલીસ અધિનિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ભીડનો લાભ લઈ ગઠિયાએ વકીલનો મોબાઈલ સેરવી લીધો

### SP રીંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે એકત્ર થયેલા ટોળામાં ઘૂસી ચોરીને અંજામ આપ્યો...



(એજન્સી) અમદાવાદ | તા.26

એસ.પી.રીંગ પર આવેલી હોટલ હિલ્લોક પાસે ડિવાઈડર કટ બંધ કરી દેવા મામલે એકત્રિત થયેલા ટોળામાં ચોર પણ ઘુસી આવ્યા હતા.લોકોનું ટોળુ જોઈને આવેલા એક વકીલના ખીસામાંથી ગઠીયાએ મોબાઈલ ચોરી લીધો હતો.વકીલે આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઝુંડાલ ખાતે આવેલા તુલસી સ્ટેટસમાં રહેતા જસ્મીન દવેએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીની ફરિયાદ કરી છે. જસ્મીન દવે સંયુક્ત પરિવારમાં રહે છે અને ધોળકા મામલતદાર કચેરીમાં વકીલ તરીકે ફરજ બજાવે છે. 26 દિવસ પહેલા જસ્મીન દવેએ મોબાઈલ ખરીદયો હતો જે ચોરી થઈ ગયો છે. 21 ફેબ્રુઆરીએ જસ્મીન દવે ઘરે ચાલતા ચાલતા જઈ રહ્યા હતા ત્યારે હિલ્લોક હોટલ પાસે કેટલુક ટોળુ ઉભુ હતું અને રસ્તો બંધ કરી દીધો હતો. જસ્મીન દવેએ ભીડમાં એન્ટ્રી મારી હતી અને બબાલ શું થઈ છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો.

### વકીલે ચાંદખેડા પોલીસમાં ફરિયાદ નોંધાવી

દરમિયાનમાં જસ્મીન દવેના ખીસામાંથી કોઈએ મોબાઈલ ફોન ચોરી લીધો હતો. જસ્મીન દવે ટોળાની બહાર આવ્યા ત્યારે તેમનો મોબાઈલ ફોન ગાયબ હતો જેથી તેમને શોધવાનો પ્રયાસ કર્યો હતો. રાહદારીનો મોબાઈલ લઈને જસ્મીને તેમના મોબાઈલ પર રિંગ મારી હતી.

કોઈ ફોન ઉપાડ્યો નહી અને ત્યારબાદ એકા એક ફોન સ્વીચઓફ થઈ ગયો હતો.ટોળામાં ચોર ઘુસ્યો હતો અને જસ્મીન દવેના ખીસામાંથી મોબાઈલ ફોનની ચોરી કરીને જતો રહ્યો હતો. જસ્મીન દવેએ આ મામલે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

## ભરતી : ફિઝિકલમાં PSI કેડરના 1.10 લાખ ઉમેદવારો ક્વોલિફાય : LRDની ફિઝિકલ 13 માર્ચ સુધી ચાલશે

ગુજરાત | ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયા મુજબ પી.એસ.આઈ. કેડર અને લોકરક્ષક કેડરના વર્ગમાં રાજ્યભરમાં મોટી સંખ્યામાં ઉમેદવારો શારીરિક કસોટીમાં જોડાયા છે. PSI કેડર માટેની ફિઝિકલ ટેસ્ટ પૂર્ણ થતા 1.10 લાખ ઉમેદવારોનું ક્વોલિફાય લિસ્ટ જાહેર કરાયું છે.

જ્યારે LRD કેડરની ફિઝિકલ ટેસ્ટ 13 માર્ચ સુધી ચાલવાની હોય ત્યારબાદ ક્વોલિફાય લીસ્ટ આવશે. PSI કેડરના ક્વોલિફાય થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા સંભવિત 19 એપ્રિલે યોજાઈ શકે છે.

કસોટી પૂર્ણ થયા બાદ પી.એસ.આઈ. તેમજ લોકરક્ષક બંને માટે નોંધાયેલા કુલ 3,93,558 ઉમેદવારોની શારીરિક કસોટી હાથ ધરવામાં આવી હતી. તેમાંમાંથી 1,10,665 ઉમેદવારો શારીરિક પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા છે. પાસ થયેલા ઉમેદવારોમાં 74,591 પુરુષ અને 36,074 મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ભરતી બોર્ડ દ્વારા આજે જ પરિણામ સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. હવે શારીરિક કસોટીમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારો માટે લેખિત પરીક્ષા આવનાર તા. 19 એપ્રિલ, 2026ના રોજ યોજાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયામાં આ વખતે ભવ્ય પ્રતિસાદ જોવા મળ્યો છે, જેના કારણે સ્પર્ધા વધુ કઠિન બનવાની શક્યતા છે. ઉમેદવારો હવે લેખિત પરીક્ષા માટે તૈયારીમાં લાગી ગયા છે.

## મંત્રી-MLAનું માન-સન્માન ન જાળવનારા અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવશે

ગાંધીનગર | ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી મંત્રીઓ અને ધારાસભ્યોને સરકારી અધિકારીઓ ગાંઠતા ન હોવાની અને જિલ્લાના પ્રવાસ દરમિયાન માન સન્માન ન જળવાતું હોવાની ફરિયાદો ઉઠી હતી. સરકારે આ બાબતને ગંભીરતાથી લઈ લેખિત પરિપત્ર કર્યો છે. પરિપત્રની સૂચનાઓનો ભંગ કરનાર સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાનો પણ ઉલ્લેખ કરાયો છે.

રાજ્યમાં લોકપ્રતિનિધિઓના માન-સન્માન અંગે ઉઠતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરી તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ સાંસદ, મંત્રી અને ધારાસભ્યો સહિતના લોકપ્રતિનિધિઓ સાથે વિવેકપૂર્ણ અને સન્માનજનક વર્તન રાખે.સરકારને મળતી રજૂઆતોમાં લોકપ્રતિનિધિઓ સાથે યોગ્ય વ્યવહાર ન થતો હોવાની બાબતો સામે આવતા આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળે છે.

સરકારે ચેતવણી આપી છે કે જો કોઈ અધિકારી અથવા કર્મચારી દ્વારા આ સૂચનાઓનું ઉલ્લંઘન થશે તો તેમના સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આ પગલું પ્રશાસનમાં પારદર્શિતા અને સમન્વય વધારવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

રાજકીય વર્તુળોમાં આ પરિપત્રને પ્રજાના હિતમાં લેવાયેલો નિર્ણય ગણાવવામાં આવી રહ્યો છે. લોકપ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર વચ્ચે સુમેળ જળવાશે તો પ્રજાના પ્રશ્નોનો ઉકેલ વધુ ઝડપથી આવી શકશે એવી આશા વ્યક્ત થઈ રહી છે.

## અમદાવાદમાં પોલીસ અધિકારીઓની ઓફિસ એરકન્ડિશન્ડ, ને ચોકીઓ ભાડાના જૂના મકાનમાં

અમદાવાદ | કોમનવેલ્થ ગેમ્સની મંજૂરી પછી અમદાવાદ ઓલિમ્પિક સિટી બને તેવા સપનાં સાથે તૈયારીઓના દાવા થઈ રહ્યાં છે. ત્યારે વિધાનસભામાં એક પ્રશ્નના જવાબની ચર્ચા છે. અમદાવાદમાં પોલીસ અધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસોમાં બિરાજમાન છે, પરંતુ પોલીસ ચોકીઓ ભાડાંના જૂના મકાનોમાં બેસે છે. શહેરની 11 પોલીસ ચોકી, એક પોલીસ સ્ટેશન અને એક એસીપી ઓફિસ ભાડાના મકાનોમાં ચાલી રહી છે. પોલીસ તંત્ર માટે ગુજરાત સરકારના રૂડા-રૂપાળા દાવા વચ્ચે પોલીસને મળતી પાયાની સુવિધાઓની સ્થિતિ દયનીય છે.

અમદાવાદ શહેરમાં કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે કુલ 49 પોલીસ સ્ટેશન અને 14 ટ્રાફિક પોલીસ સ્ટેશન કાર્યરત છે. અતિ આધુનિક અને સુવિધાસભર સી. પી. ઓફિસમાં પોલીસ કમિશનર, સંયુક્ત પોલીસ કમિશનરોની એરકન્ડિશન્ડ ઓફિસો છે. શહેરના ટ્રાફિક સહિત 10 ડીસીપી અને 20 જેટલા એસીપીની કચેરીઓ ઉપરાંત મોટાભાગના પી.આઈ.ની ઓફિસો પણ એરકન્ડિશન્ડ અને સુવિધાપૂર્ણ છે.

## કારમાં વાછરડાની ચોરી : પૂજારીએ બૂમાબૂમ કરતા એક વાછરડું લઈ નાસી છુટ્યાં

ગાંધીનગર | રાજ્યમાં ગૌવંશની સુરક્ષાના દાવાઓ વચ્ચે વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સરકારે સત્તાવાર સ્વીકાર કર્યો છે કે છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાંથી કુલ 43,604 કિલો ગૌમાંસ અને 1272 કિલો ગૌવંશનું માંસ ઝડપાયું છે. બીજી તરફ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પશુચોર ટોળકીઓ બેફામ બની લક્ઝુરિયસ કારમાં પશુઓની ચોરી કરી રહી હોવાની ઘટનાઓએ માઝા મૂકી છે. ગઈકાલે મધરાતે અડાલજ પાસેના શનિદેવ મંદિર સામે લક્ઝુરિયસ કારમાં આવેલી ગેંગ વાછરડાની ચોરી કરી ફરાર થઈ જતા સીસીટીવીમાં કેદ થયા છે.

વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સરકારે સત્તાવાર સ્વીકાર કર્યો છે કે, છેલ્લા બે




વર્ષમાં ગુજરાતમાંથી કુલ 43,604 કિલો ગૌમાંસ અને 1272 કિલો ગૌવંશનું માંસ ઝડપાયું છે. આ ગુનાઓમાં અત્યાર સુધીમાં 1235 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 107 જેટલા શખ્સો હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાનું સામે આવ્યું છે. તો બીજી તરફ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પશુચોર ટોળકીઓ બેફામ બની લક્ઝુરિયસ કારમાં પશુઓની ચોરી કરી રહી હોવાની ઘટનાઓએ સ્થાનિકોમાં ભારે રોષ જગાવ્યો છે.

થોડા દિવસો અગાઉ ગાંધીનગર-મહેસાણા હાઈવે પર પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરી રહેલું એક પિકઅપ ડાલું અચાનક પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. આ ડાલામાં લાકડાના પાટિયા વડે બે માળ બનાવીને 27 જેટલા પાડા-પાડીઓને અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવામાં આવી રહ્યા હતા. અકસ્માતમાં 6 અબોલ પશુઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. આ બનાવ બાદ ગૌરક્ષકો અને વાહનના ચાલક વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું, જેના પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

### તસ્કરોએ વાછરડાઓને ગાડીમાં ભરવાનું શરૂ કર્યું

આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં પશુચોર ગેંગે ફરી એકવાર આ જ વિસ્તારમાં પોલીસને પડકાર ફેંક્યો છે. અડાલજ શનિદેવ મંદિરની સામે ગઈકાલે રાત્રિના સમયે આરામ કરી રહેલી ગાયો અને વાછરડાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. એક સફેદ કલરની લક્ઝુરિયસ કારમાં આવેલા તસ્કરોએ વાછરડાઓને ગાડીમાં ભરવાનું શરૂ કર્યું હતું. જેના લીધે પશુઓના કરુણ આક્રંદ અને ચીસો સાંભળીને મંદિરના પૂજારી જાગી ગયા હતા.

આ દ્રશ્ય જોઈ પૂજારીએ બૂમાબૂમ કરતા તસ્કરો ગભરાઈ ગયા હતા, પરંતુ એક વાછરડું કારમાં ભરી પૂરપાટ ઝડપે નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. ત્યારે પાટનગરના ઉંબરે જ પશુચોરો લક્ઝુરિયસ કાર લઈને પશુઓની ચોરી કરવા નીકળતા હોવાની ઘટનાથી હિન્દુ સંગઠનો અને સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...